Printed by M. N. Kulkarni, at the Karnatak Printing Press,
318 A, Thakurdwar, Bombay.

Published by Shah Venichand Surchand for Shree Agamodaya Samiti
at the Office of Sheth Devchand Lalbhai Jain Pustakoddhar Fund,
114/116 Javeri Bazar, Bombay.

શ્રીભક્તામર-સ્તોત્રની પાદ-પૂર્તિરૂપ

કાવ્ય-સંગ્રહનો પ્રથમ વિભાગ.

ઉપાધ્યાય શ્રીધર્મવર્ધનગણિકૃત વીર-ભક્તામર

તથા

શ્રીભાવપ્રભસૂરિકૃત નેમિ-ભક્તામર

તેમજ પરિશિષ્ટ તરીકે

શ્રીભક્તામર-સ્તોત્ર તથા શ્રીગિરિનાર-ગિરીશ્વર-કલ્પ.

સંશોધન, ભાષાન્તર તથા વિવેચન કરનાર
પ્રો૦ હીરાલાલ રસિકદાસ કાપડિયા, એમ. એ.,
ન્યાયકુસુમાંજલિ તથા શૃંગાર-વૈરાગ્ય-તરંગિણીના અનુવાદક.

પ્રસિદ્ધ કર્તા—
શ્રીઆગમોદયસમિતિ તરફથી
શાહ વેણીચંદ સૂરચંદ, મુંબાઇ.

[વિક્રમ સંવત ૧૯૮૨]
પ્રથમ આવૃત્તિ—પ્રતિ ૧૨૫૦
વીર સંવત ૨૪૫૨
મૂલ્ય રૂ. ૩-૦-૦
[ઇ. સ. ૧૯૨૬

સર્વ હક્ક શ્રીઆગમોદયસમિતિના સેક્રેટરી અને ભાષાન્તરકર્તા પ્રો. હી. ર. કાપડિયાને આધીન છે

શાહ વેણીચંદ સુરચંદે શ્રીમતી આગમોદયસમિતિ માટે
નં. ૧૧૪/૧૧૬ ઝવેરી બજાર મુંબાઈની શેઠ દેવચંદ
લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડની
ઑફિસમાંથી પ્રસિદ્ધ કર્યું.

છાપનાર-મંગેશ નારાયણ કુલકર્ણી, કર્ણાટક પ્રેસ, ૩૧૮ એ, ઠાકુરદ્વાર, મુંબઈ.



શ્રીમદ્વિજયાનન્દસૂરીશ્વરના પટ્ટધર શ્રીમદ્વિજયકમલસૂરિરાજના
પ્રથમ પટ્ટધર જ્યોતિઃશાસ્ત્રવિશારદ શ્રીવિજયદાનસૂરિનો

અભિપ્રાય.

"શ્રીવીરભક્તામર, નેમિભક્તામર એ વિગેરે તો પ્રાચીન પુરૂષોની કૃતિઓ રહી એટલે તેને માટે તો કહેવાપણુંજ શું હોય ! મૂળ ભક્તામરનું છેલ્લું એક એક પદ લઇને તેની સાથે પોતાનાં ત્રણ પાદ રચી પાદપૂર્તિ કરવી અને અભિધેય અર્થના એકતારમાં જરાય ત્રુટી આવવા ન દેવી એ તો તે કાળની શાસન-રસિક કાવ્ય-કુશળતાની એક પરાકાષ્ઠાજ કહેવાય. કહેવાની જરૂર નથી કે વાંચનાર આ કાવ્યોના પ્રત્યેક શ્લોકમાં કંઇ અસામાન્ય વિદ્વત્તા, આલંકારિક અર્થ-ગૌરવ અને અપૂર્વ કાવ્યરસ રહેલો જોઇ શકશે.

આ કાવ્યોનું ભાષાંતર થવાથી ગુજરાતી વાંચનારાઓ તેનો સંપૂર્ણ લાભ લઇ શકશે એ નિઃસંશય છે. ભાષાંતરોમાં જે કેટલીક વખત મૂળની ઝમક તુટી જવાની અને પોતાની મતિને અનુસરતી ધાલમેલ કરવાની ફરિયાદો થાય છે તે આ ભાષાંતરમાં દૂર થયેલી જોઇ શકાય છે. એનો શબ્દાર્થ, શ્લોકાર્થ, ભાવાર્થ, સ્પષ્ટીકરણ, વિવેચન ને ટિપ્પણ વિગેરે કરવામાં ભાષાંતરકાર ભાઇ હીરાલાલે સારો પ્રયાસ કર્યો છે અને વાંચકોને રસ ઉપજાવવા સાથે બહોળું જ્ઞાન આપ્યું છે. ભાષા પણ સીધી, સાદી અને સરળ વાપરી છે. જે સૂત્રાદિ વાંચવાનોજ શ્રાવકોને નિષેધ છે તેનું ભાષાંતર કરવાની નિષિદ્ધ દિશામાં ગમન કરવાને આજ જેઓ પ્રેરાય છે તેને બદલે તેઓ, આ કાવ્યોના ભાષાંતરથી જો શાસ્ત્રશૈલી પ્રમાણે જોતાં યોગ્ય ભાષાંતરોજ કરીને જૈન સાહિત્યની સાચી સેવા બજાવવા પ્રેરાય અને સંસ્કૃત ભાષાના અનભિજ્ઞો જો સંસ્કૃત ભાષાનો અભ્યાસ કરી યથાર્થ રસ લેતાં શીખે તો તે તદ્દન ઇચ્છવા યોગ્ય છે. આવાં જુનાં ચમત્કારી અને વિશેષ લોકોપકારક ગદ્યપદ્ય (અનુમત) સાહિત્યને લોક ભાષામાં બહાર લાવવા માટે જે પુસ્તકોદ્ધાર સંસ્થા તરફથી ભાઇ જીવણચંદ આદિના પ્રયાસો થાય છે તે સાર્થક છે. સમ્યગ્-જ્ઞાનપ્રચારાદિના કારણે આવાં ભાષાંતરો હિંદી વિગેરે દરેક ભાષામાં ખાસ કાળજી અને આધાર નીચે થાય એ જરૂરનું છે."

અમદાવાદ,
ક્રમ સંવત્ ૧૯૮૨
ત્ર શુદ ૪, શુક્રવાર

વિજયદાનસૂરિ



વિષયાનુક્રમણિકા



વિષયાંક	વિષય	પૃષ્ઠાંક
૧	શ્રીવિજયકમલસૂરીશ્વરના શિષ્ય-રત્ન જ્યોતિઃશાસ્ત્રપારંગત શ્રીવિજય-દાનસૂરિનો અભિપ્રાય.	૫
૨	આમુખ	૭-૯
૩	પ્રસ્તાવના....	(૧)-(૨)
૪	ઉપોદ્‌ઘાત....	(૩)-(૧૦)
૫	વિષય-સૂચી	(૧૧)-(૧૩)
૬	શુદ્ધિ-પત્ર	(૧૪)-(૧૫)
૭	ઉપાધ્યાય શ્રીધર્મવર્ધનગણિકૃત વીર-ભક્તામર	૧-૧૦
૮	શ્રીભાવપ્રભસૂરિકૃત નેમિ-ભક્તામર	૧૧-૧૮
૯	વીર-ભક્તામર સ્વોપજ્ઞ ટીકા, અન્વય, શબ્દાર્થ, શ્લોકાર્થ અને સ્પષ્ટીકરણ સહિત.	૧-૯૨
૧૦	નેમિ-ભક્તામર સ્વોપજ્ઞ ટીકા, અન્વય, શબ્દાર્થ, શ્લોકાર્થ અને સ્પષ્ટીકરણ સહિત.	૯૩-૧૬૪
૧૧	શ્રીમાનતુંગસૂરિકૃત ભક્તામર-સ્તોત્ર	૧૬૫-૧૭૩
૧૨	શ્રીધર્મઘોષસૂરિકૃત ગિરિનાર-ગિરીશ્વર-કલ્પ તેમજ તેનો અનુવાદ	૧૭૫-૧૮૦
૧૩	સ્પષ્ટીકરણમાં સાધનરૂપ ગ્રન્થોની સૂચી	૧૮૧-૧૮૩
૧૪	શ્રીઆગમોદય સમિતિ તરફથી બહાર પડેલા ગ્રન્થોની યાદી (ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં)	૧૮૫-૧૮૯
૧૫	શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી બહાર પડેલ ગ્રન્થોની યાદી (ગુજરાતીમાં તથા અંગ્રેજીમાં)	૧૯૦-૧૯૭



શ્રીપાર્શ્વનાથાય નમઃ

આમુખ

શ્રીમદ્‌માનતુંગ સૂરિએ ચમત્કારિક શ્રીભક્તામરસ્તોત્ર રચ્યું છે. આ સ્તોત્ર શ્વેતાંબર અને દિગંબર બન્ને સંપ્રદાયને અતિમાન્ય હોવાથી તેના ઉપર જેટલી ટીકાઓ ઉપલબ્ધ થાય છે, તેટલી બીજાં સ્તોત્રો ઉપર જોવામાં આવતી નથી તેમજ એની પાદપૂર્તિરૂપ કાવ્યો જેટલાં દૃગ્ગોચર થાય છે તેટલાં બીજાં સ્તોત્રોના સમસ્યારૂપ કાવ્યો જોવામાં આવતાં નથી. આ ઉપરાંત આ કાવ્યની વિશેષ ખૂબી તો એ છે કે આના દરેક શ્લોકને લગતાં જૂદાં જૂદાં યન્ત્રો અને મન્ત્રો પણ ઉપલબ્ધ છે.

જૈનોના મોટા ભાગનું મન્તવ્ય એવું છે કે—"ભક્તામરના અંત સિવાયના ચરણો ઉપર પણ સમસ્યારૂપ કાવ્યો રચાયેલાં છે." પરંતુ અમારી પૂરતી તપાસમાં અમને આવાં કાવ્યો પ્રાપ્ત થયાં નથી, પણ માત્ર અંતિમ ચરણની પાદપૂર્તિરૂપ ૭ કાવ્યો ઉપલબ્ધ થયાં છે (એની વિશેષ વિગત માટે ૨૭ મું પૃષ્ઠ જુઓ) જેમાંથી આ ગ્રંથમાં ઉપાધ્યાય શ્રીધર્મવર્ધનગણિવિરચિત વીરભક્તામર તથા શ્રીભાવપ્રભસૂરિકૃત નેમિભક્તામર એમ બે સમસ્યા-કાવ્યો તેમજ પરિશિષ્ટમાં મૂલ ભક્તામર અને અનુવાદસહિત ગિરનારકલ્પ પાઠકવર્ગ સમક્ષ રજુ કરતાં અમોને પરમ આહ્‌લાદ થાય છે.

આના બીજા વિભાગમાં શ્રીધર્મસિંહસૂરિવિરચિત સરસ્વતીભક્તામર અને મુનિવર્ય શ્રીકીર્તિવિમલકૃત શાન્તિભક્તામર છપાવવા શરૂ થયેલાં છે, જ્યારે ત્રીજા વિભાગમાં ઉપાધ્યાય શ્રીસમયસુન્દરગણિકૃત ઋષભભક્તામર અને મુનિરાજ શ્રીરત્નસિંહકૃત નેમિભક્તામર (પ્રાણપ્રિય કાવ્ય) પ્રસિદ્ધ કરવાનો પ્રબન્ધ આદરવામાં આવ્યો છે.

આ પ્રથમ વિભાગમાં પ્રસિદ્ધ કરેલા સટીક કાવ્યો અગાઉ શ્રીયશોવિજયજી જૈન પાઠશાળા (મહેસાણા) તરફથી બહાર પડ્યાં હતાં જેનો ઉપયોગ કરવાની શેઠ વેણીચંદ સૂરચંદ, સેક્રેટરી શ્રીયશોવિજયજી જૈન પાઠશાળાએ અમને રજા આપી હતી. એ ઉપરથી અમે વીરભક્તામર બીજી હસ્તલિખિત પ્રતિના અભાવે તૈયાર કરાવ્યું છે અને તે માટે અમે એ સંસ્થાના ઋણી છિયે.

નેમિભક્તામરની હસ્ત-લિખિત પ્રતિ અમોને મુનિરાજ હંસવિજયજી તરફથી મળી હતી જે બદલ એઓશ્રીના પણ અમે ઋણી છિયે.

આ અમૂલ્ય ગ્રંથનું સંશોધનાદિક કાર્ય સુરતવાસ્તવ્ય, પરમ જૈનધર્માવલંબી તેમજ શ્રીમદ્ વિજયાનન્દસૂરીશ્વર (આત્મારામજી મહારાજ) અને મુનિરાજ શ્રીહર્ષવિજયને ગુરુ તરીકે પૂજનારા અને તેઓશ્રીના પાદસેવનથી જૈનધર્મના તીવ્ર અનુરાગી સ્વર્ગસ્થ રા. રસિકદાસ વરજદાસ કાપડિયાના જ્યેષ્ઠ પુત્ર પ્રોફેસર હીરાલાલ રસિકદાસ એમ. એ. દ્વારા કરાવવામાં આવ્યું છે. એઓએ પ્રસ્તાવના અને ઉપોદ્‌ઘાતમાં કર્તાઓના જીવન તથા અન્ય સહાયકો વગેરેના સંબંધમાં સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે એટલે તત્સંબંધી અત્રે લખવું અમે ઉચિત ધારતા નથી.

આગમોદયસમિતિ દ્વારા અત્યાર સુધીમાં મોટે ભાગે મૂળ ગ્રંથો બહાર પડતા હતા. પરંતુ સં૦ ૧૯૭૮ ની રતલામની સભામાં ભાષાન્તર આદિ છપાવવાનો ઠરાવ થયેલો હોવાથી તદનુસાર અમે **વિશેષાવશ્યક ભાષાંતર** ૧ લો ભાગ બહાર પાડ્યો હતો અને જેનો ૨ જો ભાગ પણ અમે થોડા સમયમાં બહાર પાડવાના છીએ.

વિશેષાવશ્યકનું ભાષાંતર માત્ર ભાષાંતર તરીકેજ બહાર પાડવાનું બની શક્યું હતું, જ્યારે આ ગ્રંથને જૈન તેમજ જૈનેતર બંનેને અતિ ઉપયોગી થાય તેવી રીતે તૈયાર કરાવવામાં આવ્યો છે.

સંસ્કૃતના અલ્પ અભ્યાસીઓને સુગમતા થઈ પડે તેટલા માટે અન્વય અને શબ્દાર્થ તેમજ જિનસિદ્ધાંતોથી અપરિચિત વર્ગને સહાયભૂત અને સરળતાથી સમજી શકાય તેટલા માટે સ્પષ્ટીકરણ બનતી કાળજી પૂર્વક તૈયાર કરાવ્યાં છે.

અમારા પ્રયાસની સફળતા પાઠક વર્ગની પસંદગી ઉપર તેમજ આ ગ્રન્થના લેવાના લાભ ઉપર રહેલી હોવાથી આ સંબંધે વિશેષ નિવેદન કરવાનું બાકી રહેતું નથી. પરંતુ જો આ પદ્ધતિ વિશેષ ઉપયોગી માલુમ પડશે તો ભવિષ્યમાં આવી પદ્ધતિથી બીજા ગ્રંથો બહાર પાડવા અમારી પ્રબળ ઇચ્છા છે.

આવા ગ્રન્થો સંબંધે કાંઇ ન્યૂનતા આદિ માલુમ પડે, તેમજ બીજી કાંઇ વિશેષ માહિતી દાખલ કરવાની રહી ગયેલી માલુમ પડે તેમજ અન્ય પણ કાંઇ સૂચના કરવાની યોગ્ય લાગે તે જો પાઠકવર્ગ તરફથી અમને જણાવવામાં આવશે તો ભવિષ્યના ગ્રંથોમાં તેવો સુધારો કરવા અવશ્ય બનતું કરીશું. વિશેષમાં ઉપર સૂચવેલી છ પાદપૂર્તિરૂપ કૃતિઓ ઉપરાંતની, વિશેષ પાદપૂર્તિરૂપ કૃતિઓની પ્રતિઓ જેમની પાસે હોય અગર ક્યાં છે તેની માહિતી હોય તે અમને જણાવવામાં આવેથી તે પણ પ્રસિદ્ધ કરવા પ્રયત્ન સેવવામાં આવશે.

અત્યાર સુધીના ગ્રંથો પોથી આકારમાં એટલે સુપર રોયલ સાઈઝમાં ૧૨ પૈજી આકારે બહાર પાડવામાં આવ્યા છે. **વિચારસાર પ્રકરણ**ને ડેમી ૮ પૈજી પુસ્તક આકારે અને **વિશેષાવશ્યક** ભાષાંતરને સુપર રોયલ સાઇઝમાં ૮ પૈજી પુસ્તકાકારે અને અંગ્રેજી ગ્રંથો ક્રાઉન ૧૬ પૈજી પુસ્તકાકારે બહાર પાડવામાં આવ્યા છે, જ્યારે આ ગ્રંથને ક્રાઉન ૮ પૈજી સાઇઝમાં પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે અને એને માટે ૪૮ રતલી ક્રોક્સલી લાયન લેજર (Croxley Lion Ledger) જાતના કાગળો વાપરવામાં આવ્યા છે.

જે **આગમોદય સમિતિ** દ્વારા અપૂર્વ ગ્રન્થો બહાર પડ્યા છે તે સમિતિનો સામાન્ય ઇતિહાસ આપવો એ અસ્થાને લેખાશે નહિ.

સ્થાપના—

આ સંસ્થાની સ્થાપના અમદાવાદ જીલ્લાના વિરમગામ તાલુકાના ભોયણી ગામમાં સંવત ૧૯૭૧ ના મહાશુદ ૧૦ (ઇ. સ. ૧૯૧૫ ની જાન્યુઆરીની ૨૫ મી તારીખે) ને સોમવારે કરવામાં આવી છે. આ ભોયણી ગામની ખ્યાતિ જૈન સમુદાયમાં ઘણી મશહુર છે, કારણકે આ ગામ ૧૯ મા તીર્થંકર શ્રીમલ્લિનાથની યાત્રાનું ધામ છે. પંન્યાસ શ્રીઆનંદસાગર

(આગમોદ્ધારક જૈનાચાર્ય શ્રીઆનંદસાગરસૂરિ)ની સૂચનાથી તથા પંન્યાસ શ્રીઆનંદવિજય (સ્વર્ગસ્થ) પંન્યાસ શ્રીમણિવિજય, પંન્યાસ શ્રીમેઘવિજય (શ્રીવિજયમેઘસૂરિ) અને બીજા જુદા જુદા ગચ્છના અન્ય જૈન સાધુઓ તથા ઘણા જૈન ભાઇઓના અભિપ્રાયથી શેઠ વેણીચંદ સુરચંદ તથા અન્ય ગૃહસ્થોએ આ સંસ્થાની સ્થાપના કરી હતી. તે દિવસ મલ્લિનાથની પ્રતિષ્ઠાનો હોવાથી ઘણા જૈનો તેમજ જૈન સાધુઓ અત્રે એકઠા થયા હતા.

ઉદ્દેશ—

(૧) ગીતાર્થ મુનિરાજ પાસેથી અન્ય મુનિવર્યો આગમોની વાચના લઇ તેનો અભ્યાસ કરી યથાર્થ સદ્બોધ મેળવે તથા (૨) વિદ્વાન્ મુનિરાજોની દૃષ્ટિ હેઠળ શોધાવીને જોઇતી સંખ્યામાં શુદ્ધ પ્રતો છપાવી તેનો પ્રચાર કરી શકાય એ ઉદ્દેશ લક્ષ્યમાં રાખીને આ સંસ્થા સ્થાપવામાં આવી છે.

કાર્ય-સિદ્ધિ—

પહેલા હેતુની પૂર્તિ કરવા માટે પાટણ (ઉત્તર ગુજરાત), (ખેડા જીલ્લામાં) કપડવંજ, અમદાવાદ, સુરત, પાલીતાણા અને (માળવામાં) રતલામમાં આગમોની વાચનાનો પ્રબંધ યોજવામાં આવ્યો હતો. આનો લાભ ઘણા સાધુ-સાધ્વીઓએ લીધો હતો.

બીજા હેતુની પૂર્ણતા માટે આ સંસ્થાએ આગમ વગેરે જૈન ધર્મનાં પુસ્તકો છપાવી બહાર પાડ્યાં છે જેની વિગત અંતમાં રજુ કરવામાં આવી છે.

કાર્યવાહક મંડળ—

આ સંસ્થાના સર્વસાધારણ મંડળમાં ઘણા સભાસદો છે. તેમાં કાર્યવાહક મંડળના સભાસદો નીચે મુજબ છે.

૧. શેઠ વેણીચંદ સુરચંદ મેસાણા
૨. „ મણીલાલ સુરજમલ ઝવેરી પાલણપુર
૩. „ *હીરાલાલ બકોરદાસ રાધનપુર
૪. „ ભોગીલાલ હાલાભાઇ પાટણ
૫. „ કુંવરજી આણંદજી કાપડિયા ભાવનગર
૬. „ ચુનીલાલ છગનલાલ શ્રોફ સુરત
૭. „ કમળશીભાઇ ગુલાબચંદ રાધનપુર
૮. „ જીવણચંદ સાકરચંદ ઝવેરી મુંબાઇ

કાર્યાલયો—

થોડા વખત સુધી આ સંસ્થાની ઑફીસ જ્યાં આગમ વાચનાનું કાર્ય થતું હતું ત્યાં રાખ[વા]માં આવતી હતી ને જરૂર પ્રમાણે બીજા સ્થળે સગવડ માટે ફેરવવામાં આવતી હતી. હમણાં [આ] સંસ્થાની મુખ્ય ઑફીસ મુંબાઇમાં ઝવેરી બજાર નં. ૧૧૪/૧૧૬ ના મકાનમાં રાખવામાં [આ]વેલી છે, જ્યારે આ સંસ્થાની ગ્રન્થોના વેચાણ માટેની શાખા સુરત ગોપીપુરા ઠે૦ દેવચંદ [લાલ]ભાઇની ધર્મશાળામાં રાખેલી છે.

મુંબાઇ,
મહાવીરજન્મજયંતી, સંવત્ ૧૯૯૨
દ્વિતીય ચૈત્ર શુક્લ ૧૩, રવિવાર.

જીવણચંદ સાકરચંદ ઝવેરી,
માનદ સેક્રેટરી.

---

* શ્રીયુત હીરાલાલ બકોરદાસના થયેલા અચાનક અવસાનની નોંધ લેતાં અમોને અત્યન્ત દિલગીરી થાય છે. અમે એઓશ્રીના આત્માને પરમ [illegible] પરમ શાન્તિ મળે એવું ઇચ્છીએ છીએ.



પ્રસ્તાવના

આ પ્રથમ વિભાગમાં શ્રીમાનતુંગસૂરિકૃત ભક્તામર-સ્તોત્રના ચતુર્થ ચરણની સમસ્યારૂપ વીર-ભક્તામર તથા નેમિ-ભક્તામરનો તેમજ અંતમાં પરિશિષ્ટ[1] તરીકે આપેલા મૂળ ભક્તામર-સ્તોત્રનો તથા શ્રીગિરનારકલ્પ તેમજ તેના ભાષાન્તરનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમાંના વીર-ભક્તામરના ભાષાન્તરાદિકનો પ્રારમ્ભ ઇ. સ. ૧૯૨૩ ના નવેમ્બર માસની શરૂઆતમાં કરવામાં આવ્યો હતો, પરંતુ સાંસારિક ઉપાધિઓને લીધે તે કાર્ય હું લગભગ એક વર્ષ સુધી હાથમાં લઇ શક્યો હતો નહિ. ઇ. સ. ૧૯૨૪ ના ડિસેમ્બર માસમાં મેં એ કાર્ય ફરીથી હાથમાં લીધું અને નાતાલની રજા દરમ્યાન તે પૂર્ણ કર્યું એટલુંજ નહિ, પરંતુ મેં નેમિ-ભક્તામર અને દ્વિતીય વિભાગમાં આપવામાં આવનાર સરસ્વતી-ભક્તામરના ભાષાન્તરાદિકની શરૂઆત પણ કરી.

જેમ શ્રીશોભનમુનિવર્યકૃત સ્તુતિ-ચતુર્વિંશતિકાને અંગે પદચ્છેદાત્મક અન્વય, શબ્દાર્થ, શ્લોકાર્થ અને સ્પષ્ટીકરણ તૈયાર કરી તેને સાંગોપાંગ બનાવવા મેં પ્રયાસ કર્યો હતો તેમ આ બે કાવ્ય પરત્વે પણ મેં પ્રયાસ કર્યો છે. પરંતુ અહિંઆ વિશેષતા એ છે કે તે પુસ્તકમાં જેમ પ્રત્યેક પદ્યનું મેં શીર્ષક (મથાળું) તૈયાર કર્યું હતું તેમ મેં અત્ર કર્યું નથી.

વીર-ભક્તામરના સંબંધમાં તો સ્વયં કવિરાજે ઘણે સ્થળે પદ્યોનાં શીર્ષકોનો નિર્દેશ કર્યો છે, કિન્તુ એટલું તો મારે ઉમેરવું પડશે કે ૧લા, ૨જા, ૨૨મા, ૨૬મા અને ૨૭મા તેમજ ૨૯મા થી તે ૩૧મા સુધીનાં અને ૩૯મા પદ્યનાં શીર્ષકોનો કવિરાજે ઉલ્લેખ નહિ કરેલો હોવાથી તે કાર્ય મેં કર્યું છે. આ વાત ધ્યાનમાં આવે તેટલા માટે તેમાં મેં કવિરાજની પદ્ધતિથી અન્ય પદ્ધતિનો ઉપયોગ કર્યો છે.

નેમિ-ભક્તામરમાં તો તેના કર્તા શ્રીભાવપ્રભસૂરિએ ઘણાં પદ્યનું મથાળું બાંધ્યું નથી. પરંતુ આ કાવ્યનો વિષયજ એવો છે કે તેમ કરવું વાસ્તવિક છે. એથી કરીને તો મેં પણ શીર્ષકો તેમજ ઘણી વાર સ્પષ્ટીકરણ પણ આપ્યાં નથી.

વીર-ભક્તામર તૈયાર કરવામાં મને શ્રીયશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા (મહેસાણા) તરફથી પ્રસિદ્ધ થયેલા શ્રીસ્તોત્રરત્નાકર (પ્રથમ ભાગ) એ નામના પુસ્તક સિવાય અન્ય કોઇ સાધન મળ્યું નથી, પરંતુ નેમિ-ભક્તામર તૈયાર કરવામાં તો આ પુસ્તક ઉપરાંત સ્વર્ગસ્થ ન્યાયામ્ભોનિધિ શ્રીમાન્ વિજયાનંદસૂરીશ્વર (આત્મારામજી)ના શિષ્ય-વર્ય મુનિરાજ હંસવિજયજી તરફથી મળેલી હસ્તલિખિત પ્રતિનો પણ મેં ઉપયોગ કર્યો છે. આ પ્રતિ

1 પ્રથમ પરિશિષ્ટમાં ભક્તામર-સ્તોત્ર આપવાનો હેતુ એ છે કે ખાસ કરીને અજૈન પાઠક-વર્ગને મૂળ કૃતિ જોવાનો લાભ મળે. દ્વિતીય પરિશિષ્ટ તરીકે શ્રીગિરિનારકલ્પ આપવાનું કારણ એ છે કે નેમિ-ભક્તામર કાવ્યના નાયક નેમિનાથનો આ ગિરિનાર ગિરિ સાથે વિશેષ સંબંધ છે, કેમકે ત્યાં તેમનાં ત્રણ કલ્યાણકો થયાં છે.

જેવી જોઇએ તેવી શુદ્ધ નથી. ફક્ત અક્ષરોજ ખૂટે છે એટલુંજ નહિ, પરંતુ એક બે સ્થળે તો આખી પંક્તિની પંક્તિ દૃષ્ટિ-ગોચર થતી નથી. ૧૯ મો શ્લોક પણ ત્યાં આપેલો નથી.

આ પ્રમાણેની આ પ્રતિમાં અપૂર્ણતા હોવા છતાં પણ એકંદર રીતે તે મને સહાયભૂત થઇ પડી છે, કેમકે મુદ્રિત પુસ્તકમાં આવતા પાઠો સાથે સરખામણી કરી પાઠાન્તરો આપવામાં તેમજ મુદ્રિત પુસ્તકમાં પણ કેટલેક સ્થલે જે પાઠો હોવા જોઇએ તે ત્યાં હતા નહિ તેવે સ્થલે હું આ પ્રતિનો ઉપયોગ કરી શક્યો છું. આ ત્રિપાઠી પ્રતિ છે. મધ્યમાં મૂળ શ્લોકો આપેલા છે અને ઉપર નીચે ટીકા આપી છે. આમાં બધાં મળીને ૧૪ પત્રો છે. પ્રત્યેક પત્રમાં બંને બાજુએ સરેરાસ સોળ સોળ લીટીઓ છે અને પ્રત્યેક લીટીમાં ચાળીસ ચાળીસ અક્ષરો છે. વળી સં ૧૭૮૪ માં લખાયેલી પ્રતિ ઉપરથી સં० ૧૯૬૦માં આ પ્રતિ લખવામાં આવી છે એમ આ પ્રતિના શ્લોકાન્તમાં આપેલા ઉલ્લેખ ઉપરથી જોઇ શકાય છે.

વીર-ભક્તામર તેમજ નેમિ-ભક્તામરના ભાષાંતરાદિકની સંપૂર્ણ પ્રેસ-કૉપી તૈયાર કરી તે મેં શ્રીયુત જીવણચંદ સાકરચંદ ઝવેરીની સૂચના અનુસાર આગમોદ્ધારક જૈનાચાર્ય આનન્દસાગરસૂરિજી ઉપર મોકલી આપી હતી. તેઓશ્રીએ પોતાના શિષ્ય માણિક્યસાગરજી દ્વારા આ સાધન્ત તપાસી મોકલવા કૃપા કરી હતી. આ પ્રેસ-કૉપી પાછી મળતાં ઇ. સ. ૧૯૨૫ના ફેબ્રુઆરી માસમાં તે કર્ણાટક મુદ્રણાલયમાં છાપવા આપવામાં આવી હતી. પહેલી વારનું પ્રુફ હું જાતે તપાસતો હતો. શ્રીમાન્ જીવણચંદની સૂચના મુજબ બીજી વારના પ્રુફની એક નકલ આનન્દસાગરસૂરિજી ઉપર અને બીજી નકલ અનુયોગાચાર્ય (પં०) ક્ષાન્તિવિજયજી ઉપર મોકલવામાં આવતી હતી. ક્ષાન્તિવિજયજી તરફથી આ બીજી નકલ પાછી મળતાં તેમણે કરેલી સૂચનાઓ તરફ બનતું ધ્યાન આપી તેમાં યથાયોગ્ય ફેરફારો કરી તે પ્રુફ હું મુદ્રણાલય ઉપર રવાના કરી છેવટનું પ્રુફ મંગાવતો હતો. એટલામાં આચાર્યશ્રી તરફથી પ્રુફ જોવાઇ આવતાં તદનુસાર છેવટના પ્રુફમાં સુધારાવધારા કરી તે છાપવા માટે મોકલી આપતો હતો. અત્ર મારે એ પણ ઉમેરવું જોઇએ કે ઘણીખરી વાર મને મારા લઘુ બન્ધુ પ્રો० મણીલાલ તરફથી છેવટનું પ્રુફ તપાસવામાં અને શુદ્ધિપત્ર તૈયાર કરવામાં વિજયદાનસૂરિજી તરફથી સહાય મળી હતી.

અંતમાં આ પુસ્તકને અંગે જે જે વ્યકિતઓ તરફથી મને મદદ મળી છે, તે તે વ્યક્તિઓનો તદંરો હું આભારી છું એમ નિવેદન કરતો તેમજ મતિ-દોષ કે મુદ્રણ-દોષને લીધે આ પુસ્તકમાં જે ન્યૂનતા દૃષ્ટિ-ગોચર થતી હોય તે તરફ સજ્જનો ક્ષમા-દૃષ્ટિ રાખશે એવી તેમને વિજ્ઞપ્તિ કરતો હું આ લઘુ પ્રસ્તાવના પૂર્ણ કરૂં છું.

ભગતવાડી, ભૂલેશ્વર,
મુંબાઇ.
વીર સંવત્ ૨૪૫૨; કાર્તિક શુક્લ પૂર્ણિમા. } હીરાલાલ રસિકદાસ કાપડિયા.

૧ વીર-ભક્તામરનાં તો બીજી વારનાં સમસ્ત પ્રુફો સાગરાનંદસૂરિજી ઉપર મોકલવામાં આવ્યાં હતાં અને તે તેમની તરફથી જોવાઇને પણ આવ્યાં હતાં. પરંતુ નેમિ-ભક્તામરના સંબંધમાં તો નવ પદ્યો સુધીનાંજ પ્રુફો મેં તેમના ઉપર મોકલાવ્યાં હતાં. બાકીનાં પ્રુફો નહિ મોકલવાનું કારણ એ હતું કે એક તો તેઓએ વિહાર શરૂ કર્યો હતો અને બીજું પ્રેસ-કૉપી તેમની તરફથી સાધન્ત તપાસાઇને આવી હોવાથી પ્રુફ મોકલવાની ખાસ જરૂર જેવું હતું નહિ, કેમકે પહેલી વારના પ્રુફમાં ભાગ્યેજ સુધારા-વધારા કરવામાં આવતા હતા.

ઉપોદ્‌ઘાત

પાદ-પૂર્તિરૂપ કાવ્ય રચવાનો હેતુ—

મનુષ્યના સ્વભાવ પરત્વે વિચાર કરતાં એમ લાગે છે કે અન્યનું અનુકરણ કરવા—અને પછી તે વાસ્તવિક હોય કે અવાસ્તવિક હોય તો પણ તેમ કરવા સામાન્ય મનુષ્યો તો સજ્જ છે. જે સાધન દ્વારા એક મનુષ્ય વિદ્યા, કીર્તિ કે ધન સંપાદન કરતો દૃષ્ટિ-ગોચર થાય છે, તે સાધનને પ્રાપ્ત કરી તદનુસાર વર્તન કરવા અન્ય તૈયાર થઇ જાય છે. કીર્તિના અર્થી કેટલાક કવિઓના ઉપર પણ આવી અસર થઇ છે એમ કહેવામાં આવે છે.

દાખલા તરીકે, મહાકવિ કાલિદાસના મેઘદૂતની મોહિનીમાં મુગ્ધ બની તેના જેવું દૂત-કાવ્ય રચી કીર્તિ મેળવવા કેટલાક [2]જૈન અને [3]અજૈન કવિઓએ પ્રયાસ કર્યો છે, જ્યારે કેટલાકે મહર્ષિ ભર્તૃહરિના શતકોને અને તેમાં ખાસ કરીને '[4]વૈરાગ્ય-શતકને લક્ષ્યમાં રાખી તેવાં શતકો રચવા કલમ હાથ ધરી છે. કેટલાકે જયદેવના જેવું ગીત-ગોવિન્દ રચી પોતાનો કીર્તિ-સ્તંભ સ્થાપવા પ્રયત્ન કર્યો છે.

આ તો અજૈન કાવ્યોની વાત કરી. પરંતુ આ હકીકત જૈન કાવ્યોના સંબંધમાં પણ ઘટી શકે છે એમ કહેવામાં આવે છે. જેમકે શતાર્થિક શ્રીસોમપ્રભસૂરિકૃત (પ્રસાદતા, અને મધુરતાથી વિભૂષિત) સિન્દૂર-પ્રકરના અનુકરણરૂપ [5]કર્પૂર-પ્રકર, કસ્તૂરી-પ્રકર અને હિંગુલ-પ્રકર રચવામાં આવ્યાં છે.

---

૧ સરખાવો—

> " गतानुगतिको लोको, न लोकः पारमार्थिकः ।
> वालुकालिङ्गमात्रेण, गतं मे ताम्रभाजनम् ॥ १ ॥ "

૨ મેઘદૂતના સમસ્ત શ્લોકોના એક અથવા બે ચરણો લઈને પાર્શ્વાભ્યુદય [illegible] શ્રીજિનસેનસૂરિ (આ કાવ્ય છપાયેલું છે, એના સંબંધમાં પ્રો૦ કે. બી. પાઠકનું [illegible] મેઘદૂત કરતાં ચઢિયાતું કાવ્ય છે). પવન-દૂતના કર્તા વાદિચન્દ્ર (આ કાવ્ય મેઘદૂતની [illegible] મુદ્રિત છે). ચન્દ્ર-દૂતના કર્તા જમ્બૂકવિ, નેમિદૂતના કર્તા સાંગણસુત વિક્રમ, શીલદૂતના કર્તા [illegible] મણિ (આ પણ પ્રસિદ્ધ કાવ્ય છે અને તે મુદ્રિત છે). ઇન્દુ-દૂતના કર્તા વિનયવિજયગણિ [illegible] કર્તા વિક્રમ મંત્રી, મેઘદૂત-સમસ્યા-લેખના કર્તા ઉપાધ્યાય શ્રીમેઘવિજય અને જૈન મેઘદૂત (આ [illegible] મેઘદૂતની પાદ-પૂર્તિરૂપ નથી, પરંતુ કાવ્ય આ નામમાં તેમજ તેના [illegible] મેરુતુંગાચાર્ય તેમજ મનોદૂત અને ધર્મદૂતના કર્તાએ (એમનાં [illegible]) [illegible] વિગેરે જૈન કવિઓ થઇ ગયા છે.

૩ અજૈન કવિઓમાં પવન-દૂતના કર્તા ધોયિક, ઉદ્ધવ-દૂતના કર્તા [illegible] પદાંક-દૂતના કર્તા કૃષ્ણસાર્વભૌમ, હંસદૂતના કર્તા રૂપગોસ્વામી [illegible] શુક-સંદેશના કર્તા લક્ષ્મીદાસ, હંસ-સંદેશના કર્તા વેદાન્તદેશિક [illegible]

૪ પદ્માનંદ કવિએ વૈરાગ્ય-શતક રચ્યું છે. આ કાવ્ય [illegible]

૫ કર્પૂર-પ્રકરના કર્તા હરિ છે.

આ પ્રમાણે ઉપર્યુક્ત અજૈન અને જૈન કાવ્યોની છાયા કે પાદપૂર્તિરૂપે કાવ્યો રચવામાં માન વની અનુકરણરૂપ પ્રકૃતિ કારણભૂત હોય અને એ અનુકરણનો મુખ્ય ઉદ્દેશ મૂળ કર્તાના કરતાં પણ વધારે ઉચ્ચ પદ પ્રાપ્ત કરવાની અભિલાષા હોય એમ માની લઇએ, તોપણ મહાવાદી તાર્કિક શિરોમણિ શ્રીસિદ્ધસેન દિવાકરના શબ્દ-લાલિત્ય અને અર્થ-ગૌરવથી અલંકૃત કલ્યાણ-મંદિર સ્તોત્રના તેમજ શ્રીમાન્ માનતુંગસૂરિના પ્રસાદતાથી વિભૂષિત ભક્તામર-સ્તોત્રના અન્તિમ પાદ લઇને ફક્ત અનુકરણ કરવાના ઉદ્દેશથી અને તે પણ આ પ્રખર કવીશ્વરોની પ્રતિભાને પહોંચી વળવાના કે ભડકે તેથી પણ વિશિષ્ટ પ્રકારનું પાણ્ડિત્ય પ્રકટ કરવાના હેતુથી જૈન કવિઓએ પાદ-પૂર્તિરૂપ કાવ્યો રચ્યાં છે એમ માનવા મારૂં મન તો ના પાડે છે, કેમકે પાદ-પૂર્તિરૂપ કાવ્યો રચવાનો ઉદ્દેશ તે તે કૃતિઓ પ્રતિ બહુમાન હોવાને લીધે તેને ચિરસ્થાયી બનાવવાનો હોય એમ પણ સંભવી શકે છે.

હિંદુસ્તાનનો ઇતિહાસ તપાસતાં એ સહેલાઇથી જોઇ શકાય છે કે અનેક અપૂર્વ ગ્રન્થો અત્યારે દૃષ્ટિ-ગોચર થતા નથી. વૈર-ભાવને લઇને ધર્માંધ અજૈનોને હાથે કેટલાએ જૈન ભંડારો અગ્નિદેવના બલિદાનરૂપ થયા છે. આવી પરિસ્થિતિમાં કોઇ પણ અપૂર્વ કાવ્યને અમર રાખવા લાલસા થાય તો તે પૂર્ણ કરવા તેના સમસ્ત શ્લોકોના પ્રત્યેક ચરણની પાદ-પૂર્તિરૂપ કાવ્યો રચવાં એ પણ એક જાતનો માર્ગ છે, જોકે બીજો માર્ગ એ પણ છે કે તે તે કાવ્યોની અનેક નકલો કરાવી અન્ય અન્ય સ્થળોમાં સ્થાપિત કરવી.

પાદ-પૂર્તિરૂપ કાવ્યની રચના—

અત્ર એ ધ્યાનમાં રાખવું કે પાદ-પૂર્તિરૂપ કાવ્ય રચવું એ બાળકનો ખેલ નથી. મૂળ કાવ્યમાં જે જે વિશિષ્ટ ગુણોનો સદ્ભાવ હોય, તે તે ગુણોથી વિભૂષિત કાવ્ય રચવું એ પ્રતિભાશાળી મનુષ્યજ કરી શકે એમ કહેવું ખોટું નહિ ગણાય. કેમકે 'લાકડે માંકડું' જમાડવાનો દોષ પોતાને શિરે ન આવે એટલા માટે પાદ-પૂર્તિ તરીકે લીધેલા પાદમાંથી નીકળતા અર્થનું અનુસન્ધાન કરવા તરફ પણ લક્ષ્ય આપવાની આવશ્યકતા રહે છે એ કહેવા જેવું નથી. વળી તેમાં પણ કોઇ મહાવ્યક્તિનું ચારિત્ર સાંગોપાંગ આલેખવું એ તો પ્રતિ-

1 Indische Studien (vol. 14, pp. 357-371) માં ઇ. સ. ૧૮૭૬ માં ડૉ. યાકોબી (Jacobi) એ [illegible] અને કલ્યાણ-મંદિર-સ્તોત્રનો જર્મન ભાષાન્તર છપાવ્યાં છે. આની પ્રસ્તાવનામાં તે વિદ્વાને એમ કહ્યું છે કે કલ્યાણમંદિર-સ્તોત્ર ભક્તામર-સ્તોત્ર ઉપરથી રચવામાં આવ્યું છે. એટલે કલ્યાણમંદિર-સ્તોત્ર એ ભક્તામર-સ્તોત્રનું અનુકરણ છે. આ તેમની માન્યતામાં હવે કંઇ ફેર પડ્યો છે કે નહિ તે મારા જાણવામાં [illegible] નથી, પરંતુ આ માન્યતા જૈન પરંપરાથી વિરુદ્ધ છે એટલુંજ અત્ર નિવેદન કરવામાં આવે છે, કેમકે તેના [illegible] વિસ્તાર કરવો યોગ્ય નથી.

2 [illegible] હેતુ એ છે કે અન્ય ચરણોથી પાદ-પૂર્તિ કરેલાં સંપૂર્ણ કાવ્યો મારા જોવામાં આવ્યાં નથી. [illegible] જૈન ગ્રન્થમાળાના શ્રીજૈનસ્તોત્ર-સંગ્રહના દ્વિતીય ભાગ (પૃ० ૧૫-૧૬) માં [illegible] કલ્યાણમંદિરના પ્રથમ બે કાવ્યના પ્રત્યેક પદથી પાદ-પૂર્તિ કરેલાં ચાર ચાર શ્લોકનાં બે કાવ્યો [illegible] આવે છે કે અહિં ચાર અંતનું પદ લઇને આઠ શ્લોકો રચાયા છે એમ [illegible] પદથી પદ-પૂર્તિરૂપ કાવ્યો મેળવવામાં મેં શ્રીયુત જીવણચંદ સાકરચંદ ઝવેરી [illegible] પરંતુ કે જેમાંથી પત્તો લાગ્યો નથી. વળી આ હકીકત વિચારણીય છે.

ભાની પરાકાષ્ઠા સૂચવે છે. આમાં પણ ખરી ખૂબી તો ત્યારેજ ગણાય કે જ્યારે પાઠકને તે કાવ્ય અન્ય કોઇ કાવ્યની પાદ-પૂર્તિરૂપ છે એમ ન ભાસે, પરંતુ તે અખંડિત કાવ્ય છે એમજ લાગે.[1] આને માટે શબ્દ-રચના ઉપર પણ ધ્યાન આપવાની જરૂર રહે છે.

પાદ-પૂર્તિરૂપ કાવ્યનો પ્રારમ્ભ—

ભક્તામર-સ્તોત્રની પાદ-પૂર્તિરૂપે રચાયેલાં કાવ્યોના સંબંધી વિશેષ વિચાર કરીએ તે પૂર્વે એક અન્ય પ્રશ્ન વિચારી લઇએ. આ પ્રશ્ન એ છે કે પાદ-પર્તિરૂપ કાવ્યો રચવાં તરફ પ્રથમ કોનું ધ્યાન ખેંચાયું ?

એ તો દેખીતી વાત છે કે કાવ્યમાં વર્ણવેલા અલંકારો પૈકી પાદ-પૂર્તિ પણ એક અલંકાર છે. આથી કરીને આવા અલંકારનો પ્રથમ કોણે પ્રારંભ કર્યો એ જાણવું મુશ્કેલ છે. કેમકે એક તો પ્રાચીનમાં પ્રાચીન અલંકારશાસ્ત્ર કયું છે અને તે કોણે રચ્યું છે તે જાણવું જોઇએ. વળી આ ઉપરાંત પહેલ વહેલું પાદ-પૂર્તિરૂપ કાવ્ય કોણે રચ્યું એનો પણ નિર્ણય કરવા તેના કર્તાનો સમય નિર્ણીત હોવો જોઇએ.[2] એથી કરીને આ પ્રશ્નનો અત્યન્ત વિશાળ દૃષ્ટિએ વિચાર થઇ શકે તેમ નથી એટલુંજ નહિ પણ પ્રસ્તુતમાં ભક્તામરની પાદ-પૂર્તિરૂપ કાવ્ય કોણે પ્રથમ રચ્યું એ વિચારવા જતાં પણ આ સ્તોત્રની પાદ-પૂર્તિરૂપ કયાં કયાં કાવ્યો રચાયાં છે તેનો સંપૂર્ણ બોધ થયા વિના આ પ્રશ્નનો પણ છેવટનો ઉત્તર તો આપી શકાય તેમ નથી. આથી કરીને સાધન મળશે તો તે સંબંધમાં બીજા કે ત્રીજા વિભાગમાં વિચાર કરવામાં આવશે એટલું નિવેદન કરી આ વાત પડતી મૂકવામાં આવે છે.

વીર-ભક્તામરની સમીક્ષા

નામ—

વીર-ભક્તામર કાવ્યનો ' રાજ્યર્દ્ધિવૃદ્ધિ ' પદથી પ્રારંભ થતો હોવાથી તેના કર્તા ઉપાધ્યાય શ્રીધર્મવર્ધનગણિ એને ' રાજ્યર્દ્ધિવૃદ્ધિ ' એ નામથી ઓળખાવે છે. આમ કરવામાં તેમણે ભક્તામરસ્તોત્ર, કલ્યાણમંદિર-સ્તોત્ર, સંસાર-દાવાનલની સ્તુતિ ઇત્યાદિ નામો રાખવામાં જે હેતુ સમાયેલો છે તેનું અત્ર અનુકરણ કર્યું હોય એમ લાગે છે. ચોવીસમા તીર્થંકર વીર પ્રભુનું ચરિત્ર એ આ ભક્તામરની પાદ-પૂર્તિરૂપ કાવ્યનો વિષય હોવાથી તેને 'વીર-ભક્તામર'ના નામથી પણ ઓળખાવી શકાય છે.

---

૧ આવી હકીકત ભાષાંતરને પણ લાગુ પડે છે. ઉચ્ચ કોટિનું ભાષાંતર તો તેજ ગણાય કે જે વાંચવાથી એમ ન માલુમ પડી જાય કે તે અમુક ગ્રન્થનું ભાષાંતર છે. પરંતુ એમજ લાગે કે એ સ્વતંત્ર ગ્રન્થ છે. પરંતુ આ કાર્ય કંઇ સહેલ નથી.

૨ મેઘદૂતની પાદ-પૂર્તિરૂપ કાવ્ય રચવાના કાર્યની શરૂઆત જૈનોએ કરી છે એવો જૈન આત્માનંદ ગ્રન્થ-રત્નમાલા તરફથી જાહેર પડેલ જૈનમેઘદૂતની પ્રસ્તાવનામાં ઉલ્લેખ છે.

૩ અત્યારે આવાં ૭ કાવ્યો મને મળી આવ્યાં છે. એનાં નામો તથા કર્તાઓ સારૂ ... ૫૫.

વિષય—

આ કાવ્ય વીર પ્રભુના જીવનના મુખ્ય પ્રસંગો ઉપર પ્રકાશ પાડે છે; કેમકે એમાં વીર પ્રભુના પૂર્વ ભવો, તેમની બાલ-ક્રીડા, તેમનું નિશાળ-ગરણું, તેમણે દીક્ષા લીધી તે પૂર્વે દીધેલું સાંવત્સરિક દાન, તેમણે ચણ્ડકૌશિકને કરેલો પ્રતિબોધ, તેજોલેશ્યાથી પરિતપ્ત બનેલા ગોશાળક ઉપર તેમણે શીતલેશ્યા મૂકીને કરેલો ઉપકાર, સંગમે કરેલા ઉપસર્ગોને ધૈર્યપૂર્વક સહન કરવાની તેમની મનોવૃત્તિ અને શક્તિ, તેમના શરણપૂર્વક ચમરેન્દ્રનો ઉત્પાત, તેમણે પ્રાપ્ત કરેલું કેવલજ્ઞાન, તેમનો ઉપદેશ-મહિમા, તેમની વાણીની મધુરતા, તેમણે ઇન્દ્રભૂતિ ઉપર કરેલો અનુપમ ઉપકાર, તેમનું અસાધારણ રૂપ, તેમની ભામણ્ડલાદિક વિભૂતિઓ ઇત્યાદિ બાબતોનો અત્ર ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત કેટલેક સ્થલે તો સમસ્ત જિનેશ્વરોને લાગૂ પડે એવી તેમની સ્તુતિ પણ કરવામાં આવી છે.

વ્યાકરણ—

वरिवर्ति (શ્લો० ૧), उज्ञावटीति (શ્લો० ૧૩), वर्वर्ति (શ્લો० ૧૮), चरिक्रति (શ્લો० ૨૫), त्वयका (શ્લો० ૨૬), तके (શ્લો० ૪૨) ઇત્યાદિ રૂપો આ કાવ્યમાં નજરે પડે છે. વિશેષમાં ताल्यमान (શ્લો० ૩), रसितुं (શ્લો० ૧૧) निष्कृष्णवर्त्म (શ્લો० ૧૬), निजगर्वां (શ્લો० ૧૭), गुणचणाः (શ્લો० ૧૫) અને ओत्ताखवः (શ્લો० ૩૪) એ રૂપો તો વ્યાકરણ-સિદ્ધ છે એમ સિદ્ધ કરવા ટીકાકારે પ્રયાસ કર્યો છે.

છંદ અને અલંકાર—

આ સમસ્ત કાવ્ય શ્રીમાનતુંગસૂરિએ રચેલા ભક્તામર સ્તોત્રની પાદપૂર્તિરૂપ હોવાથી તે 'વસંતતિલકા' વૃત્તમાં રચવામાં આવ્યું છે તેમજ તેમાં પાદ-પૂર્તિરૂપ અલંકાર મુખ્ય છે, જોકે અર્થાન્તર-ન્યાસ, વ્યતિરેક ઇત્યાદિ અલંકારો પણ તેમાં દૃષ્ટિ-ગોચર થાય છે.

વળી બારમા અને તેરમા શ્લોકમાં અનેક અવ્યયોનું અસ્તિત્વ, સોળમા શ્લોકમાં 'निर्' અવ્યયનો અનેક વાર કરવામાં આવેલો પ્રયોગ તેમજ એ શ્લોકનો ભાવ, વળી ઉપમાન અને ઉપમેય બન્નેને લાગૂ પડતાં પદોથી અલંકૃત ૧૭ મા, ૧૮ મા, ૨૮ મા, ૩૯ મા તથા ૪૪ મા શ્લોકો અને તેમાં ખાસ કરીને ૩૯મો શ્લોક એ આ કાવ્યમાંના અલંકારની વિશેષતા સૂચવે છે.

નેમિ-ભક્તામરની સમીક્ષા

નામ—

આ કાવ્યના કર્તાએ અવતરણના દ્વિતીય પદ્યમાં સૂચવ્યા મુજબ એનું નામ નેમિ-સંબોધન છે, પરંતુ જે ભક્તામર-સમસ્યાના કાવ્યમાં જે તીર્થંકરના ગુણ-ગાનો હોય, તે તીર્થંકરનું ભક્તામર સાથે નામ જોઈને તે કાવ્યનું તે નામ રાખવા મને અભિલાષા થવાથી અને તેમ કરવું અનુચિત નહિ લાગવાથી મેં તે કાવ્યનું તેવું નામ રાખ્યું છે. આ વાતની આ વિભાગમાં આપેલાં બે કાવ્યોનાં નામો સાક્ષી પૂરે છે.

વિષય—

રાજીમતીની સાથે લગ્ન-ગાંઠથી જોડાવાને માટે નેમિનાથ પ્રભુ શ્રીકૃષ્ણ પ્રમુખ યાદવો ાથે લગ્ન-મંડપ સુધી આવી તોરણેથી પોતાનો રથ પાછો ફેરવી જાય છે તે પ્રસંગથી આ કાવ્ય ારમ્ભ કરવામાં આવ્યો છે. તેમાં વિરહિણી રાજીમતીના ઉદ્‌ગારો એ આ કાવ્યનો મુખ્ય વિષય છે

છંદ અને અલંકાર—

આ કાવ્ય છંદની બાબતમાં તો વીર-ભક્તામરને મળતું આવે એ દેખીતી વાત છે. વળી પાદ-પૂર્તિરૂપ અલંકાર પણ આ બંને કાવ્યોમાં મુખ્ય અલંકારરૂપ છે એ પણ કંઇ નિવેદન કરવાની જરૂર રહેતી નથી.

વ્યાકરણ—

આ કાવ્યમાં કોઇ પણ સ્થળે વ્યાકરણના નિયમોનો ભંગ થયેલો જોવામાં આવતો નથી. છતાં એટલું તો ઉમેરવું પડશે કે દશમા પદ્યના ત્રીજા ચરણમાં 'च' અને 'इति' ની સંધિ કરવામાં આવી નથી તે વાસ્તવિક નથી એમ કોઇને ભાસે. આવું વ્યાકરણ-દૃષ્ટિએ સમાધાન કરવામાં આવે તે પૂર્વે મહાર્ષિ ભર્તૃહરિએ રચેલા નિમ્ન-લિખિત પદ્ય તરફ દૃષ્ટિપાત કરવો અનુચિત નહિ ગણાય.

"यां चिन्तयामि सततं मयि सा विरक्ता ।
... ...
... ...
धिक् तां च तं च मदनं च इमां च मां च ॥१॥"

આ પદ્યના ચતુર્થ ચરણમાં 'च' અને 'इमां' ની સંધિ કરવામાં આવી નથી. આ પ્રમાણે ંધિ નહિ કરવાથી વ્યાકરણના નિયમનો ભંગ થાય છે કે નહિ તે સંબંધમાં નીચેનો શ્લોક દિવ્ય કાશ પાડે છે.—

"संहितैकपदे नित्या, नित्या धातूपसर्गयोः ।
नित्या समासे वाक्ये तु, सा विवक्षामपेक्षते ॥१॥"

આ ઉપરથી જોઇ શકાય છે કે એક પદમાં, ધાતુ અને ઉપસર્ગના સંબંધમાં તેમજ સમાાં સંધિ કરવીજ જોઇએ; પરંતુ વાકયમાં સંધિ કરવી કે નહિ કરવી તે વિવક્ષાના ઉપર આધાર ે છે. આથી આ કાવ્ય દૂષિત નથી એમ સિદ્ધ થાય છે. વળી આ સંબંધમાં સિદ્ધ-હૈમનું ા મુજબનું સૂત્ર—

"ऽदस्योऽ पदे वा" (અ० ૧, પા० ૨, સૂ० ૧૨)

પણ આ વાતની સાક્ષી પૂરે છે.

વીર-ભક્તામર અને નેમિ-ભક્તામરની તુલના

આ બંને કાવ્યો શ્રીમાનતુંગસૂરિએ રચેલા ભક્તામર-સ્તોત્રના પ્રત્યેક પદ્યના અંતિમ ની છાયા (પાદ-પૂર્તિ)રૂપ હોવાથી તે બંનેમાં ૪૪ પદ્યો છે. પરંતુ વીરભક્તામરમાં તેના કર્તા

સરખાવો—

"ताम्बूलस्य इमे त्रयोदश गुणाः संसारिणां दुर्लभाः"

—શ્રીચન્દ્રકુમાર અને આનન્દમન્દિર (પૃ० ૧૨૧)

ઉપાધ્યાય શ્રીધર્મવર્ધનગણિએ પોતાના ગુરૂના નામનો તેમજ તેમણે આ કાવ્ય કઇ સાલમાં રચ્યું તે સૂચવનારો એક શ્લોક અંતમાં આપ્યો છે એ વિશેષતા છે.

આ બંને કાવ્યો સ્વોપજ્ઞ ટીકાથી અલંકૃત છે. વીર-ભક્તામરની ટીકા જોતાં એ સહજ જોઇ શકાય છે કે એ ટીકામાં અમુક રૂપો વ્યાકરણથી સિદ્ધ છે એ બતાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે, જ્યારે નેમિ-ભક્તામરની ટીકા તરફ દૃષ્ટિ-પાત કરતાં એમ માલૂમ પડે છે કે તેમાં એકના એક પદ્યમાંથી જેટલા અર્થો થઇ શકે તેટલા સૂચવવા પ્રયાસ થયો છે.

વિશેષમાં વીર-ભક્તામરના ચોથા ચરણમાંથી તો મૂળ ભક્તામરના ચતુર્થ ચરણના અર્થનોજ ધ્વનિ નીકળે છે, જ્યારે નેમિ-ભક્તામરમાં તો તે ચરણનો અન્ય રીતે પદચ્છેદ કરી નવીન અર્થ પણ કેટલીક વાર સૂચવવામાં આવ્યો છે. વળી જેમ વીર-ભક્તા-મરમાં એક સ્થળે (સોળમા પદ્યમાં) મૂળ ભક્તામરના સંપૂર્ણ પદ્યનો સંપૂર્ણ ભાવ નજરે પડે છે, તેવી હકીકત નેમિ-ભક્તામરને પણ લાગૂ પડે છે એટલુંજ નહિ, પરંતુ મૂળ ભક્તામરનો સંપૂર્ણ ૧૧ મો શ્લોક 'जनस्य'ને બદલે ' मदीय ' એટલાજ ફેરફાર સાથે દૃષ્ટિ-ગોચર થાય છે.

આ બંને કાવ્યોનો વિષય તીર્થંકરના ગુણો ગાવાનો છે. વીર-ભક્તામરમાં તો જૈનોના ચોવીસમા અને આ અવસર્પિણીની અપેક્ષાએ અન્તિમ તીર્થંકરનું લગભગ સંપૂર્ણ જીવન આલેખવામાં આવ્યું છે, જ્યારે નેમિ-ભક્તામરમાં તો આ અવસર્પિણીમાં થઇ ગયેલા અખંડ બ્રહ્મચારી બાવીસમા તીર્થંકરના લગ્ન-પ્રસંગથી માંડીને તેમના જીવન-ચરિત્રની રૂપરેખા દોરવામાં આવી છે. ચોવીસ તીર્થંકરોમાં આ બે તીર્થંકરો પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવ, સોળમા તીર્થંકર શ્રીશાન્તિનાથ અને ત્રેવીસમા તીર્થંકર શ્રીપાર્શ્વનાથની જેમ વિશેષ લોકપ્રિય છે.

આ બંને કાવ્યો પૈકી વીર-ભક્તામરનું ' રાજ્યર્દ્ધિવૃદ્ધિ' એવું અપર નામ છે, જ્યારે એવું નામ નેમિ-ભક્તામરનું આપવામાં આવ્યું નથી. પરંતુ તેનું કારણ દેખીતું છે; કેમકે જો આ કાવ્યને એવી રીતે ઓળખાવવા તેના કર્તાએ વિચાર રાખ્યો હોત, તો તે કાવ્ય 'ભક્તામર' પદથી શરૂ ન કરતાં અન્ય કોઇ પદથી શરૂ કરવું જોઇતું હતું. કેમકે આ પદથી શરૂ કરવાથી તો તેનું 'ભક્તામર' એવું નામ રાખવું પડત અને તેમ થતાં મૂળ કાવ્ય અને સમસ્યારૂપ કાવ્યની ભિન્નતા દૃષ્ટિ-ગોચર થાત નહિ.

શ્રીધર્મવર્ધનગણિની કૃતિઓ—

આ કવીશ્વરે વીર-ભક્તામર રચ્યું છે એ તો આ ગ્રન્થ ઉપરથી જોઇ શકાય છે. આ ઉપરાંત જૈન ગ્રન્થાવલી (પૃ૦ ૨૩૪) ઉપરથી જોઇ શકાય છે તેમ તેમણે એક હજાર શ્લોક જેટલું શ્રેણિક-ચરિત્ર ગદ્યમાં લખ્યું છે. આ સિવાય તેમણે કોઇ અન્ય ગ્રન્થ રચ્યો હોય એમ જાણવામાં આવ્યું નથી.

શ્રીભાવપ્રભસૂરિની કૃતિઓ—

આ કવિરાજે નેમિ-ભક્તામર રચ્યું છે એ વાતની તો આ ગ્રન્થ સાક્ષી પૂરે છે. વિશેષમાં જૈન ગ્રન્થાવલીમાં નિવેદન કર્યા મુજબ તેમણે સં૦ ૧૭૬૧ માં કલ્યાણ-મંદિરના ચતુર્થ ચરણની

પાદ-પૂર્તિરૂપ તેમજ સ્વોપજ્ઞ ટીકાથી અલંકૃત એક કાવ્ય રચ્યું છે. (આને અભિનવ-કલ્યાણ-મંદિર તેમજ જૈનધર્મવરસ્તોત્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. આ બંનેને જૈન ગ્રન્થાવલીમાં જૂદા ગણવામાં આવ્યા હોય એમ લાગે છે, પરંતુ તેમ કરવામાં આવ્યું હોય તો તે ખોટું છે. વળી શ્રીયશોવિજય જૈન ગ્રન્થમાલા તરફથી પ્રસિદ્ધ થયેલા જૈનસ્તોત્રસંગ્રહના પ્રથમ ભાગમાં આ કાવ્યનું જૈનધર્મવરસંસ્તવન એવું નામ રાખવામાં આવ્યું છે.)

આ ઉપરાંત ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીયશોવિજયે રચેલા પ્રતિમાશતક ઉપર (વિ. સં. [3]૧૭૯૩ માં) [4]લઘુવૃત્તિ તેમજ તેમણે રચેલા નયોપદેશ ઉપર અવચૂરિ તથા શ્રીપાર્શ્વચન્દ્રકૃત [6]મહાવીર-સ્તોત્ર ઉપર વૃત્તિ આ સૂરિજીએ રચી છે. વળી પ્રતિમાશતકની પ્રસ્તાવનામાં નિવેદન કર્યા મુજબ તેમણે માતૃકા-પ્રકરણ પણ રચ્યું છે. સં. ૧૭૯૨માં રચેલી હુતાશિની કથા તથા ૭ પત્રની પર્યુષણ-અઠ્ઠાઇ-વ્યાખ્યા એ પણ જૈન ગ્રન્થાવલી અનુસાર તેમની કૃતિઓ છે.

શ્રીધર્મવર્ધનગણિ અને શ્રીભાવપ્રભસૂરિનાં જીવન-ચરિત્રો—

શ્રીધર્મવર્ધનગણિના સંબંધમાં તેમણે રચેલા વીર-ભક્તામરના અન્તિમ શ્લોક ઉપરથી જોઇ શકાય છે તેમ આ કાવ્યની રચના તેમણે સં. ૧૭૩૬માં કરી હતી અને "ધર્મવિજયપદપ્રબોધ" એ તેમના ગુરૂ થતા હતા. આ ઉપરાંત તેમના જીવન ઉપર વિશેષ પ્રકાશ પાડનારું કોઇ સાધન મારા જોવામાં આવ્યું નથી એટલે તે સંબંધમાં હું વધારે લખી શકતો નથી.

---

1 આ સ્વોપજ્ઞ ટીકા યુક્ત કાવ્યની એક પ્રતિ મને શ્રીમાન્ જીવણચંદ ભાઇને મુનિવર્ય હંસવિજયજી તરફથી મળી છે. હાલમાં હું આ પ્રતિની પ્રેસ-કૉપી તૈયાર કરી રહ્યો છું. આગમોદયસમિતિ દ્વારા તે બહાર પડનાર છે.

2 આ ગ્રન્થ (લઘુવૃત્તિ સહિત) શ્રીજૈનઆત્માનન્દસભા તરફથી વિ. સં. ૧૯૭૨માં પ્રસિદ્ધ થયેલ છે.

3 સરખાવો પ્રતિમાશતકની અન્તમાં આપેલી ટીકાકારની પ્રશસ્તિ—

"... (૧૭૯૩) વર્ષે, ...
... પૂર્ણેયં ... ॥૧॥"

4 આ લઘુવૃત્તિ સૂરિજીએ પોતાના શિષ્ય ...ને માટે રચી હતી એ વાત એના અન્તમાં આપેલા નિમ્નલિખિત ઉલ્લેખ ઉપરથી સ્પષ્ટ જોઇ શકાય છે.

"इति श्रीमत्पूर्णिमागच्छीयभट्टारकश्रीभावप्रभसूरिसद्गुरुणा ..."

5 સરખાવો—

"... श्रीभावप्रभसूरिभिः।
... ॥१॥"

6 આ સ્તોત્ર તેમજ તેની વૃત્તિ શ્રીયશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળા (મહેસાણા) તરફથી પ્રસિદ્ધ થયેલા શ્રીસ્તોત્ર-રત્નાકરના દ્વિતીય વિભાગમાં છપાયેલાં છે.

7 આતુર-દીપિકા નામનો ગ્રન્થ તેમજ (સં. ...) ...ગ્રન્થાવલીમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે, ... તેમ નથી.

આવીજ રીતે નેમિ-ભક્તામરના અન્તિમ પદ્ય તેમજ તેની ટીકામાં તેના કર્તા શ્રીભાવપ્રભ-સૂરિ સૂચવે [1] તેમ તેઓ સરિ થયા તે પૂર્વે તેઓ 'ભાવરત્ન'ના નામથી ઓળખાતા હતા. પાછળથી તેમણે સૂરિ-પદ પ્રાપ્ત કર્યું ત્યારે તેમનું 'ભાવપ્રભ' એવું નામ રાખવામાં આવ્યું હતું. વિશેષમાં આ સમયે શ્રીમાલિના વીર વંશરૂપ કમલને વિષે રાજહંસના સમાન એવા તથા રામા નામની માતાની કુક્ષિમાં ઉત્પન્ન થયેલા તેમજ જયતસી નામના પિતાના પુત્ર શ્રીતેજસી શ્રેષ્ઠીએ સૂરિ-પદનો મહોત્સવ કર્યો હતો.'

મહિમાપ્રભ મુનિરાજના શિષ્યવર્ય આ ભાવપ્રભસૂરિજી પૂર્ણિમા ગચ્છના હતા તેમજ તેમને ભાણુરત્ન નામના શિષ્ય હતા એ વાત જૈનધર્મવરસ્તોત્ર નામના સ્વોપજ્ઞ ટીકાથી અલંકૃત કાવ્યની પ્રતિના અન્તિમ ઉલ્લેખ ઉપરથી જોઇ શકાયછે. વળી તેમને જ્યોતીરત્ન નામના પણ એક શિષ્ય હતા એ વાત પ્રતિમાશતકની લઘુવૃત્તિના અંતમાં આપેલા ઉલ્લેખ ઉપરથી જોઇ શકાય [1] (જુઓ નવમા પૃષ્ઠ ઉપરની ચોથી ટિપ્પણી). આ ઉપરાંત તેમના સંબંધમાં પણ વિશેષ માહિતી મને મળી શકી નથી એટલે આ બંને કવીશ્વરોને પ્રણામ કરવા પૂર્વક હું આ ઉપોદ્ઘાત પૂર્ણ કરૂં છું.

મુંબાઇ.
વિક્રમ સંવત્ ૧૯૮૨.

હીરાલાલ રસિકદાસ કાપડિયા.

---

૧ સરખાવો પ્રતિમાશતકની લઘુવૃત્તિની પ્રશસ્તિઃ—

" श्रीश्रीमालिकुवीरवंशकमले श्रीराजहंसोपमो
रामाकुक्षिसमुद्भवो जयतसी देहाङ्गजो दीप्तिमान् ।
जज्ञे योऽर्हदुपासकानुपरतिलकः श्रीतेजसीश्रेष्ठिराट्
तेन प्रद्धपरेण सूरिपदमहो प्रव्यव्ययैर्निर्मितः ॥ १ ॥"

વિષય-સૂચી

વિષય | પદ્યાંક

વીર-ભક્તામર

વર્ધમાન (મહાવીર) સ્વામીના પૂર્વ ભવો તેમજ તેમના નામની સાર્થકતા ૧–૨
કાળના વિભાગો, વર્ધમાન સ્વામીનું ચ્યવન, ચક્રવર્તીની વ્યાખ્યા, બાર દેવલોક, વાસુદેવની વ્યાખ્યા, મહાવીર સ્વામીના સત્તાવીસ ભવો, ભરત નરેશ્વર, શ્રેણિક નૃપતિ, પદ-વિચાર.
મહાવીર સ્વામીનું અલૌકિક પરાક્રમ..... .... ૩
વીર પ્રભુની ક્રીડા, 'વીર' શબ્દ સંબંધી વિચાર.
વીર પ્રભુનું અપૂર્વ વિદ્યા-ભાગ્ય ૪
વીર પ્રભુનું નિશાળ-ગમણ, પદ-અલંકાર, આઠ વૈયાકરણો.
ભુનો ઉપદેશ-મહિમા. ૫
-સાયનું કારણ નાથનું નામ. ....
વાને મારી હઠાવેલ મિથ્યાત્વને મળેલો આશ્રય ૬
ના નામની વિશેષતા ૭
શ્લોકનું તાત્પર્ય.
પ્રભુના કેવલજ્ઞાનનો મહિમા ૮
કલ્યાણક-વિચાર.
પ્રભુનો સેવક પ્રતિ અનુપમ ઉપકાર ૯
અર્થ-વિચાર, ખરો ઉપકારી કોણ ?, ઇન્દ્રભૂતિ-વિચાર, દેવાનન્દસૂરિકૃત ગૌતમાષ્ટક સ્તોત્ર તેમજ તેનું ભાષાન્તર. ૧૦
પ્રભુની વાણીની મધુરતા. ....
પાઠાન્તર-વિચાર.
વીર પ્રભુનું અનુપમ રૂપ ૧૧
શ્લોકનો સાર.
જિન-દર્શનથી મિથ્યાત્વનો નાશ. ૧૨
શ્લોકનું તાત્પર્ય, શ્લોકની વિચિત્રતા.
ાયોનો નાશ કરવામાં પ્રભુનું અપૂર્વ બળ ૧૩
જિનેશ્વર અને સિંહની તુલના, કષાય-મીમાંસા—ક્રોધ, માન, માયા અને લોભ.
સર્ગો સહન કરવામાં પ્રભુની દૃઢતા. ૧૪
સંયમ અને તેણે કરેલા ઉપસર્ગો, અંતિમ ઉપસર્ગનું શ્રીહેમચન્દ્રસૂરિએ કરેલું વર્ણન.
ની અપૂર્વ દીપકતા ૧૫
શ્લોક-સમીક્ષા.
કરતાં પણ પ્રભુનો ...િક મહિમા ૧૬
પ્રભુની સર્વની ...ી, વ્યતિરેક અલંકાર. ૧૭

વિષય પૃષ્ઠાંક

પ્રભુના યશશ્ચન્દ્રની અપૂર્વતા

  પ્રભુએ આપેલું સાંવત્સરિક દાન. ૧૮

પ્રભુના ચરણ-દર્શનનો પ્રભાવ

પ્રભુ-સેવાની પ્રાર્થના ૨૦

જિનેશ્વરનું ભામંડલ ૨૧

જિનેશ્વરજ ખરેખરા શંભુ છે ૨૨

  મધ્યસ્થ ભાવ. ૨૩

શાસ્ત્રાધ્યયન કરતાં સમ્યક્ત્વની અધિકતા.

  ચૌદ વિદ્યાઓ, પૂર્વ-મીમાંસા—ચૌદ પૂર્વોનાં નામો, પૂર્વ શબ્દમાં રહેલી પ્રધાનતા, ચૌદ પૂર્વના વિષયો તેમજ તેની પદ-સંખ્યા. ૪૨

મહાવીરજ પુરૂષોત્તમ છે ....

નાથને નમસ્કાર ૨૫

  શ્લોક-તાત્પર્ય, ચિન્તા. ૨૬

પરતન્ત્રતાનું કારણ ....

સ્તન-પાન કરતી વેળાએ પ્રભુનું રૂપ. ૨૭

  શું તીર્થંકર સ્તન-પાન કરે છે? ૨૮

પ્રભુનો જન્મ ....

  ઇક્ષ્વાકુ વંશની ઉત્પત્તિ. ૨૯

પ્રભુનો જન્માભિષેક

  સ્નાન-જલ. ૩૦

સમવસરણના ગઢો. ....

ભગવત્-સ્મરણનો મહિમા.... .... ૩૧

પ્રભુની મનોવૃત્તિની નિશ્ચલતા ૩૨

પ્રભુ-દર્શનનું માહાત્મ્ય ૩૩

પ્રભુની ચરણ-સેવાનો પ્રતાપ ૩૪

  ચમરેન્દ્રનો ઉત્પાત. ૩૫

પ્રભુના નામનો મહિમા ....

  [illegible] ૩૬

[illegible] નામનું ગૌરવ. ....

  [illegible] ૩૭

પ્રભુના વિહારનો પ્રતાપ ....

પ્રભુની ચરણ-સેવનું ફળ ૩૮

  [illegible] ૩૯

[illegible] સ્તુતિ ૪૦

વિષય	પદ્યાંક
પ્રભુના યશશ્ચન્દ્રની અપૂર્વતા	૧૮
પ્રભુએ આપેલું સાંવત્સરિક દાન.	
પ્રભુના ચરણ-દર્શનનો પ્રભાવ	૨૦
પ્રભુ-સેવાની પ્રાર્થના	૨૧
જિનેશ્વરનું ભામંડલ	૨૨
જિનેશ્વરજી ખરેખરા શંભુ છે	૨૩
મધ્યસ્થ ભાવ.	
શાસ્ત્રાધ્યયન કરતાં સમ્યક્ત્વની અધિકતા.	૪૨
ચૌદ વિદ્યાઓ, પૂર્વ-મીમાંસા—ચૌદ પૂર્વોનાં નામો, પૂર્વ શબ્દમાં રહેલી પ્રધાનતા, ચૌદ પૂર્વેના વિષયો તેમજ તેની પદ-સંખ્યા.	
મહાવીરજી પુરુષોત્તમ છે	૨૫
નાથને નમસ્કાર	૨૬
શ્લોક-તાત્પર્ય, ચિન્તા.	
પરતન્ત્રતાનું કારણ	૨૭
સ્તન-પાન કરતી વેળાએ પ્રભુનું રૂપ.	૨૮
શું તીર્થંકર સ્તન-પાન કરે છે ?	
પ્રભુનો જન્મ	૨૯
ઇક્ષ્વાકુ વંશની ઉત્પત્તિ	
પ્રભુનો જન્માભિષેક	૩૦
સ્નાન-જલ.	
સમવસરણના ગઢો.	૩૧
ભગવત્સમવસરણનો મહિમા....	૩૨
પ્રભુની મનોવૃત્તિની નિશ્ચલતા	૩૩
પ્રભુ-દર્શનનું માહાત્મ્ય	૩૪
પ્રભુની ચરણ-સેવાનો પ્રતાપ	૩૫
ચકોરનો ઉદ્ગાર	
પ્રભુના નામનો મહિમા	૩૬
[illegible]	
નાથના નામનું ગૌરવ	૩૭
[illegible]	
પ્રભુના વિહારનો પ્રતાપ	૩૮
ચરણ-સેવાનું ફળ	૩૯
[illegible]	
[illegible] ની સિદ્ધિ	૪૦

પદ્યાંક

મહત્તું અલૌકિક રૂપ ૪૧
સમ્યગ્દર્શન-વિચાર, પ્રભુનું અનુપમ સૌન્દર્ય.
વીતરાગના ધ્યાનનો પ્રભાવ ૪૨
ભગવદ્-સ્તોત્રના પઠનથી સર્વ ઉપદ્રવોનો નાશ ૪૩
પ્રભુના સ્તોત્રરૂપી હારનું કંઠમાં ધારણ. ૪૪

નેમિ-ભક્તામર

વિરહિણી રાજીમતીના ઉદ્‌ગારો ૧
શ્રીનેમિનાથ, છંદ આદિ સંબંધી વિચાર. ૭
વ્યાકરણ-વિચાર. ૯
'મહાદરઃ'પરત્વે વિચાર. ૧૩
વિરોધાભાસનો પરિહાર. ૧૫
શ્લોકાર્થનું સમાધાન. ૨૨
વિરોધનો પરિહાર. ૨૩
ભરત ચક્રવર્તીને કેવલજ્ઞાન ૨૪
ધ્યાન અને ક્રિયાનો સંયોગ. ૨૫
સમિતિ. ૨૯
ઇક્ષુ-વિચાર, પાક-વિચાર. ૩૪
શૃંગાર-અધિકાર. ૩૫
સર્વજ્ઞતાનો પ્રભાવ ૩૬
રાજીમતીનું નેમિનાથ પાસે ગમન ૩૮
સત્ અને અસત્ સંબંધી વિચાર. ૪૧
રાજીમતીને કેવલજ્ઞાનની પ્રાપ્તિ અને તેનું મુક્તિ-ગમન ૪૨
વ્યાકરણ-વિચાર. ૪૪
શબ્દનો ધ્વનિ.



શુદ્ધિપત્ર

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
*(૧)	૪	×શ્રીગારનાર	શ્રીગિરિનાર
(૧)	૧૧	ઋદ્ધિથિતોને	ઋદ્ધિસિદ્ધિઓને
(૨)	૨૩	ાવજયધનસૂરિજી	વિજયધનસૂરિજી
(૪)	૩૨	પ્રમથ	પ્રથમ
(૫)	૬	પાદ-પતિરૂપ	પાદ-પૂર્તિરૂપ
(૬)	૨૪	×સમયે	સમયે
(૬)	૩૧	પૂરે	પૂરે
(૭)	૧૩	×અનૂહરિએ	અનુહરિએ
(૮)	૮	નોમ-ભક્તામરમાં	નેમિ-ભક્તામરમાં
(૮)	૧૮	શ્રીપાશ્વનાથની	શ્રીપાર્શ્વનાથની
(૮)	૩૨	કલ્યાણ-મંાદરના	કલ્યાણ-મંદિરના
૨	૩૧	રાજ્ય૦	રાજ્ય૦
૨	૩૧	સંપાત	સંપતિ
૩	૪	શ્રીવધમાન	શ્રીવર્ધમાન
૪	૨	ચક્રવતી	ચક્રવર્તી
૫	૩૪	રાવણ	જરાસંધ
૬	૩	શ્રન્મજ	શ્રન્મજ
૬	૯	અગ્નિભતિ	અગ્નિભૂતિ
૭	૧૯	ઇન્દ્રભૂાત	ઇન્દ્રભૂતિ
૮	૮	પૂતિરૂપ	પૂર્તિરૂપ
૯	૩૫	શ્રીહેમચન્દ્રસૂરિ	શ્રીહેમચન્દ્રસૂરિ
૧૧	૮	ઘામં	ધીમં
૧૧	૨૯	ઉદેશ	ઉદ્દેશ
૧૩	૫	નીચેનો	વોપદેવકૃત કવિકલ્પદ્રુમનો નીચેનો
૧૩	૯	સુત્રની	સૂત્રની
૨૪	૭	પરવન્દનાય	પદવન્દનાય
૨૪	૧૯	મત્યા	મત્વા
૨૮	૪	ત્વત્તન્યરૂપો	ત્વત્તુલ્યરૂપો
૨૮	૩૩	ાનયું ક્તની	નિયુક્તિની
૨૯	૯	चक्षरिव	चक्षुरिव
૨૯	૧૭	तुल्यं	तुल्यमिव
૨૯	૨૧	इव पाण्डु-पलाश-कल्पं	पाण्डु-पलाश-कल्पं

* પ્રસ્તાવના તથા ઉપોદ્ઘાતનાં પૃષ્ઠો કૌંસમાં આપેલાં છે.

×.િ તેમજ ્ એ બે બીબાંઓ છપાતી વેળા ખંડિત થઇ જવાથી આવી અશુદ્ધિઓ ઉપસ્થિત થઇ છે. રેફનાં તેમજ અનુસ્વારનાં બીબાં અક્ષરથી જુદાં હોવાથી કેટલીક વાર તે તદ્દન ઊડી ગયાં છે.

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૨૯	૨૩	અનિશ	અનિશમ્
૨૯	૨૪	અજ્ઞાનને ષે	અજ્ઞાનને વિષે
૩૦	૧૨	ામથ્યાત્વીઓનું	મિથ્યાત્વીઓનું
૩૧	૮	પ્રાણિઓ (નો) શી- ઘ્રતાથિરી (મિરી)	પ્રાણિના (તે) શીઘ્રતાથિરી
૩૨	૬	જેનું	જેનું
૩૩	૧૭	પ્રાણીનો દેહ	પ્રાણી-દેહી
૩૮	૧૩	પ્રભુના	પ્રભુની
૩૮	૩૧	પદકમાં	પુદ્ગલમાં
૪૨	૨૭	મૈત્ર	મૈત્ર
૪૩	૩૨	ઘ્રુણી	ઘ્રુવે
૪૭	૨૮	ત્રિભુવિન	ત્રિભુવન
૬૮	૪	પુર્વેના	પૂર્વેના
૬૦	૫	પુર્વનો	પૂર્વનો
૬૦	૧૭	પહેલું પુર્વ	પહેલું પૂર્વ
૬૮	૮	વશની	વંશની
૭૨	૧૧	प्रवस्य	ध्रुवस्य
૭૭	૩૦	ચારત્ર	ચરિત્ર
૭૭	૩૩	ઉત્ર્ભવ	ઉત્કૃંભવ
૭૮	૩૦	રત્નની	સુવર્ણની
૭૯	૧૪	ન વ (!)	નવ
૭૯	૧૬	ઘમતા	ઘમતાં
૮૫	૩	સુક્ષ્મ	સૂક્ષ્મ
૮૫	૪	અર્વ	અર્ધ
૮૭	૩	પ્રભુનુ	પ્રભુનું
૯૦	૨૭	શત્રઓનો	શત્રુઓનો
૯૧	૨૦	૦મિત્યથઃ	૦મિત્યર્થઃ
૯૨	૨૦	तद्भूतिव	तद्भूतिव
૯૫	૩૪	ભાગ્રર	ભણ્ડાર
૯૮	૩	कन्या	कन्यां
૯૮	૨૭	દીયેર	દીયર
૧૦૫	[illegible]	आगम	आगमः
૧૦૫	૩૮	જીવાાભગમ	જીવાભિગમ
૧૦૬	૩૪	માગ	મારા
૧૦૯	૨૯	કાાલદાસે	કાલિદાસે
૧૧૦	૧૧	૦મપૈતિ	૦મુપૈતિ
૧૧૨	૨૨	વિકાસત	વિકસિત
૧૧૬	૧૩	માચવી	મીંચવી





(१)

उपाध्यायश्रीधर्मवर्धनगणिविरचितम्

॥ वीरभक्तामरम् ॥

('राज्यर्द्धिवृद्धि'इत्यपरनामकम्)



अथ वीरप्रभोः पूर्वभवोल्लेखस्तन्नामसार्थकता च—

राज्यर्द्धिवृद्धिभवनाद् भवने पितृभ्यां
श्री'वर्धमान' इति नाम कृतं कृतिभ्याम् ।
यस्यांघ्र शासनमिदं वरिवर्ति भूमा-
वालम्बनं भवजले पततां जनानाम् ॥ १ ॥—वसन्ततिलका[1]

श्री'आर्यभिः' प्रणमति स्म भवे तृतीये
गर्भस्थितं तु मघवाऽस्तुत सप्तविंशे ।
यं 'श्रेणिका'दिकनृपा अपि तुष्टुवुश्च
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ॥ २ ॥—युग्मम्

अथ तृतीयकाव्ये श्रीभगवतो महावीरस्वामिनो बलाधिक्यमाह—

'वीर !' त्वया विदधताऽऽमलिकीं सुलीलां
बालाकृतिश्छलकृदारुरुहे सुरो यः ।
तालायमानवपुषं त्वदृते तमुच्च-
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ॥ ३ ॥

अथ चतुर्थकाव्येन श्रीभगवतो विद्याधिक्यमाह—

शक्रेण पृष्टमखिलं त्वमुवक्थ यत् तद्
जैनेन्द्रसंज्ञकमिहाजनि शब्दशास्त्रम् ।

---

१ अस्यानि सर्वाण्यपि पद्यानि वसन्ततिलकाछन्दसि वर्तन्ते ।



{१}

उपाध्यायश्रीधर्मवर्धनगणिविरचितम्

॥ वीरभक्तामरम् ॥

('राज्यर्द्धिवृद्धि' इत्यपरनामकम्)



अथ वीरप्रभोः पूर्वभवोल्लेखस्तन्नामसार्थकता च—

राज्यर्द्धिवृद्धिभवनाद् भवने पितृभ्यां
श्री'वर्धमान' इति नाम कृतं कृतिभ्याम् ।
यस्यांच शासनमिदं वरिवर्ति भूमा-
वालम्बनं भवजले पततां जनानाम् ॥ १ ॥—[1]वसन्ततिलका

श्री'आर्षभिः' प्रणमति स्म भवे तृतीये
गर्भस्थितं तु मघवाऽस्तुत सप्तविंशे ।
यं 'श्रेणिका'दिकनृपा अपि तुष्टुवुश्च
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ॥ २ ॥—युग्मम्

अथ तृतीयकाव्ये श्रीभगवतो महावीरस्वामिनो बलाधिक्यमाह—

'वीर !' त्वया विदधताऽऽमलिकीं सुलीलां
बालाकृतिश्छलकृदात्तरुहे सुरो यः ।
तालायमानवपुषं त्वदृते तमुच्च-
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ॥ ३ ॥

अथ चतुर्थकाव्येन श्रीभगवतो विद्याधिक्यमाह—

शक्रेण पृष्टमखिलं त्वमुवक्थ यत् तद्
जैनेन्द्रसंज्ञकमिहाजनि शब्दशास्त्रम् ।

---

1 अन्यानि सर्वाण्यपि पद्यानि वसन्ततिलकायामेव वर्तन्ते ।

तस्यापि पारमुपयाति न कोऽपि बुद्ध्या
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ? ॥ ४ ॥

उपदेशाधिक्यमाह—

धर्मस्य वृद्धिकरणाय जिन ! त्वदीया
प्रादुर्भवत्यमलसद्‌गुणदायिनी गौः ।
पेयूषपोषणपरा वरकामधेनु-
र्नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ? ॥ ५ ॥

कर्मक्षये भगवतो नाम्नो माहात्म्यमाह—

छिद्येत कर्मनिचयो भविनां यदाशु
त्वन्नामधाम किल कारणमीश ! तत्र ।
कण्ठे पिकस्य कफजालमुपैति नाशं
तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥ ६ ॥

भगवता मिथ्यात्वं हतं, तदन्यदेवेषु स्थितमित्याह—

'देवार्य'देव ! भवता कुमतं हतं तन्-
मिथ्यात्ववस्तु सततं शतशः सुरेषु ।
संतिष्ठतेऽतिमलिनं गिरिगह्वरेषु
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥ ७ ॥

भगवतो नाम्न आधिक्यमाह—

त्वन्नाम 'वीर' इति देव ! सुरे परस्मिन्
केनापि यद्यपि धृतं न तथापि शोभाम् ।
प्राप्नोत्यमुत्र मलिने किमृजीषपृष्ठे
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ? ॥ ८ ॥

भगवतो ज्ञानोत्पत्तिविशेषमाह—

ज्ञाने जिनेन्द्र ! तव केवलनाम्नि जाते
लोकेषु कोमलमनांसि भृशं जहर्षुः ।

प्रद्योतने समुदिते हि भवन्ति किं नो
पद्माकरेषु जलजानि विकाशभाञ्जि ? ॥ ९ ॥

सेवके उपकारविशेषमाह—

वादाय देव ! समियाय य 'इन्द्रभूति-'
स्तस्मै प्रधानपदवीं प्रददे स्वकीयाम् ।
धन्यः स एव भुवि तस्य यशोऽपि लोके
भृत्याऽऽश्रितं य इह नाऽऽत्मसमं करोति ॥ १० ॥

भगवतो वचनमाधुर्यमाह—

गोक्षीरसात्सितसिताधिकमृ(मि)ष्टमिष्ट-
माकर्ण्य ते वच इहेप्सति नो परस्य ।
पीयूषकं शशिमयूखविभं विहाय
क्षारं जलं जलनिधे रसितुं क इच्छेत् ? ॥ ११ ॥

भगवतो रूपाधिक्यमाह—

अङ्गुष्ठमेकमणुभिर्मणिजैः सुरेन्द्रा
निर्माय चेत् तव पदस्य पुरो धरेयुः ।
पूष्णोऽग्र उल्मुकमिवेश ! स दृश्यते वै
यत् ते समानमपरं न हि रूपमस्ति ॥ १२ ॥

भगवद्दर्शने मिथ्यात्वं नोद्घटतीत्याह—

उज्जाघटीति तमसि प्रचुरप्रचारं
मिथ्यात्विनां मतमहो न तु दर्शने ते ।
काकारिचक्षुरिव वा न हि चित्रमत्र
यद् वासरे भवति पाण्डुपलाशकल्पम् ॥ १३ ॥

कषायमहे भगवतो बलवत्त्वमाह—

वन्या द्विपा इव सदैव कषायवर्गा
भञ्जन्ति नूतनतरूनिव सर्वजन्तून् ।

सिंहातिरेकतरसं हि विना भवन्तं
कस्तान् निवारयति सञ्चरतो यथेष्टम् ? ॥ १४ ॥

उपसर्गसहने भगवतो दृढतां दर्शयन्नाह—

छिद्'सङ्गमे'न महतामुपसर्गकाणां
या विंशतिस्तु ससृजे जिन ! नक्तमेकम् ।
चित्तं चचाल न तया तव झञ्झया तु
किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ? ॥ १५ ॥

भगवानपूर्वदीपोऽस्तीत्याह–

निःस्नेह ! निर्दश ! निरञ्जन ! निःस्वभाव !
निष्कृष्णवर्त्म ! निरमत्र ! निरङ्कुशेश ! ।
नित्यद्युते ! गतसमीरसमीरणात्र
दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥ १६ ॥

अथ सूर्यादप्यतिशयवान् भगवानित्याह–

विस्तारको निजगवां तमसः प्रहर्ता
मार्गस्य दर्शक इहासि च सूर्य एव ।
स्थाने च दुर्दिनहृतेः करणाद् विजाने
सूर्यातिशायिमहिमाऽसि मुनीन्द्र ! लोके ॥ १७ ॥

अथ चन्द्रादपि भगवतोऽधिकमित्याह–

प्रह्लादकृत् कुवलयस्य कलानिधाने
पूर्णश्रियं च विदधत्र यशस्त्वदीयम् ।
वर्द्धेत लोकचतुकोकमुदंकरत्वाद्
विद्योतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् ॥ १८ ॥

भगवता (वर्ष) पर्यन्तमिदं दानं दत्तं तदाह–

यद् देहिनां जिनवराब्दिकभूरिदाने-
दौःस्थ्यं हृतं हि भवता किमु तत्र चित्रम् ? ।

दुर्भिक्षकष्टदलनात् क्रियते सदौप-
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ? ॥ १९ ॥

भगवच्चरणदर्शने फलाधिक्यमाह—

यादृक् सुखं भवति ते चरणेऽत्र दृष्टे
तादृक् परभुवदनेऽपि न देहभाजाम् ।
प्राप्ते यथा सुरमणौ भवति प्रमोदो
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥ २० ॥

भक्तो भगवत्सेवां प्रार्थयन्नाह—

एवं प्रसीद जिन ! येन सदा भवेऽत्र
त्वच्छासनं लगति मे सुमनोहरं च ।
त्वत्सेवको भवति यः स जनो मदीयं
कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेऽपि ॥ २१ ॥

जिनस्य भामण्डलम्—

भामण्डलं जिन ! चतुर्मुख ! दिक्चतुष्के
तुल्यं चकासदवलोक्य समा व्यमृक्षत् ।
सूर्यं समा अपि दिशो जनयन्ति किं वा
प्राच्येव दिग् जनयति स्फुरदंशुजालम् ? ॥ २२ ॥

लोकैर्यः शिवः शिव इति ध्यायते स भगवानेवेत्याह—

शम्भुर्गिरीश इह दिग्वसनः स्वयम्भू-
र्मृत्युञ्जयस्त्वमसि नाथ ! महादिदेवः ।
तेनाम्बिका निजकलत्रमकारि तत् त्वन्-
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः ॥ २३ ॥

सर्वशास्त्राध्ययनादपि सम्यक्त्वमधिकमिति दर्शयन्नाह—

जानन्ति यद्यपि चतुर्दश चारु विद्या
देशोनपूर्वदशकं च पठन्ति सार्थम् ।

सम्यक्त्वमीश ! न धृतं तव नैव तेषां
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥ २४ ॥

पुरुषोत्तमोऽयं वीर एवेत्याह–

नृणां गणा गुणगणाः पतयोऽपि तेषां
ये ये सुराः सुरवराः सुखदास्तकेऽपि ।
कृत्वाऽञ्जलिं जिन ! चरिक्रति ते स्तुतिं तद्
व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ॥ २५ ॥

संसारसागरशोषकाय प्रणामः—

रोगा झषा बहुमहामकराः कषाया-
श्चिन्तैव यत्र वडवाग्निरसातमम्भः ।
वार्धिर्भवः सर इव त्वयका कृतस्तत्
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥ २६ ॥

भगवद्दर्शनालाभे विडम्बना–

यद् यस्य तस्य च जनस्य हि पारवश्य-
मावश्यकं जिन ! मया वरिवस्ययाऽऽसम् ।
तत् तर्कयामि बहुमोहतया मया त्वं
स्वप्नान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥ २७ ॥

स्तनन्धयस्य भगवतो रूपस्वरूपमाह—

स्येन्द्रनीलरुचिवेषभृतो जननयाः
स्थितस्य धयतश्च पयोधरं ते ।

दोषापहारकरणः प्रकटप्रकाश-
स्तुङ्गोदयाद्रिशिरसीव सहस्ररश्मेः ॥ २९ ॥

नाथस्य जन्माभिषेकः—

स्नानोदकैर्जिन(जनि)महे सुरराजिमुक्तै-
र्गात्रे पतद्भिरपि नूनमनेजमानम् ।
दृष्ट्वा भवन्तममराः प्रशशंसुरीश-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ॥ ३० ॥

वप्रत्रयविचारः—

ये त्रिप्रदक्षिणतया प्रभजन्ति 'वीरं'
ते स्युर्नरा अहमिवाद्भुतकान्तिभाजः ।
वप्रत्रयं यदिदि प्रविभाति तेऽत्र
प्रख्यापयत् त्रिजगतः परमेश्वरत्वम् ॥ ३१ ॥

भगवत्संस्मरणे सुरसान्निध्यमाह—

कान्तारवर्त्मनि नराः पतिताः कदाचिद्
दैवात् क्षुधा च तृषया परिपीडिताङ्गाः ।
ये त्वां स्मरन्ति च गृहाणि सरांसि भूरि-
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ॥ ३२ ॥

भगवच्चित्तस्थिरतामाह—

संनिश्चला जिन ! यथा तव चित्तवृत्तिः
कस्यापि नैवमपरस्य तपस्विनोऽपि ।
यादृक् सदा जिनपते ! स्थिरता ध्रुवस्य
तादृक् कुतो ग्रहगणस्य विकाशिनोऽपि ? ॥ ३३ ॥

अथ भगवद्दर्शने जन्मवैरिणामपि विरोधो न भवतीत्याह—

ओत्वाखवोऽहिगरुडाः पुनरेणसिंहा
अन्येऽङ्गिनोऽपि च मिथो जनिवैरबन्धाः ।

तिष्ठन्ति ते समवसृत्यविरोधिनं त्वा
दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ॥ ३४ ॥

भगवच्चरणशरणगतं न कोऽपि पराभवतीत्याह—

यस्ते प्रणश्य चमरोऽङ्घ्रितले प्रविष्ट-
स्तं हन्तुमीश ! न शशाक भिदुश्च शक्रः ।
तद् युक्तमेव विबुधाः प्रवदन्ति कोऽपि
नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ॥ ३५ ॥

भगवन्नामतोऽति(पि)भयं न भवतीत्याह—

पूर्वं त्वया सदुपकारपरेण तेजो-
लेश्या हता जिन ! विधाय सुशीतलेश्याम् ।
अद्यापि युक्तमिदमीश ! तथा भयाग्निं
त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ॥ ३६ ॥

भगवन्नामतः सर्पभयमपि विलीयत इत्याह—

ऊर्ध्वस्य ते बिलमुखे वचनं निशम्य
य'श्चण्डकौशिक'फणी शमतामवाप ।
तत् साम्प्रतं तमपि नो स्पृशतीह नाग-
स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥ ३७ ॥

भगवद्विहारे ईतयो न भवन्तीत्याह—

तुर्यारके विचरसि स्म हि यत्र देशे
तत्र त्वदागमत ईतिकुलं ननाश ।
अद्यापि तद्भयमहर्मणिधामरूपात्
त्वत्कीर्तनात् तम इवाशु भिदामुपैति ॥ ३८ ॥

भगवत्पादसेवाफलम्—

निर्विग्रहाः सुगतयः शुभमानसाशाः
[illegible] ।

रम्याणि मौक्तिकफलानि च साधुहंसा-
स्त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते ॥ ३९ ॥

भगवद्वचनश्रद्धानात् कामितप्राप्तिर्भवतीत्याह—

संसारकाननपरिभ्रमणश्रमेण
क्लान्ताः कदापि दधते वचनं कृतं ते ।
ते नाम कामितपदे जिन ! देहभाज-
स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥ ४० ॥

भगवद्रूपं दृष्ट्वा सुरूपा अपि स्वरूपमदं मुञ्चन्तीत्याह—

सर्वेन्द्रियैः पटुतरं चतुरस्रशोभं
त्वां सत्प्रशस्यमिह दृश्यतरं प्रदृश्य ।
तेऽपि त्यजन्ति निजरूपमदं विभो ! ये
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरूपाः ॥ ४१ ॥

निर्बन्धनं जिनं ध्यायन्तो निर्बन्धना भवन्तीत्याह—

छित्त्वा दृढानि जिन ! कर्मनिबन्धनानि
सिद्धस्त्वमापिथ च सिद्धपदं प्रसिद्धम् ।
एवं तवानुकरणं दधते तकेऽपि
सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ॥ ४२ ॥

भगवत्स्तोत्राध्ययनात् सर्वोपद्रवनाशो भवतीत्याह—

न व्याधिराधिरतुलोऽपि न मारिरारं
नो विड्वरोऽशुभतरो न दरो ज्वरोऽपि ।
व्यालोऽनलोऽपि न हि तस्य करोति कष्टं
यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥ ४३ ॥

भगवत्स्तवो मौक्तिकहारः कण्ठे धार्य इत्याह—


त्वत्स्तोत्रमौक्तिकलतां सुगुणां सुवर्णां
त्वन्नामधामसहितां रहितां च दोषैः ।

कण्ठे य ईश ! कुरुते धृत'धर्मवृद्धि'-
　　स्तं 'मानतुङ्गम'वशा समुपैति लक्ष्मीः ॥ ४४ ॥

अथ प्रशस्तिः—

रसगुणमुनिभूमेऽब्दे (१७३६)ऽत्र भक्तामरस्थैः
　　चरमचरमपादैः पूरयन् सत्समस्याः ।
सुगुरु'विजयहर्षा' वाचकास्तद्विनेय-
　　श्चरमजिननुतिं ज्ञो 'धर्मसिंहो' व्यधत्त ॥ १ ॥—मालिनी





(२)

श्रीभावप्रभसूरिविरचितं

॥ श्रीनेमिभक्तामरम् ॥

(नेमिसम्बोधनापरनामकम्)

श्रीसरस्वत्यै नमः । श्रीइष्टदेवतायै नमः । श्रीगुरुभ्यो नमः ।

भक्तामर ! त्वदुपसेवन एव 'राजी-
मत्या' ममोत्कमनसो दृढतापनुत् त्वम् ।
पद्माकरो वसुकलो वसुखोऽसुखार्ता-
वालम्बनं भव जले पततां जनानाम् ॥ १ ॥—वसन्ततिलका

पित्रोर्मुदे सह मयोपयमं यदीन्द्र !
नोरीकरिष्यसि तदा तव काऽत्र कीर्तिः ? ।
जग्राह यो हि गृहिकर्म विधाय वृत्तं
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ॥ २ ॥

रम्यं गृहं च रमणी रमणीयरावां
भोगान् समं प्रवरबन्धुजनैरपास्य ।
तारुण्ययुग् 'यदु'पते ! त्वदृतेऽङ्ग दीक्षा-
मन्यः क इच्छति जनः सहसा ग्रहीतुम् ? ॥ ३ ॥

रोढुं क्षमो जिन ! करोऽपि ममाचलाया-
स्त्वामुद्बलं हि भवदागमजातवीर्यैः ।

१ "इमे सूरिवर्याः 'टटी सवेरा' इत्यादिकाव्यालिकस्तुति गुर्जरगिरायां रचयितारः श्रीऽइंस्व[illegible]श्रीमाण्डणभार्यायादिमदेवीकुक्षिसम्भवा" इति विशेष उद्योदाते संयोजनीयः सुज्ञैः ।

न स्यान्मुनीश ! लवणेशगृहीतशक्तिः
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ? ॥ ४ ॥

भद्रं चकर्थ पशवेऽपि यथा तथा त्वं
तूर्णं कृपापर ! ममैह्यसुरक्षणार्थम् ।
रिष्टाश्रितां खलु धवो महिलां समन्तुं
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ? ॥ ५ ॥

तीक्ष्णं वचोऽप्यभिहितं मयका हितं यत्
तत् ते भविष्यतितरां फलवृद्धिसिद्ध्यै ।
यद्वेलिघाम तपतीश ! भृशं निदाघे
तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥ ६ ॥

आगच्छ कृच्छ्रहर ! हृच्छयचित्रपुङ्ख-
लक्षीकृतां कृशतनुं क्षम ! रक्ष मां त्वम् ।
त्वत्सङ्गमे क्षयमुपैष्यति मेऽतिदुःखं
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥ ७ ॥

उद्यत्तडिद्घनघनाघनगर्जितेऽहि-
भुग्भाविते नभसि नौ नभसीन ! देहे ।
घर्मोत्कटादिरिव दन्तुरतां विषण्णो
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥ ८ ॥

पश्येदृशीति सखिता मदनादरः किं ?
नृत्यन् मयूरनिकरोऽब्दघटां समीक्ष्य ।
मैत्र्या भवन्ति भगवन् ! प्रभया प्रकर्षे
पद्माकरेषु जलजानि विकाशभाञ्जि ॥ ९ ॥

किं त्वं स नैव चल ! काऽऽगतिका तवैषा
जन्याः प्रसूर्जनयिता सहजाश्च जामिः ।

श्यामाऽप्यहं च इति वर्गमिमं विवाह-
मुंत्याऽऽश्रितं य इह नात्मसमं करोति ॥ १० ॥
दृष्ट्वा भवं तमनिमेषविलोकनीयं
नान्यत्र तोषमुपयाति मदीयचक्षुः ।
पीत्वा पयः शशिकरद्युति दुग्धसिन्धोः
क्षारं जलं जलनिधेरशितुं क इच्छेत् ? ॥ ११ ॥
राज्ञो महामृगमदाकुलमण्डलस्य
दैत्यारिमार्गगमनस्य तमोऽदितस्य ।
चक्षुष्य ! चारुचतुराक्षिगतस्य किञ्च
यत् ते समानमपरं न हि रूपमस्ति ॥ १२ ॥
त्वत्सद्वियोगवनमेव गता तथापि
तीव्रातपोद्धतपराभवभाविताऽहम् ।
'शैवेय' ! देव ! जलजाङ्कित ! जातमेतद्
यद् वासरे भवति पाण्डुपलाशकल्पम् ॥ १३ ॥
व्याहारमेड इव मे यदि नो शृणोपि
शब्दादिकं सुखमिदं व्रज हारि हित्वा ।
नैतर्नरा भुवि भवन्ति गताङ्कुशा ये
कस्तान् निवारयति सञ्चरतो यथेष्टम् ? ॥ १४ ॥
ध्यानं विधेहि कुरु रैवतके तपांसि
विद्धीति मां हरिसुतोऽस्थिरमाशु कर्ता ।
यज्जन्ममात्रलघुगात्रजिनांह्रितो नो
किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ? ॥ १५ ॥
तत्रोपितं त्रिभुवनाय समागतास्त्वां
देव्यः समं सहचरैः सुतनुं समीक्ष्य ।

श्रितं ' इत्यपि सम्भवति ।

वक्ष्यन्ति मोहिततरा इति कामरूपो
दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥ १६ ॥

त्वद्ध्यानभाज्यपि पुनर्मयि नो गताया-
मिष्टार्थबाधकबृहद्विरहान्धकारम् ।
सद्धर्मधाम्नि सहजोद्यमधौतदोषः
सूर्यातिशायिमहिमाऽसि मुनीन्द्रलोके ॥ १७ ॥

वक्त्रं जिनात्र वसतः प्रणिधानभाजो
विश्वासतो मृगशिशुव्रजचुम्बितं सत् ।
संदृश्यते बहुललक्षणभावितं ते
विद्योतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् ॥ १८ ॥

उद्योग एष भवता क्रियतां किमर्थं ?
किं वाऽथ ते नु वरवस्तुन ऊनमस्ति ? ।
त्वामेव वीक्ष्य शितिभं समुदो मयूरैः
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ? ॥ १९ ॥

इच्छावरं वरमिति स्वजनेन नुन्ना
वच्मीत्यहं द्रुतकराब्जनिरुद्धकर्णा ।
रत्ने यथा जनतया क्रियतेऽभिलाषो
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥ २० ॥

भव्ये ! मनोहरवरो भविता भवत्याः
किं 'नेमिना'ऽसहशुचा च किमित्थमाख्या ? ।
वार्ष्यं किमत्र यदि मे न भवानिवान्यः
कश्चिन्मनो हरति नाथ ! भवान्तरेऽपि ॥ २१ ॥

अस्या न दूषणमतो हि भवानसह्यो-
ऽयाधः कृतान्तजनको भवतीश ! सोऽपि ।

सातांय सर्वजगतां च 'शिवा' यमर्कं
प्राच्येव दिग् जनयति स्फुरदंशुजालम् ॥ २२ ॥
चेतश्चमत्करिकरीपि दरीश्रितानां
तीव्रैर्व्रतैर्विषमरैवतशृङ्गसङ्गी ।
आदर्शधाम्नि धृतकेवलचक्रिवत् किं
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः ? ॥ २३ ॥
पूर्णं मतेन भवतु क्रियया गतैः किं ?
कष्टैः कृतं च तपसाऽस्त्वलमन्यकृत्यैः ।
चेत् केवलं शिवसुखाब्जविकाशहेतुं
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥ २४ ॥
बाल्यश्रिखेलिथ सुरैः कृतनर्मकर्मै-
धीरो भवंश्च समितौ भुवनेषु जिष्णुः ।
सत्त्वात् पुनः स च गृहीति[1] किमत्र गण्यो
व्यक्तं त्वमेव भगवन् ! पुरुषोत्तमोऽसि ॥ २५ ॥
पूर्वं प्रभो ! प्रबलपूरितपाञ्चजन्यः
के प्रेङ्खि'ताच्युत'भुजो हसितोऽस्य सारैः ।
मौनं श्रितः परिणये विमुखोऽधुनैवं
तुभ्यं नमो जनभवोदधिशोषणाय ! ॥ २६ ॥
त्वं चे'च्छिवा'त्मज इतीश ! शिवाय मे किं ?
'नारिष्टनेमि'रिति चेदशुभच्छिदेऽपि ।
स्वैर्वा निरुक्तवशतो मयि सानुकूलः
स्वप्नान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥ २७ ॥
वेत्येति नाद्रिवसते ! विशदं ध्रुवं त्वां
सौवं मतं प्रतिविभातमिदं ब्रवीति ।

---

१ '०ति भवांस्तु योगी ' इति पाठान्तरम् ।

"मरीचिरयं मत्पौत्रः, स चतुर्विंशतितमतीर्थकरो भविष्यति" इति श्रुत्वा वन्दनीयोऽयं "उ अ भविस्संतणागए काले" इति मत्वा भरतः प्रणमति स्म। "त्वन्वाथादौ न पूर्वगौ" (अभिधान-चिन्तामणौ का० १, श्लो० २३) इतिवचनात् तुशब्दोऽपरसम्बन्धार्थः। गर्भस्थितं तु यं सप्तविंशे भवे मघवा-शक्रः अस्तौ(पी)त्। ऋषभदत्तभार्याया देवानन्दा-ब्राह्मण्याः कुक्षौ गर्भरूपेण स्थितं हीनकुलावतारत्वेन, चलितासनः शक्रो यं (गर्भस्थितं) अवधिना दृष्ट्वा हृष्टः सन् (शक्रः) सिंहासनात् समुत्थाय नमोत्थुणमितिस्तोत्ररचनयाऽस्तुत, ततः शक्रस्तवो जातः, सोऽद्यापि सर्वसङ्घेन पठ्यते। च-पुनः, श्रेणिकादिकनृपा अपि यं तुष्टुवुः, विद्यमानस्य श्रीवीरजिनेशस्य मुख्यो नृपो भक्तः श्रीश्रेणिकः। यदाह-"सेणियनि वसिद्धाइयदेवीमायंगजक्खसक्कयसेवेत्ति"। श्रेणिकादिकाः आदिशब्दात् कोणिकोदायनादीनां ग्रहणम्। श्रेणिकादिकाश्च ते नृपाश्च श्रेणिकादिकनृपाः। यं धीरं तुष्टुवुः-स्तवनां चक्रुः, तमहमपि स्तोष्ये इति। अपिशब्दोऽत्रान्याकर्षणद्योतनार्थः। तमिति कं? प्रथमम्। ननु श्रीआदिजिनेशस्तवौ प्रथममिति विशेषणं स्पष्टम्, चतुर्विंशतितमस्यार्हतः कथं प्रथममिति विशेषणं चरितार्थं स्यात्? इत्यत आह-प्रथा-विस्तरा मा-लक्ष्मीः शोभा वा यस्य स प्रथमः। न च सर्वतीर्थकृतां सामान्यमदो विशेषणमिति वाच्यम्, मातापितृभ्यां त्रिशलासिद्धार्थाभ्यां यस्य वर्धमान इति नाम कृतम्। कस्मात्? भवने-स्वकीयवेश्मनि राज्यर्द्धिभवनात्, राज्यं "स्वाम्यमात्यसुहृत्कोश-राष्ट्रदुर्गबलानि च" (अमरकोशे श्लो० ७५१) इति सप्ताङ्गम्, तद्रूपा ऋद्धिः, तस्या वृद्धिभवनं राज्यर्द्धिवृद्धिभवनं तस्मात् राज्यर्द्धिवृद्धिभवनात्, धन-धान्य-हिरण्य-कोश-कोष्ठागारादिसर्वर्द्धिवृद्धे-र्वर्धमान इति नाम विहितम्। किंविशिष्टाभ्यां पितृभ्यां? कृतिभ्यां-सुकृतवद्भ्यां धामवद्भ्यां वा। पुनर्यस्य वर्धमानस्य अद्य-अस्मिन् पञ्चमारके काले इदं-वर्तमानं शासनं-आज्ञावचनं भूमौ-पृथिव्यां परिवर्ति-सर्वोत्कृष्टतया वर्तते। किंविशिष्टं शासनं? भवजले-संसारजलनिधौ पततां-निमज्जतां जनानां-मनुष्याणां आलम्बनं-अवलम्बनरूपमित्यर्थः। अत एव राज्यर्द्धिवृद्धि(भवन)त्वात् प्रवर्तमा-नशासनत्वाच्च प्रथा-विस्तरा मा-लक्ष्मीः शोभा वा यस्य (स) प्रथमस्तं प्रथममिति एतद् विशेषणं श्रीवर्धमानस्वामिनः शासनाधीश्वरस्य सत्फलितार्थं प्रतिभाति ॥ इति काव्यद्वयार्थः ॥ १-२ ॥

अन्वयः

[illegible] राज्य-ऋद्धि-वृद्धि-भवनात् यस्य श्री-'वर्धमानः' इति नाम कृतिभ्यां पितृभ्यां कृतं, भव-[illegible] [illegible] आलम्बनं इदं (यस्य) शासनं अद्य (अपि) भूमौ परिवर्तते, यं च श्री-'आर्यभिः' (प्रथमं) [illegible] [illegible], गर्भ-स्थितं तु (यं) सप्तविंशे मघवा अस्तुत, (यं) 'श्रेणिक'-आदिक-नृपाः [illegible] तुष्टुवुः, तं प्रथमं जिन-[illegible] अहं अपि किल स्तोष्ये।

शब्दार्थ

[illegible]	राज्यर्द्धिवृद्धिभवनात्=राज्य-ऋद्धिनी वृद्धि थवाने लीधे.
[illegible]	भवने (मू० भवन)=घरमां.
[illegible]	पितृभ्यां (मू० पितृ)=माता-पिता वडे.

१ [illegible] ([illegible])।

२ [illegible]।

वीः=मानवाचक शब्द.
वर्धमान=वर्धमान (स्वामी), चोवीसमा तीर्थंकर.
श्रीवर्धमानः=श्रीवर्धमान.
इति=એમ.
नाम (मू० नामन्)=નામ.
कृतं (मू० कृत)=કરેલું.
कृतिभ्यां (मू० कृतिन्)=(૧) સારાં કૃત્યો કરનારા; (૨) તેજવાળા.
यस्य (मू० यद्)=જેનું.
अद्य=આજે.
शासनं (मू० शासन)=શાસન, આજ્ઞા.
इदं (मू० इदम्)=આ.
वरिवर्ति (धा० वृत्)=ઉત્કૃષ્ટપણે વર્તે છે.
भूमौ (मू० भूमि)=પૃથ્વી ઉપર.
आलम्बनं (मू० आलम्बन)=આધાર(ભૂત), ટેકા(રૂપ).
भव=સંસાર.
जल=જળ, પાણી.
भवजले=સંસાર-સમુદ્રમાં.
पततां (मू० पतत्)=પડતા.
जनानां (मू० जन)=મનુષ્યોના.
आर्षभिः=ઋષભસ્વામીના પુત્ર, ભરત (રાજેશ્વર).
तिमार्षभिः=શ્રીભરત (ચક્રવર્તી).
र=ભૂતાર્થવાચક શબ્દ.
ामति स्म (धा० नम्)=નમન કરતા હવા.
े (मू० भव)=ભવમાં.
ीये (मू० तृतीय)=ત્રીજા.

गर्भ=ગર્ભ.
स्थित (धा० स्था)=રહેલ.
गर्भस्थितं=ગર્ભ (અવસ્થા)માં રહેલા.
तु=કિન્તુ.
मघवा (मू० मघवन्)=ઇન્દ્ર.
अस्तुत (धा० स्तु)=સ્તવતો હવો.
सप्तविंशो (मू० सप्तविंश)=સત્તાવીસમા.
यं (मू० यद्)=જેને.
श्रेणिक=શ્રેણિક (રાજા), અભયકુમારના પિતાશ્રી.
आदि=શરૂઆત.
नृप=રાજા, ભૂપતિ.
श्रेणिकादिकनृपाः=શ્રેણિક પ્રમુખ રાજાઓ.
अपि=પણ.
तुष्टुवुः (धा० स्तु)=સ્તુતિ કરી.
च=અને.
स्तोष्ये (धा० स्तु)=સ્તવીશ.
किल=ખચિત.
अहं (मू० अस्मद्)=હું.
तं (मू० तद्)=તેને.
प्रथमं=પહેલવહેલા.
प्रथ=વિસ્તીર્ણ.
मा=(૧) લક્ષ્મી; (૨) શોભા.
प्रथमं=વિસ્તીર્ણ છે લક્ષ્મી [અથવા શોભા] જેની એવા.
जिन=રાગ-દ્વેષને જીતનારા, વીતરાગ.
इन्द्र=મુખ્ય.
जिनेन्द्रं=જિન-પતિને.

શ્લોકાર્થ

વર્ધમાન (મહાવીર) સ્વામીના પૂર્વ ભવો તેમજ તેમના નામની સાર્થકતા—

"(પોતાના) મહેલમાં રાજ્ય-સંપત્તિની વૃદ્ધિ થવાને લીધે, સારાં કૃત્યો કરનારાં [અથવા પુણ્યશાળી અથવા તેજસ્વી] એવાં માતાપિતાએ જેનું વર્ધમાન એવું નામ પાડ્યું, તેમજ સંસાર-સમુદ્રમાં પડતા (અર્થાત્ ડૂબતા) મનુષ્યોના આધારભૂત એવું જેનું આ શાસન અત્યારે (આ પંચમ કાલમાં પણ) પૃથ્વી ઉપર સર્વોત્કૃષ્ટપણે વર્તે છે, તથા વળી પહેલવહેલાં તો

૧ (૧) સ્વામી, (૨) વજીર, (૩) મિત્ર, (૪) ખજાનો, (૫) રાષ્ટ્ર, (૬) કિલ્લો અને (૭) સૈન્ય એ રાજ્યનાં સાત અંગો છે.

૨ ધન, ધાન્ય, સુવર્ણ, રૂપું, હાર ઇત્યાદિ સંપત્તિ.

૩ ત્રિશલા રાણી અને સિદ્ધાર્થ રાજા એ વર્ધમાન સ્વામીનાં માતાપિતા થતાં હતાં.

૪ જૈન શાસ્ત્રમાં કાલના " ઉત્સર્પિણી " અને " અવસર્પિણી " એમ બે મુખ્ય વિભાગો પાડવામાં આવ્યા છે. આ બે વિભાગો મળીને એક 'કાલ-ચક્ર' થાય છે. આવાં અનંત કાલ-ચક્રો પસાર થઇ ગયાં છે અને થશે. ઉપર્યુક્ત ઉત્સર્પિણી અને અવસર્પિણી એમ બન્ને વિભાગોના ૭ ૭ વિભાગો પાડવામાં આવ્યા છે. આ પ્રત્યેક વિભાગને 'આરા' (સં० अर) કહેવામાં આવે છે. અત્ર પંચમ કાલથી અવસર્પિણીનો પાંચમો આરો સમજવાનો.

જેને શ્રીઋષભ(દેવ)ના પુત્ર (ભરત ચક્રવર્તી) ત્રીજા ભવમાં પ્રણામ કરતા હવા અને (ત્યાર પછી) ગર્ભાવાસમાં રહેલા એવા જેને સત્તાવીસમા (અંતિમ) ભવમાં (સૌધર્મ દેવલોકના શક્ર) ઇન્દ્ર સ્તવતા હવા, તેમજ જેની શ્રેણિક પ્રમુખ પૃથ્વીપતિઓએ પણ સ્તુતિ કરી, તે (પોતાના પિતાશ્રીની રાજ્ય-સંપત્તિની વૃદ્ધિના કારણભૂત હોવાને લીધે તેમજ અત્યારે પણ તેનુંજ શાસન ચાલતું હોવાને લીધે) વિસ્તીર્ણ છે લક્ષ્મી [અથવા શોભા] જેની એવા (વર્ધમાન, વીર, મહાવીર, દેવાર્ય ઇત્યાદિ નામોથી પ્રસિદ્ધ) જિનેશ્વરની હું (ધર્મવર્ધનગણિ) પણ ખચિત સ્તુતિ કરીશ."—૧-૨

સ્પષ્ટીકરણ

વર્ધમાનસ્વામી—

આ કાવ્ય દ્વારા કવિવર વર્ધમાનસ્વામીના જીવન-ચરિત્ર ઉપર પ્રકાશ પાડે છે. તેમાં પ્રથમ શ્લોકમાં તો તેમના પૂર્વ ભવ વિષે ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને સાથે સાથે તેમનું નામ ચરિતાર્થ છે એમ સિદ્ધ કરવામાં આવ્યું છે. આ કાવ્યના નાયક ચોવીસમા તીર્થંકર વર્ધમાનસ્વામીના ગર્ભાવાસના સંબંધમાં જે આશ્ચર્યજનક ઘટના બની હતી, તેનું અત્ર દિગ્-દર્શન કરાવવામાં આવે છે, પરંતુ તે પૂર્વે એટલું કહેવું નિરર્થક નહિ ગણાય કે આ નીચે લખેલી ગર્ભ બદલવા સંબંધિની વાત દિગમ્બરોને માન્ય નથી, કેમકે તેમની માન્યતા પ્રમાણે મૂલ અંગાદિ રહ્યાં નથી અને તેમના ઉદ્ધાર કરેલા ગ્રન્થોમાં આ વાત મળતી નથી.

એમ કહેવામાં આવે છે કે **વર્ધમાનસ્વામીએ** યાને **મહાવીર** પ્રભુએ પોતાના ત્રીજા ભવમાં નિજ કુળ વિષે ઘણો ગર્વ કર્યો હતો. પ્રસંગ એમ બન્યો હતો કે **ભરત** રાજકુંવર પોતાના પિતાશ્રી પ્રથમ તીર્થંકર **ઋષભદેવને** નમસ્કાર કરવા ગયા હતા અને ત્યાં તેમણે તે જિનેશ્વરને એવો પ્રશ્ન પૂછયો કે હે સ્વામિન્ ! આપની આ સભામાંથી કોઇ પણ જીવ આપ જેવી ઋદ્ધિ પામશે કે કેમ ? આના પ્રત્યુત્તરમાં ભગવાને કહ્યું કે તારો પુત્ર અને મારો પૌત્ર **મરીચિ** ચોવીસમો (અંતિમ) તીર્થંકર થશે. ત્યાર બાદ **નમુત્થુણં** યાને **શક્રસ્તવની** અંતિમ ગાથા—

---

૧ ભરત કે ઐરાવતના છ ખંડના અધિપતિને અથવા મહાવિદેહના બત્રીસ વિજયો પૈકી ગમે તે એક વિજયના સ્વામીને 'ચક્રવર્તી' કહેવામાં આવે છે. આ સંબંધી વિશેષ માહિતી માટે જુઓ શોભનમુનીશ્વરકૃત સ્તુતિ-ચતુર્વિંશતિકાના ૬૫મા પદ્યનું સ્પષ્ટીકરણ.

૨ જૈન શાસ્ત્રમાં બાર દેવલોક બતાવ્યા છે; તેમાંના પહેલા દેવલોકને સૌધર્મ દેવલોક કહેવામાં આવે છે. અત્ર 'દેવલોક' શબ્દથી કલ્પોપપન્ન દેવોનું નિવાસ-સ્થાન સમજવું. જૈન શાસ્ત્રમાં દેવના (૧) ભુવનપતિ, (૨) વ્યન્તર, (૩) જ્યોતિષ્ક અને (૪) વૈમાનિક એમ જે ચાર ભેદો પાડ્યા છે, તેમાં વળી વૈમાનિકના કલ્પોપપન્ન અને કલ્પાતીત એમ બે અવાંતર ભેદો છે. તેમાંના કલ્પોપપન્ન દેવોના બાર નિવાસ-સ્થાન છે. તેનાં નામો નીચે મુજબ છેઃ—

(૧) સૌધર્મ, (૨) ઈશાન, (૩) સનત્કુમાર, (૪) માહેન્દ્ર, (૫) બ્રહ્મલોક, (૬) લાન્તક, (૭) મહાશુક્ર, (૮) સહસ્રાર, (૯) આનત, (૧૦) પ્રાણત, (૧૧) આરણ અને (૧૨) અચ્યુત.

૩ 'પ્રમુખ' શબ્દથી કોણિક, ઉદાયન, જિતશત્રુ, અદીનશત્રુ, ચણ્ડપ્રદ્યોત, દશાર્ણભદ્ર વિગેરે સમજવા.

૪ આ શબ્દના અર્થ સારૂ જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૧૪).

" જે ય અઈયા સિદ્ધા, જે ય ભવિસ્સંતિણાગએ કાલે।
સંપઇ ય વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥ "—આર્યા

—નો ઉપર ધ્યાન આપીને ભરત રાજા પોતાના પુત્ર મરીચિને વન્દન કરવા ગયા અને તેમ કરવાનું તેમને આ કારણ પણ જણાવ્યું. આ સાંભળીને મરીચિએ વિચાર કર્યો કે ખરેખર મારા કુળને ધન્ય છે; કેમકે મારા પિતામહ પ્રથમ તીર્થંકર થયા, વળી મારા પિતા પ્રથમ ચક્રવર્તી થયા, હું પણ પ્રથમ વાસુદેવ થઇશ તેમજ અંતિમ તીર્થંકર પણ થઇશ.

આ મદના કટુ વિપાક તરીકે એ મરીચિનો જીવ પ્રાણત દેવલોકમાંના પુષ્પોત્તર વિમાનથી ચ્યવીને અંતિમ ભવમાં મગધ દેશમાંના ક્ષત્રિયકુણ્ડના નરપતિ સિદ્ધાર્થના રાજ્યમાં રહેતા ઋષભદત્ત નામના બ્રાહ્મણની દેવાનન્દા નામની પ્રિયાની કુક્ષિમાં અવતર્યો. આ એક અંલૌકિક ઘટના છે (જુઓ કલ્પ–સૂત્ર, સૂ૦ ૧૭).

ભિક્ષુક કુળમાં આ પ્રમાણે દેવાનન્દાની કુક્ષિમાં ૮૨ દિવસો વ્યતીત થયા બાદ શક્રેન્દ્રનું આસન કંપ્યું. ત્યારે તેણે અવધિજ્ઞાનથી પ્રભુને ત્યાં ગર્ભમાં રહેલા જોયા. આથી એકદમ હર્ષિત થઇ જઇ પોતાના આસન ઉપરથી નીચે ઉતરી, તેમની તરફ સાત–આઠ પગલાં ચાલી અંજલિ જોડી તેણે તેમની સ્તુતિ કરી (આ સ્તુતિ શક્રસ્તવના નામથી પ્રસિદ્ધ છે). પરંતુ પ્રભુને નીચ કુળમાં અવતરેલા જોઇને તે શોકાતુર થયો, એથી કરીને તેણે તરતજ હરિણગમેષી દેવને ત્રિશલા રાણીના ગર્ભને અને આ દેવાનન્દાના ગર્ભને અદલાબદલ કરવા ફરમાવ્યું. તે કાર્ય તે દેવે કર્યું. આમાં તાત્પર્ય એ રહેલું છે કે કદાચિત્ તીર્થંકરનું ચ્યવન નીચ કુળાદિકમાં થાય, પરંતુ જન્મ તો તેવા કુળમાં કદિ સંભવતોજ નથી. આ વાતની કલ્પસૂત્ર (સૂ૦ ૧૮) સાક્ષી પૂરે છે. ગર્ભાવાસનો સમય પૂર્ણ થતાં પ્રભુનો જન્મ થયો. આ વાત ઇ. સ. પૂર્વે ૫૯૯ માં બની.

મહાવીરસ્વામીના સત્તાવીસ ભવો—

આ શ્લોકમાં મહાવીરસ્વામીના સત્તાવીસ ભવો થયા વિષે ઉલ્લેખ છે. આથી કોઇને એમ શંકા ઉપસ્થિત થાય કે શું મહાવીરસ્વામીના એટલાજ ભવો થયા છે ? પરંતુ આ શંકા 'ભવ' ની ગણતરીના રિવાજની અજ્ઞાનતા સૂચવે છે. દરેક જીવે અત્યાર સુધીમાં અનેક ભવો

૧ સંસ્કૃત–છાયા—

" યે ચ અતીતાઃ સિદ્ધાઃ, યે ચ ભવિષ્યન્તિ અનાગતે કાલે।
સંપ્રતિ ચ વર્તમાનાઃ, સર્વાન્ ત્રિવિધેન વન્દે ॥"

૨ 'વાસુદેવ' એ ત્રણ ખંડના અધિપતિનું નામ છે. એનો નીલ વર્ણ હોય છે. એને 'અર્ધ–ચક્રવર્તી'ના નામથી પણ ઓળખવામાં આવે છે. એક કાલ–ચક્રમાં ૧૮ વાસુદેવો થાય છે, અર્થાત્ 'ઉત્સર્પિણી' તેમજ 'અવસર્પિણી' કાલમાં નવ નવ વાસુદેવો થાય છે. વાસુદેવના વડીલ બન્ધુને 'બલદેવ' કહેવામાં આવે છે, જ્યારે તેના પ્રખર શત્રુને 'પ્રતિવાસુદેવ' કહેવામાં આવે છે.

એ ધ્યાનમાં રાખવું કે વાસુદેવો નિયાણું બાંધવાવાળા હોય છે, જ્યારે બલદેવો તેવું કાર્ય કરતા નથી. વળી વાસુદેવો અધોગામી છે, જ્યારે બલદેવો ઊર્ધ્વગામી છે (સરખાવો આવશ્યક–નિર્યુક્તિ, ૪૧૫ મી ગાથા).

આ 'અવસર્પિણી' કાલમાં શ્રીકૃષ્ણ નવમા વાસુદેવ, તેમના ભાઇ બલરામ નવમા બલદેવ અને રાવણ એ નવમા પ્રતિવાસુદેવ થઇ ગયા છે. વિશેષમાં આ સર્વેને 'શલાકાપુરુષ' એવી સંજ્ઞા આપવામાં આવે છે.



ગલા છે. વિશેષમાં બ્રાહ્મીનો જન્મ પણ તેમની સાથેજ થયો હતો, અર્થાત્ સુમંગલા
ભરત અને બ્રાહ્મીના યુગલને જન્મ આપ્યો હતો. અપર માતા સુનંદા દેવીના બાહુ
પ્રમુખ ૯૯ પુત્રો તેમના ભાઇઓ થતા હતા અને સુન્દરી નામની પુત્રી એ તેમની બેન
હતી. તેઓ ભરતક્ષેત્રના છ ખંડ સાધીને ચક્રવર્તી બન્યા હતા. દરેક ચક્રવર્તીની પાસે જેમ
રત્નો હોય છે, તેમ તેમની પાસે પણ હતાં. સાધારણ રીતે એમ કહેવાય છે કે ગૃહવાસમાં
લજ્ઞાન થવું મુશ્કેલ છે, પરંતુ આ મહાત્માને તેવું જ્ઞાન પણ પોતાના રાજ્ય-ભુવનમાં રહેવા
થયું હતું, એ તેમની બલિહારી સૂચવે છે. કિન્તુ આનું કારણ એ છે કે જોકે તેઓ-તે વખ
સંસારરૂપી કાદવમાં રહેતા હતા, છતાં તેમનું હૃદયરૂપી કમલ તો નિર્લેપજ હતું. તેઓ તે વખ
'अनित्यं संसारे भवति सकलं यन्नयनगम्' અર્થાત્ 'જે જે વસ્તુ આ સંસારમાં દૃષ્ટિ-ગોચર થાય
છે, તે અનિત્ય છે' એવી ભાવના ભાવતા હતા, તેનુંજ આ પરિણામ હતું. આ ભરત રાજર્ષિને
પ્રણામ કરી તેમના વિષેનો ઉલ્લેખ અત્ર સમાપ્ત કરવામાં આવે છે.

શ્રેણિક નૃપતિ—

શ્રેણિકના પિતાનું નામ પ્રસેનજિત્ હતું, જ્યારે તેમની માતાનું નામ ધારણી હતું.
યોગ્ય વયે તેઓ મગધ દેશમાંની રાજગૃહી નગરીના સ્વામી બન્યા હતા. તેઓને ચિલ્લણા
પ્રમુખ રાણીઓ હતી. રાણી ચિલ્લણા તેમના જેવી સૌન્દર્યની એક અનુપમ મૂર્તિ હતી.[2] આ
બન્નેના સૌન્દર્યને જોઇને તો સમવસરણમાં મહાવીરસ્વામી વિરાજમાન હોવા છતાં પણ તેની
પર્ષદામાંના અનેક લોકો મોહમુગ્ધ બન્યા હતા અને તે એટલે સુધી કે સાધુઓમાં ફક્ત ગૌતમ
સ્વામી (ઇન્દ્રભૂતિ) અને સાધ્વીઓમાં ચન્દનબાલા કોરાં રહી ગયાં હતાં.[3] આ શ્રેણિક
રાજાને અભયકુમારાદિક પુત્રો હતા. શ્રેણિક રાજા વીર પ્રભુના પરમ ભક્ત ગણાય છે. તેઓ
આ 'અવસર્પિણી' કાલ પૂરો થયા બાદ 'ઉત્સર્પિણી'ના પ્રથમ આરામાં પ્રથમ તીર્થંકર થનાર
છે, જોકે અત્યારે તો તેઓ પ્રથમ નરકમાં છે.[4]

---

૧ ચૌદ રત્નોની માહિતી માટે જુઓ જમ્બૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ, તૃતીય વક્ષસ્કાર.

૨ આ ચિલ્લણા રાણીના સંબંધમાં એમ કહી શકાય કે—

"सा रामणीयकनिधेरधिदेवता वा
सौन्दर्यसारसमुदायनिकेतनं वा ।
तस्याः सखे ! नियतमिन्दुसुधामृणाल-
ज्योत्स्नादि कारणमभून्मदनश्च वेधाः ॥"

—માલતી-માધવ

અર્થાત્—તે (માલતી) રમણીય સંપત્તિના ભંડારની અધિષ્ઠાયિકા દેવી છે અને સૌન્દર્યના સમુદાયનું ઘર છે.
હે મિત્ર ! ખરેખર તે (માલતી)નું ઉપાદાન કારણ ચંદ્ર, અમૃત, કમલનો દંડ અને ચંદ્રનો પ્રકાશ આદિ વગેરે છે
અને તેનો કર્તા (સ્રષ્ટા) કામદેવ બનેલ છે.

૩ આ વાત એ બન્નેનું અનુપમ ચારિત્ર-બળ સૂચવે છે. આવું દૃઢ બ્રહ્મચર્ય પાળનાર તરીકે સ્થૂલિભદ્રનું
નામ પણ જૈન સમાજમાં જાણીતું છે.

૪ પ્રભુના સેવકની પણ આવી દશા થાય એ "कर्मणो गहना गतिः" એ સૂત્રને ચરિતાર્થ કરે છે.

કર્યા છે; પરંતુ જે ભવમાં જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, ત્યારથી તેના ભવ ગણાય છે કેમકે સમ્યક્ત્વરૂપી બીજની પ્રાપ્તિ વિના તે પૂર્વેના અન્ય ભવરૂપી ભ્રમણાઓ શન્યજ છે. વિશેષમાં આ સત્તાવીસ ભવોથી મોટા ભવો સમજવાના છે; કેમકે વચ્ચે વચ્ચે બીજા ભવો પણ થયેલા છે, પરંતુ તે મહત્ત્વના નહિ હોવાથી અત્ર તેની ગણના કરવામાં આવી નથી. ઉપર્યુક્ત સત્તાવીસ ભવો ત્રિષષ્ટિશલાકાપૂરુષચરિત્ર તેમજ સુબોધિકા પ્રમાણે નીચે મુજબ છેઃ—

(૧) નયસાર, (૨) સૌધર્મવાસી દેવ, (૩) મરીચિ, (૪) બ્રહ્મલોકવાસી દેવ, (૫) કૌશિક (બ્રાહ્મણ) (ભવ-ભ્રમણ), (૬) પુષ્પમિત્ર, (૭) સૌધર્મવાસી દેવ, (૮) અગ્નિદ્યોત (બ્રાહ્મણ), (૯) ઈશાનવાસી દેવ, (૧૦) અગ્નિભૂતિ (બ્રાહ્મણ), (૧૧) સનત્કુમારવાસી દેવ, (૧૨) ભારદ્વાજ (બ્રાહ્મણ), (૧૩) માહેન્દ્રવાસી દેવ (ભવ-ભ્રમણ), (૧૪) સ્થાવર (બ્રાહ્મણ), (૧૫) બ્રહ્મલોકવાસી દેવ, (૧૬) વિશ્વભૂતિ (ક્ષત્રિય), (૧૭) મહાશુક્ર દેવલોકમાં દેવ, (૧૮) ત્રિપૃષ્ઠ (વાસુદેવ), (૧૯) સાતમી નરકમાં નારકી, (૨૦) સિંહ, (૨૧) ચોથી નરકમાં નારકી (ભવ-ભ્રમણ), (૨૨) મનુષ્ય, (૨૩) પ્રિયમિત્ર (ચક્રવર્તી), (૨૪) મહાશુક્ર દેવલોકમાં દેવ, (૨૫) નંદન, (૨૬) પ્રાણત દેવલોકવાસી દેવ અને (૨૭) મહાવીર.

આ સંબંધમાં નીચેની ગાથાઓ વિચારવા જેવી છે.

"[illegible] १ सोहम्म २ मरिइ ३ बंभ कप्प ४ कोसिय ५ सुहम्मे ६ ।
[illegible] पूसमित्तो ७ सोहम्मे ८ ग्गिज्जोय ९ ईसाणे १० ॥
अग्गिभूइ ११ सिणंकुमारे १२ भारद्दाए १३ महिंद १४ संसारे ।
[illegible] १५ बंभिम्म १६ विस्सभूइ १७ सुक्के य १८ तिविट्ठू १९ ॥
[illegible] २० सीहे २१ नरए २२ भमिऊण चक्कि पियमित्ते २३ ॥
सुक्के २४ नंदण [illegible] २५ पाणयकप्पे २६ महावीरो २७ ॥

—શ્રીવિચારસાર-પ્રકરણ, ગાથા [illegible]

આ સંબંધમાં આવશ્યક-નિર્યુક્તિની ૪૪૦-૪[illegible] સુધીની ગાથાઓ પણ જોવા જેવી છે. [illegible]—

આ અવસર્પિણી કાલમાં ઉત્પન્ન થયેલા પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવના ભરત નરેશ્વર પુત્ર [illegible] છે. [illegible] અને [illegible] એ તેમના પટ્ટધારીનાં નામો છે, જ્યારે તેમની માતુશ્રીનું નામ તો સુખે [illegible]

[illegible] ' [illegible] ' [illegible] દેવને વિષે દેવતાની બુદ્ધિ, ખોખરા ગુરુને વિષે [illegible] ધર્મને વિષે ધર્મપણાની બુદ્ધિ રાખવી તે ' મિથ્યાત્વ ' છે.

[illegible]—

" [illegible] मरीचिः [illegible] कौशिकः कौशिकः ।
[illegible] अग्निद्योत [illegible] ईशानः ॥
[illegible] [illegible] माहेन्द्रः [illegible] ।
[illegible] [illegible] [illegible] त्रिपृष्ठः ॥
[illegible] [illegible] प्रियमित्रः ।
[illegible] [illegible] [illegible] ॥"

[illegible] ([illegible])

ગલા છે. વિશેષમાં બ્રાહ્મીનો જન્મ પણ તેમની સાથેજ થયો હતો, અર્થાત્ સુમંગલા દે
ભરત અને બ્રાહ્મીના યુગલને જન્મ આપ્યો હતો. અપર માતા સુનંદા દેવીના બાહુબ
પ્રમુખ ૯૯ પુત્રો તેમના ભાઇઓ થતા હતા અને સુન્દરી નામની પુત્રી એ તેમની બેન થ
હતી. તેઓ ભરતક્ષેત્રના છ ખંડ સાધીને ચક્રવર્તી બન્યા હતા. દરેક ચક્રવર્તીની પાસે જેમ ચૌ
રત્નો હોય છે, તેમ તેમની પાસે પણ હતાં. સાધારણ રીતે એમ કહેવાય છે કે ગૃહવાસમાં કેવ
લજ્ઞાન થવું મુશ્કેલ છે, પરંતુ આ મહાત્માને તેવું જ્ઞાન પણ પોતાના રાજ્ય-ભુવનમાં રહેવા છતાં
થયું હતું, એ તેમની બલિહારી સૂચવે છે. કિન્તુ આનું કારણ એ છે કે જોકે તેઓ-તે વખત
સંસારરૂપી કાદવમાં રહેતા હતા, છતાં તેમનું હૃદયરૂપી કમલ તો નિર્લેપજ હતું. તેઓ તે વખત
'अनित्यं संसारे भवति सकलं यन्नयनगम्' અર્થાત્ 'જે જે વસ્તુ આ સંસારમાં દૃષ્ટિ-ગોચર થાય
છે, તે અનિત્ય છે' એવી ભાવના ભાવતા હતા, તેનુંજ આ પરિણામ હતું. આ ભરત રાજર્ષિને
પ્રણામ કરી તેમના વિષેનો ઉલ્લેખ અત્ર સમાપ્ત કરવામાં આવે [illegible].

શ્રેણિક નૃપતિ—

શ્રેણિકના પિતાનું નામ પ્રસેનજિત્ હતું, જ્યારે તેમની માતાનું નામ ધારણી હતું.
ય વયે તેઓ મગધ દેશમાંની રાજગૃહી નગરીના સ્વામી બન્યા હતા. તેઓને ચિલ્લણા
ખ રાણીઓ હતી. રાણી ચિલ્લણા તેમના જેવી સૌન્દર્યની એક અનુપમ મૂર્તિ હતી.' આ
ના સૌન્દર્યને જોઇને તો સમવસરણમાં મહાવીરસ્વામી વિરાજમાન હોવા છતાં પણ તેની
માંના અનેક લોકો મોહમુગ્ધ બન્યા હતા અને તે એટલે સુધી કે સાધુઓમાં ફક્ત ગૌતમ
સ્વામી (ઇન્દ્રભૂતિ) અને સાધ્વીઓમાં ચન્દનબાલા કોરાં રહી ગયાં હતાં.' આ શ્રેણિક
રાજાને અભયકુમારાદિક પુત્રો હતા. શ્રેણિક રાજા વીર પ્રભુના પરમ ભક્ત ગણાય છે. તેઓ
આ 'અવસર્પિણી' કાલ પૂરો થયા બાદ 'ઉત્સર્પિણી'ના બીજા આરામાં પ્રથમ તીર્થંકર થનાર
છે, જોકે અત્યારે તો તેઓ પ્રથમ નરકમાં છે.'

---

૧ ચૌદ રત્નોની માહિતી માટે જુઓ જમ્બૂદ્વીપ-પ્રજ્ઞપ્તિ, તૃતીય વક્ષસ્કાર.

૨ આ ચિલ્લણા રાણીના સંબંધમાં એમ કહી શકાય કે—

"सा रामणीयकनिधेरधिदेवता वा
सौन्दर्यसारसमुदायनिकेतनं वा ।
तस्याः सखे ! नियतमिन्दुसुधामृणाल-
ज्योत्स्नादि कारणमभून्मदनश्च वेधाः ॥"

—માલતી-માધવ

અર્થાત્—તે (માલતી) રમણીયતારૂપ સંપત્તિના ભંડારની અધિ
મિત્ર ! ખરેખર તે (માલતી)નું ઉપાદાન કારણ ચંદ્ર, અ...
રે તેનો કર્તા (સ્રષ્ટા) કામદેવ બનેલ છે.

૩ આ વાત એ જૈનેતર અનુપમ ...
પણ જૈન સમાજમાં જાણીતું છે.

૪ પ્રભુના સેવકની પણ આવી

' એ

" ततः करालं वेताल-रूपमाधाय दुष्टधीः ।
भूधरानप्यधरयन्, प्रारब्धो वर्धितुं सुरः ॥
पातालकल्पे तस्यास्ये, जिह्वया तक्षकायितम् ।
पिङ्गैस्तुङ्गे शिरःशैले, केशैर्दावानलायितम् ॥
तस्यातिदारुणे दंष्ट्रे, अभूतां क्रकचाकृती ।
ज्वाज्वल्यमाने अङ्गार-शकट्याविव लोचने ॥
घोणारन्ध्रे महाघोरे, महीधरगुहे इव ।
भ्रूकुटीभङ्गुरे भीमे, महोरग्याविव भ्रुवौ ॥ "

પ૦ ૧૦, સ૦ ૨, શ્લો૦ ૧૧૩-૧૧૬

અર્થાત્—" તેના પાતાળ જેવા મુખમાં રહેલી તેની જીભ તક્ષક નાગ જેવી દેખાવા લાગી, ઊંચા પર્વત જેવા મસ્તક ઉપરના તેના પીળા કેશ દાવાનલ જેવા ભાસવા લાગ્યા, તેની ભયાનક દાઢો કરવતના જેવી જણાવા લાગી, તેનાં નેત્રો અંગારાની સગડીની જેમ પ્રકાશવા લાગ્યાં, તેનાં નસકોરાં પર્વતની ગુફાનું ભાન કરાવા લાગ્યા અને તેની ભૃકુટી વડે ભંગુર ભમરો બે મોટી નાગણ હોય તેમ ભયંકર દેખાવા લાગી."

આ પ્રમાણે તે સુર પોતાનું વધારે ને વધારે વિકરાળ તેમજ ઊંચું રૂપ બનાવતો જતો હતો તે વાત પ્રભુના લક્ષ્યમાં આવતાં તે પરાક્રમી પ્રભુએ તેની પીઠ ઉપર એક એવી મુક્કી મારી કે તરતજ તે વામન થઇ જઇને તે પ્રભુને નમી પડ્યો અને ઇન્દ્રનું કથન નહિ માનીને તેણે આ કાર્ય કર્યું હતું એમ પ્રભુ સમક્ષ તે કહેવા લાગ્યો. પ્રભુના ધૈર્યની પ્રશંસા કરીને તે સ્વસ્થાને ચાલ્યો ગયો.'

' વીર ' શબ્દના સંબંધી વિચાર—

' વીર ' શબ્દ માટે નિરૂક્ત કરતાં એક વિદ્વાન્ કહે છે કે—

" विदारयति यत्कर्म, तपसा च विराजते ।
तपोवीर्येण युक्तश्च, तस्माद् वीर इति स्मृतः ॥ "

वीर प्रभुनी वीरता तो जाणे ते तेमनो जन्म-सिद्ध हक नहि होय एम लागे छे. तेमना जन्मोत्सवना समये इन्द्र ज्यारे जलाभिषेक करता शंकाया, त्यारे ते प्रभुए [illegible] डाबा पगना अंगुठा वडे मेरु पर्वत कंपावी पोतानुं पराक्रम प्रदर्शित कर्युं हतुं. ते उप[illegible] आपणे उपर जोई गया तेम आमलकी क्रीडादिक प्रसंगे पण तेमणे तेमनुं वीरत्व पुरवार [illegible] बताव्युं हतुं. आथी करीने एमने 'वीर' कहेवा ते तो न्याय्य गणाय. अने तेमने 'महावीर' कहेवामां आवे, तो ते पण खोटुं नथी. श्रुतकेवली श्रीमान् भद्रबाहुस्वामी पण कहे छे के—

"अयले भयभेरवाणं, परीसहोवसग्गाणं खन्तिखमे पडिमाणं पालए धीमं अरतिरतिसहे दविए [illegible] वीरियसंपन्ने देवेहिं से णाम कयं समणे भगवं महावीरे" ॥

—कल्पसूत्र, सू० १०८

अथ चतुर्थकाव्येन श्रीभगवतो विद्याधिक्यमाह—

शक्रेण पृष्टमखिलं त्वमुवच यत् तद्
जैनेन्द्रसंज्ञकमिहाजनि शब्दशास्त्रम् ।
तस्यापि पारमुपयाति न कोऽपि बुद्ध्या
को वा तरीतुमलमम्बुनिधिं भुजाभ्याम् ? ॥ ४ ॥

टीका

हे वीर ! लेखशालाग्रहणावसरे शक्रेण-इन्द्रेण पृष्टं अखिलं-समस्तं यत् [illegible] उचिवान्, तदिह-अस्मिन् लोके जैनेन्द्रसंज्ञकं शब्दशास्त्रं-व्याकरणशास्त्रं अजनि-जातम् । [illegible] तौ दैवते अस्येति जैनेन्द्रम् । इन्द्रचन्द्रः काशिकृत्स्नेत्य[illegible] [illegible] महावैयाकरणाः, [illegible] समासकं व्याकरणं अजनि-समुत्पन्नमित्यर्थः । कोऽपि अनल्पस्यापि शब्दशास्त्रस्य [illegible] बुद्ध्या नोपयाति, गहनार्थत्वात् । उक्तमर्थमर्थान्तरन्यासेन द्रढयति-इति [illegible], अम्बुनिधिं [illegible] भुजाभ्यां तरीतुं कः [क्षमः] अलं-कः समर्थः ? न कोऽपीत्यर्थः ॥ ४ ॥

अन्वयः

शक्रेण पृष्टं अखिलं यद् त्वं उवच, तद् इह जैनेन्द्र-संज्ञकं शब्द-शास्त्रं अजनि, तस्य [illegible] पारं का अपि बुद्ध्या न उपयाति, (यतः) कः वा भुजाभ्यां अम्बु-निधिं तरीतुं अलम् ? ।

१ अचलो भयभैरवाणां, परीषहोपसर्गाणां क्षान्तिक्षमः प्रतिमानां पालको धीमान् अरतिरतिसहः द्रविकः [illegible] वीर्यसंपन्नः देवैः तस्य नाम कृतं श्रमणो भगवान् महावीरः ।

२ [illegible] श्रीभगवतीना प्रथम शतकना [illegible] [illegible] [illegible] [illegible] [illegible] रुचि.

શબ્દાર્થ

शक्रेण (मू० शक्र)=સૌધર્મેન્દ્રથી.
पृष्टं (मू० पृष्ट)=પૂછાયેલ.
अखिलं (मू० अखिल)=સમસ્ત.
त्वं (मू० युष्मद्)=તેં.
उयस्य (धा० वच्)=કહ્યું.
यद् (मू० यद्)=જે.
तद्=તે.
जैनेन्द्र=જિન અને ઇન્દ્ર છે દેવતા જેના એવા.
संज्ञा=નામ.
जैनेन्द्रसंज्ञकं=જૈનેન્દ્ર છે નામ જેનું એવું.
इह=આ લોકને વિષે.
अजनि (धा० जन्)=થયું.
शब्द=શબ્દ.
शास्त्र=શાસ્ત્ર.
शब्दशास्त्रं=વ્યાકરણ.
तस्य (मू० तद्)=તેનો.
अपि=પણ.
पारं (मू० पार)=પાર.
उपयाति (धा० या)=જાય છે.
न=નહિ.
कः (मू० किम्)=કોઈ.
बुद्धया (मू० बुद्धि)=બુદ્ધિ વડે.
वा=અથવા.
तरीतुं (धा० तॄ)=તરવાને.
अलं=સમર્થ.
अम्बु=જલ.
निधि=સમૂહ.
अम्बुनिधिं=સમુદ્રને.
भुजाभ्यां (मू० भुज)=બે હસ્તો વડે.

શ્લોકાર્થ

વીર પ્રભુનું અપૂર્વ વિદ્યા-બલ—

"સૌધર્મેન્દ્રે પૂછેલા (પ્રશ્નના ઉત્તર તરીકે) જે સર્વ તેં કહ્યું, તે આ લોકને વિષે જૈનેન્દ્ર નામના વ્યાકરણ તરીકે (પ્રસિદ્ધ) થયું. આ વ્યાકરણ (ગહન હોવાને લીધે) બુદ્ધિ વડે કોઈ પણ તેનો પાર પામતો નથી; અથવા હાથ વડે સાગરને તરી જવામાં કોઈ સમર્થ છે ખરો કે?"—

સ્પષ્ટીકરણ

વીર પ્રભુનું નિશાળ-ગરણું—

વીર પ્રભુ વિદ્યાભ્યાસ કરવાને લાયક થયા, એટલે તેમના અપૂર્વ જ્ઞાનથી અજ્ઞાત એવા તેમના માતપિતાએ તેમને નિશાળે બેસાડવા વિચાર કર્યો અને તદનુસાર પોતાના રાજ્યમાંના ઉપા[illegible] પંડિત પાસે તેમને લઈ ગયા. આવા અયુક્ત કાર્યની સૌધર્મેન્દ્રને ખબર પડી એટલે તે બ્રાહ્મણનું રૂપ લઈને લેખ-શાળામાં આવ્યો અને વ્યાકરણને લગતા કેટલાક પ્રશ્નો વીર પ્રભુને પૂછ્યા. આના ઉત્તરો સાંભળીને પંડિત તો [illegible] થઈ ગયા. પછી સૌધર્મેન્દ્ર પ્રભુની સ્તુતિ કરી ચાલતો રહ્યો. પ્રભુને વ્યાકરણ વિષે પૂછેલા પ્રશ્નો અને તેના ઉત્તરો 'જૈનેન્દ્ર' વ્યાકરણ એવા નામથી પ્રસિદ્ધ થયા (સરખાવો આવશ્યક-નિર્યુક્તિની ૭૫–૭૭ મી ગાથાઓ).

પદ્ય-અલંકાર

આ પદ્ય [illegible] 'અર્થાન્તરન્યાસ' નામના અલંકારથી શોભી રહ્યું છે. શ્રીહેમચન્દ્રસૂરિએ અર્થાન્તરન્યાસનું લક્ષણ નીચે મુજબ આપ્યું છે:—

"विशेषस्य सामान्येन साधर्म्यवैधर्म्याभ्यां समर्थनमर्थान्तरन्यासः।"

—કાવ્યાનુશાસન, પૃ० ૨૭૮.

આઠ વૈયાકરણો—

(૧) ઇન્દ્ર, (૨) ચન્દ્ર, (૩) કાશકૃત્સ્ન, (૪) આપિશલિ, (૫) શાકટાયન, (૬) પાણિનિ, (૭) અમર અને (૮) જૈનેન્દ્ર એ આઠ વૈયાકરણો છે.

આ વાતની નીચેનો શ્લોક સાક્ષી પૂરે છે.

"इन्द्रश्चन्द्रः काशकृत्स्ना–पिशली शाकटायनः ।
पाणिन्यमरजैनेन्द्रा, जयन्त्यष्टौ च शाब्दिकाः ॥"

અત્ર એ નિવેદન કરવું અસ્થાને નહિ ગણાય કે શ્રીવિનયવિજયે કલ્પસૂત્રના દશમા સૂત્રની વ્યાખ્યામાં વીસ વ્યાકરણો વિષે ઉલ્લેખ કર્યો છે.

* * * * *

उपदेशाधिक्यमाह–

धर्मस्य वृद्धिकरणाय जिन ! त्वदीया
प्रादुर्भवत्यमलसद्गुणदायिनी गौः ।
पेयूषपोषणपरा वरकामधेनु–
र्नाभ्येति किं निजशिशोः परिपालनार्थम् ? ॥ ५ ॥

टीका

हे जिन ! त्वदीया गौः–वाणी धर्मस्य वृद्धिकरणाय प्रादुर्भवति । किंरूपा गौः ? अमला-निर्मलान् सतः-समीचीनान् गुणान् ददातीत्येवंशीला 'अमलसद्गुणदायिनी' । उत्कर्षं दर्शयति– वरा–प्रधाना कामधेनुः निजशिशोः-स्ववत्सस्य परिपालनार्थं किं नाभ्येति–संमुखं किं न गच्छति ? समागच्छत्येव । किंविशिष्टा वरकामधेनुः ? 'पेयूषपोषणपरा' पेयूषं अभिनवं पयस्तेन पोषणं तस्मिन् परा–तत्परा । "धेनुस्तु नवसूतिका" (का० ४, श्लो० ३३१) इति हैमः । भगवतो वाणी कामधेनुरित्यर्थः ॥ ५ ॥

अन्वयः

(हे) जिन ! त्वदीया अ-मल-सत्-गुण-दायिनी गौः धर्मस्य वृद्धि-करणाय प्रादुर्भवति । पेयूष-पोषण-परा वर-कामधेनुः निज-शिशोः परिपालनार्थं किं न अभ्येति ? ।

શબ્દાર્થ

धर्मस्य (मू० धर्म)=ધર્મની.
वृद्धि=વધારો.
करण=(१) કાર્ય; (२) હેતુ.
वृद्धिकरणाय=વૃદ્ધિના હેતુને અર્થે.
जिन ! (मू० जिन)=જીત્યા છે રાગ અને દ્વેષ જેણે એવા (સંબોધન), હે વીતરાગ !
त्वदीया (मू० त्वदीय)=તારી.

प्रादुर्भवति (धा० भू)=પ્રકટ થાય છે.
अमल=નિર્મલ.
सत्=સારા.
गुण=ગુણ.
दायिन्=આપનાર.
अमलसद्गुणदायिनी=નિર્મલ સદ્ગુણને [illegible]

गौः (मू० गो)=વાણી.
पेयूष=તાજું દૂધ, પહેલા સાત દિવસની વીઆયેલી ગાયનું દૂધ.
पोषण=પુષ્ટિ.
पर=તત્પર.
पेयूषपोषणपरा=નવીન દૂધની પુષ્ટિમાં તત્પર.
वर=ઉત્તમ.
कामधेनु=સુરભિ, સ્વર્ગીય ગાય.
वरकामधेनुः=ઉત્તમ સુરભિ.
न=નહિ.
अभ्येति (धा० इ)=સંમુખ જાય છે.
किं=શું.
निज=પોતાના.
शिशु=બચ્ચું, બાળક.
निजशिशोः=પોતાના બાળકનું.
परिपालनार्थं=રક્ષણ કરવાને માટે.

શ્લોકાર્થ

પ્રભુનો ઉપદેશ-મહિમા—

"હે વીતરાગ (પરમાત્મા)! નિર્મલ તેમજ ઉચિત ગુણોને અર્પણ કરનારી એવી તારી વાણીનો ધર્મની વૃદ્ધિ કરવાને માટે પ્રાદુર્ભાવ થાય છે (તે યોગ્યજ છે, કેમકે) શું નવીન દૂધની પુષ્ટિ (કરવા)માં તત્પર એવી ઉત્તમ કામ-ધેનુ પોતાના બાળકનું રક્ષણ કરવાને અર્થે સંમુખ જતી નથી કે ?"—૫

* * * *

कर्मक्षये भगवतो नाम्नो माहात्म्यमाह–

छिद्येत कर्मनिचयो भविनां यदाशु
त्वन्नामधाम किल कारणमीश ! तत्र ।
कण्ठे पिकस्य कफजालमुपैति नाशं
तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥ ६ ॥

टीका

हे ईश !–हे स्वामिन् ! यत्–यस्माद्धेतोः भविनां-संसारिणां कर्मनिचयः-कर्मसमूहः आशु-शीघ्रं छिद्येत-छेदं प्राप्नुयात् तत्र किलेति निश्चितं त्वन्नामधाम कारणं, तव नाम त्वन्नाम तदेव धाम-तेजः तदेव हेतुः । दृष्टान्तमाह–पिकस्य-कोकिलस्य कण्ठे कफजालं यथा नाशमुपैति-हानिं प्राप्नोति तत् चारुचूतकलिकानिकरैकहेतुः—चारुः-मनोहरो यश्चूत-आम्रस्तस्य कलिकानिकरो-मञ्जरीसमूहः स एव एकः-अद्वितीयो हेतुरद्वितीयं कारणम् । हेतुशब्दोऽजहल्लिङ्गः ॥ ६ ॥

अन्वयः

(हे) ईश ! यद् भविनां कर्म-निचयः आशु छिद्येत, तत्र त्वत्-नामन्-धाम किल कारणं, पिकस्य कण्ठे कफ-जालं नाशं उपैति, तद् चारु-चूत-कलिका-निकर-एक-हेतुः ।

---

१ ઉપદેશ-મહિમાની માટે જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ० ४८).

શબ્દાર્થ

छिद्येत (धा० छिद्)=છેદાઇ જાય.
कर्मन्=કર્મ, આત્માની નૈસર્ગિક શક્તિને પણ આચ્છાદિત કરનાર પુદ્ગલ-વિશેષ.
निचय=સમૂહ, સમુદાય, જથ્થો.
कर्मनिचयः=કર્મનો સમુદાય.
भविनां (मू० भविन्)=સંસારીઓના.
यद्=જેથી.
आशु=સત્વર, જલ્દી.
युष्मद्=દ્વિતીયપુરુષવાચક સર્વનામ.
नामन्=નામ.
धामन्=તેજ.
त्वन्नामधाम=તારૂં નામરૂપી તેજ.
किल=ખચિત.
कारणं (मू० कारण)=હેતુ.
ईश! (मू० ईश)=હે પ્રભુ!
तत्र=તેમાં.

कण्ठे (मू० कण्ठ)=કણ્ઠમાં, ગળામાં.
पिकस्य (मू० पिक)=કોકિલાના, કોયલના.
कफ=કફ.
जाल=સમૂહ.
कफजालं=કફનો સમૂહ.
उपैति (धा० इ)=પામે છે.
नाशं (मू० नाश)=વિનાશને.
तद्=તે.
चारु=મનોહર.
चूत=આમ્ર, આંબો.
कलिका=મંજરી, મોર.
निकर=સમુદાય.
एक=અદ્વિતીય, અસાધારણ.
हेतु=કારણ.
चारुचूतकलिकानिकरैकहेतुः=મનોહર આમ્ર-મંજરીના સમુદાયરૂપી અદ્વિતીય કારણ.

કર્મ-ક્ષયનું કારણ નાથનું નામ—

શ્લોકાર્થ

"હે પરમેશ્વર! જેથી સંસારી (જીવો)નાં કર્મનો સમુદાય સત્વર છેદાઇ જાય છે, તેમાં તારૂં નામરૂપી તેજ નક્કી કારણ છે. (જેમકે) કોકિલાના કણ્ઠને વિષે (બાઝેલી) કફની જાળ નાશ પામે છે, તેમાં મનોહર આમ્ર-મંજરીનો સમુદાય અદ્વિતીય કારણ છે."—૬

* * * * *

भगवता मिथ्यात्वं हतं, तदन्यदेवेषु स्थितमित्याह—

'देवार्य'देव ! भवता कुमतं हतं तन्-
मिथ्यात्ववत्सु सततं शतशः सुरेषु ।
संतिष्ठतेऽतिमलिनं गिरिगह्वरेषु
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥ ७ ॥

टीका

हे देवार्यदेव !-हे वर्धमान ! । "देवार्यो ज्ञातनन्दनः" (का० १, श्लो० ३०) इति ...मः । यद् भवता-त्वया कुमतं-कुत्सितमतं हतं तद् कुमतं "यत्तदोः [illegible]" [illegible] ...न्येषु सुरेषु 'मिथ्यात्ववत्सु' मिथ्यात्वमस्ति येषु ते मिथ्यात्ववन्तस्तेषु संतिष्ठते-निरन्तरं तिष्ठति । ...विशिष्टं कुमतं ? अतिमलिनं-महामलीमसम् । केषु किमिव ? गिरिगह्वरेषु सूर्यांशुभिन्नं शार्वरं-

१ કર્મનું સ્વરૂપ સ્તુતિ-ચતુર્વિંશતિકાના પૃ० ૧-૭ માં આલેખવામાં આવ્યું છે

शर्वरीसम्बन्धि) अन्धकारमिव, गिरीणां-पर्वतानां गह्वराणि-गुहास्थानानि तेषु सूर्यस्यांशुभिर्मिश्रं-सूर्यकिरणैः प्रहतमन्धकारमिव ॥ ७ ॥

अन्वयः

(हे) 'देवार्य'-देव ! (यद्) भवता अति-मलिनं कु-मतं हतं, तद् शतशः मिथ्यात्ववत्सु सुरेषु सूर्य-अंशु-मिश्रं शार्वरं अन्धकारं गिरि-गह्वरेषु इव सततं संतिष्ठते ।

શબ્દાર્થ

देवार्य=દેવાર્ય, જ્ઞાતનન્દન, મહાવીર.
देव=પ્રભુ, સ્વામી.
देवार्यदेव !=હે દેવાર્ય દેવ !
भवता (मू० भवत्)=આપ વડે.
कुमतं (मू० कुमत)=દુષ્ટ મત.
हतं (मू० हत)=હણાયું.
तद् (मू० तद्)=તે.
मिथ्यात्ववत्सु (मू० मिथ्यात्ववत्)=મિથ્યાત્વીઓને વિષે.
[illegible]=[illegible].
[illegible]=સેંકડો.
सुरेषु (मू० सुर)=દેવોને વિષે.
संतिष्ठते (धा० स्था)=નિરંતર રહે છે.

अति=અતિશય.
मलिन=મલિન, દુષ્ટ.
अतिमलिनं=અતિશય મલિન.
गिरि=પર્વત.
गह्वर=ગુફા.
गिरिगह्वरेषु=પર્વતોની ગુફાઓને વિષે.
सूर्य=રવિ, સૂરજ.
अंशु=કિરણ.
मिश्र (धा० मिश्)=ભેળાયેલ.
सूर्यांशुमिश्रं=રવિનાં કિરણો વડે ભેળાયેલું.
इव=જેમ.
शार्वरं (मू० शार्वर)=રાત્રિ-સંબંધી.
अन्धकारं (मू० अन्धकार)=અંધકાર, અંધારું.

શ્લોકાર્થ

ભગવાને મારી હઠાવેલા મિથ્યાત્વને મળેલો આશ્રય—

“ હે દેવાર્ય દેવ ! જે અતિશય મલિન એવા દુષ્ટ મતનો આપે નાશ કર્યો, તે, જેમ રવિનાં કિરણો વડે ભેળાયેલો ([illegible]) રાત્રિ-સંબંધી (સમસ્ત) અંધકાર પર્વતોની ગુફાઓને વિષે [illegible] કરે છે, તેમ તે કુમત (પણ) સેંકડો મિથ્યાત્વી (ઉન્માર્ગી) દેવોને વિષે નિરંતર રહે છે. ”—૭

* * * * *

[illegible]—

त्वामेव ' वीर ' इति देव ! सुरे परस्मिन्
केनापि यद्यपि धृते न तथापि शोभाम् ।
[illegible] मलिने किमृजीषपृष्ठे
[illegible]मुपैति ननूडुबिन्दुः ? ॥ ८ ॥

टीका

हे देव ! 'वीर' इति [illegible] केनापि [illegible] परस्मिन् सुरे-अन्यस्मिन् देवे यद्यपि [illegible] ([illegible]) [illegible], तथापि तत्राव [illegible]

न प्राप्नोति । तत्र दृष्टान्तमाह—अमुत्र-अमुष्मिन् लोके ननु-निश्चितमुदबिन्दुः-दकस्य बिन्दुः-जलकणो मलिने ऋजीषपृष्ठे-पिष्टपाकभृत्पीठे किं मुक्ताफलद्युतिं-मौक्तिककान्तिं [किं] उपैति-प्राप्नोति ? न प्राप्नोतीत्यर्थः । ऋजीषपृष्ठतुल्योऽन्यसुरः, तत्र वीर इति नामोदकबिन्दुर्न शोभत इत्यर्थः ॥ ८ ॥

अन्वयः

(हे) देव ! यद्यपि 'वीरः' इति त्वत्-नाम केन अपि परस्मिन् सुरे धृतं, तथापि (तत् तस्मिन्) शोभां न प्राप्नोति, अमुत्र (हि) मलिने ऋजीष-पृष्ठे उदन्-बिन्दुः मुक्ताफल-द्युतिं ननु उपैति किम् ? ।

शब्दार्थ

त्वन्नाम=तारुं नाम.
वीरः (मू० वीर)=वीर.
इति=એમ.
देव ! (मू० देव)=हे परमेश्वर !
सुरे (मू० सुर)=देवने विषे.
परस्मिन् (मू० पर)=अन्य.
केनापि (मू० किम्)=कोईकथी.
यद्यपि=जो.
धृतं (मू० धृत)=स्थापन थयुं.
न=नहि.
तथापि=तोपण.
शोभां (मू० शोभा)=शोभाने, तेजने.
प्राप्नोति (धा० आप्)=पामे छे.

अमुत्र=आ लोकने विषे.
मलिने (मू० मलिन)=मलिन, मेलवाळा.
किं=शुं.
ऋजीष=लोढानुं वासण, तवानो पेणो.
पृष्ठ=पीठ.
ऋजीषपृष्ठे=कढाईनी पीठ उपर.
मुक्ताफल=मोती.
द्युति=प्रकाश.
मुक्ताफलद्युतिं=मोतीना प्रकाशने.
उपैति (धा० इ)=पामे छे.
ननु=खरेखर.
उदन्=जल.
बिन्दु=टीपुं.
उदबिन्दुः=जलनुं टीपुं.

श्लोकार्थ

प्रभुना नामनी विशेषता—

" हे परमेश्वर ! जो कोईके तारुं वीर एवुं नाम अन्य देवने विषे स्थापन कर्युं, तो ते त्यां शोभा पामतुं नथी. (केमके) आ लोकने विषे कढाई पाननी मलिन पीठ उपर (रहेलुं) जलनुं बिन्दु शुं मुक्ताफलनी कान्तिने खरेखर पामे छे ? "—८

स्पष्टीकरण

श्लोकनुं तात्पर्य—

आ श्लोकमांथी तात्पर्य ए नीकळे छे के जेम सिंहनुं चामडुं पहेरवाथी शियाळ सिंह बनतुं नथी, तेम मनुष्य तो शुं पण कपिक (हनुमान्) देव पण जो वर्धमान स्वामीनुं वीर एवुं नाम धारण करे, तोपण ते तेने चरितार्थ करी शके नहि. अत्र आ वात 'बावन वीर'ने उद्देशीने जाणीता देव आश्रीने कहेवामां आवी छे. आ 'बावन वीर'नी बाबतनो खुलासो विशेषे समजवा.

भगवतो ज्ञानोत्पत्तिविशेषमाह—

ज्ञाने जिनेन्द्र ! तव केवलनाम्नि जाते
लोकेषु कोमलमनांसि भृशं जहर्षुः ।
प्रद्योतने समुदिते हि भवन्ति किं नो
पद्माकरेषु जलजानि विकाशभाञ्जि ? ॥ ९ ॥

टीका

हे जिनेन्द्र ! तव केवलनाम्नि ज्ञाने जाते–उत्पन्ने सति लोकेषु–स्वर्ग-मर्त्य-पातालेषु कोमल-मनांसि [illegible] भव्यजनानां मनांसि भृशं–अत्यर्थं जहर्षुः–हर्षं प्रापुः । इति उत्कर्षं द्रढयति– प्रद्योतने–धर्मद्युते समुदिते–उद्गते सति पद्माकरेषु–तडागेषु जलजानि–कमलानि विकाशभाञ्जि–विकस्वराणि किं नो भवन्ति ? भवन्त्येव । "प्रद्योतनस्तपनः" (का० २, श्लो० ९) इति हैमः ॥ ९ ॥

अन्वयः

(हे) जिनेन्द्र ! तव केवलनाम्नि ज्ञाने जाते लोकेषु कोमल-मनांसि भृशं जहर्षुः। हि प्रद्योतने समुदिते किं पद्माकरेषु जलजानि विकाशभाञ्जि नो भवन्ति ? ।

शब्दार्थ

વીરભક્તામર

સ્પષ્ટીકરણ

કલ્યાણક-વિચાર—

દરેક તીર્થંકરના (૧) ચ્યવન, (૨) જન્મ, (૩) દીક્ષા-ગ્રહણ, (૪) કેવલજ્ઞાનની પ્રાપ્તિ અને (૫) નિર્વાણ એ પાંચ સમયે અર્થાત્ એ પાંચે કલ્યાણકો વખતે કેટલીક અલૌકિક ઘટનાઓ બને છે. જેમકે એક તો આ વાતની ખબર ઇન્દ્રો પોતાનાં આસનો કમ્પવાથી જાણે છે. વળી આ પાંચે કલ્યાણકોને વિષે સર્વ જીવોને થોડીક વારને સારૂ શાન્તિ મળે છે, તેમજ તેમને હર્ષ પણ થાય છે. વિશેષમાં નરક જેવા સ્થાનમાં પણ પ્રદ્યોત અને સાતા (સુખ) થઇ રહે છે.

પ્રસ્તુતમાં કેવલજ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થવાથી ભવ્ય-કમલો ખીલી રહે છે. ઇન્દ્રો સમવસરણ (ધર્મ-દેશના-મણ્ડપ) ની રચના કરવા અને કેવલજ્ઞાનીની અમૃત દેશનાનું પાન કરવા અધીરા બની જાય છે.

* * * * *

सेवके उपकारविशेषमाह—

यादाय देव ! समियाय य 'इन्द्रभूतिः'
तस्मै प्रधानपदवीं प्रददे स्वकीयाम् ।
धन्यः स एव भुवि तस्य यशोऽपि लोके
भूत्याऽऽश्रितं य इह नाऽऽत्मसमं करोति ॥ १० ॥

टीका

हे देव ! य इन्द्रभूतिः—गौतमगोत्रीयो ब्राह्मणो यादाय—वादं कर्तुमनाः समियाय—आगाम, तस्मै स्वकीयां प्रधानपदवीं भगवान् प्रददे । प्रददे इति प्रथमपुरुषैकवचनम् [illegible] प्रधानमिति पार्षदपदं प्राप्तम् । तस्मै इन्द्रभूतये दानपात्रे चतुर्थी । उत्तमार्थं दर्शयति—[illegible] स एव धन्यो लोकेऽपि तस्य यशः—तस्य कीर्तिः । तस्येति कस्य ? यो ना—नरः [illegible] आश्रितं चे-वार्थमागतं पुरुषं भूत्या—सम्पदा कृत्वा आत्मसमं—आत्मना तुल्यं करोति, स एव ना । [illegible] प्रथमैकवचनम् । स एव नरो धन्य इत्यर्थः ॥ १० ॥

अन्वयः

(हे) देव ! यः 'इन्द्रभूतिः' यादाय समियाय, तस्मै (भगवान्) स्वकीयां प्रधान-पदवीं प्रददे । यः ना इह आश्रितं भूत्या आत्मन्-समं करोति, सः एव भुवि धन्यः, तस्य यशः अपि लोके ।

શબ્દાર્થ

यादाय (मू० वाद)=વાદાર્થે.
देव ! (देव)=હે ઈશ્વર !
समियाय (धा० इ)=આવ્યો.
य (मू० यद्)=જે.
इन्द्रभूतिः (मू० इन्द्रभूति)=ઇન્દ્રભૂતિ, વીર પ્રભુના પ્રથમ ગણધર.
तस्मै (मू० तद्)=તેને.
प्रधान=મુખ્ય.

૧ આ સંબંધમાં જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૩૦-૩૧).



"સજ્જન જે ભૂંડું કરતા રૂડું કરે રે,
તેહના જગમાં રહેશે નામ પ્રકાશ રે;
આંબો પત્થર મારે તેહને ફલ દીયેરે,
ચંદન આપે કાપે તેહને વાસરે—સાંભળજો હવે કર્મવિપાક કહે મુનિ રે."

આ ઉપરથી જોઇ શકાય છે કે પોતાની સાથે બાથ ભીડવાને તૈયાર થયેલા એવા ઇન્દ્ર-ભૂતિને પણ જે વીર પરમાત્માએ ઉત્તમ પદ આપી પોતાના સમાન બનાવ્યા તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે, તેમજ સજ્જન કે સાધુ કહો તો તે પણ તેવાજ પુરૂષો છે.

આ ઉપરથી સાર એ નીકળે છે કે ખરેખરા સજ્જનની સજ્જનતા નિરપેક્ષ હોય છે, અર્થાત્ એવા સજ્જનો સજ્જનતાની ખાતરજ—પોતાના સ્વભાવાનુસારજ સજ્જનતા દાખવે છે. શું પુષ્પોને કોઇએ વિજ્ઞપ્તિ કરી છે કે તમારે અમને સુવાસ આપવી ? શું વનદેવીએ કોઇ દિવસ કોઇની સાથે પણ વસન્તને સંદેશો કહાવ્યો છે કે તારે આવીને મારી શોભામાં વધારો કરવો ? શું કોઇ ચક્રવાકે સૂર્યને પ્રાર્થના કરી છે કે તારે પૃથ્વી અને નભોમંડલને પ્રકાશિત કરવાં, શત્રુરૂપ અંધકારને દૂર કરવો અને ચક્રવાક અને ચક્રવાકીનો સંયોગ કરાવવો ? શું મેઘને ચાતકે કે પર્વતે કદી વિનવ્યો છે કે તારે તાપનો વિનાશ કરનારી જલ-વૃષ્ટિ કરવી, ચાતકોને જીવાડવા અને તેમના નાદ દ્વારા વૈડૂર્ય રત્નનો પ્રાદુર્ભાવ કરવો ? શું ચન્દ્રને કદી પણ કુમુદે કે ચકોરે વિનતિ કરી સાંભળી છે કે તારે અમને આનન્દ આપવો ? શું ચન્દ્રિકા અને પૃથ્વી-સગોત્રીય છે કે જેથી[1] રીને તે પૃથ્વીને સુધાના સમાન ધવલ બનાવે છે ?

1 સરખાવો શ્રીદેવવિમલગણિકૃત હીરસૌભાગ્યના નિમ્ન-લિખિત પદ્યો.

" अपेक्षां च न क्वापि कुर्वन्ति सन्तः
स्वभावेन किं पुण्डुवन्ति सर्वान् ।
किमभ्यर्थितानि प्रसूनानि केचिज्-
जनान् सौरभैः स्वैरमामोदयन्ति ॥—भुजङ्गप्रयातम् (१,१)
कदाचिद् वसन्तस्य सन्देशवाचो-
ऽपि च प्रेषिताः क्वापि किं कुञ्जलक्ष्म्या ।
मृणालीमिवोत्सृष्टकां मञ्जरीभिः
प्रसूनैरयं हासयामास यद् वाम् ॥—भुजङ्ग०
किमभ्यर्थ्यते केनचित्पद्मरोचि-
र्भुवं द्यां दिवौ भासयत्येव यद् वा ।
वियोगानिवोल्लासयत्यन्धकारान्
पुनर्योजयत्यब्जनामी रथाङ्गान् ॥—भुजङ्ग०
अयाच्यन्त किं वाऽम्बुदाः केनचित् किं
मयूरीघटानां व्यपोहन्ति तापम् ।
घटैश्चौकयन्तीह बप्पीहबालान्
स्वनादेव वैदू(दू)र्यमुद्भावयन्ति ॥—भुजङ्ग०
कराकारि किं कैरवैर्वा चकोरै-
र्यदेतान् सितांशुः प्रीणयत्येव किं वा ।
सगोत्राः पुनश्चन्द्रिकायाः किं धरित्र्याः
इमामुर्वरां तां यदेताः सुधाभन् ॥—भुजङ्ग०

—૧૧ મો સર્ગ, શ્લો૰ ૧૨–૧૬

ઇન્દ્રભૂતિ-વિચાર—

મગધ દેશમાંની રાજગૃહી નગરીના સ્વામી શ્રીશ્રેણિકના ' ગોર્વર ' (ગુબ્બર) ગામમાં વસુભૂતિ નામનો વિપ્ર વસતો હતો. તેને પૃથ્વી નામની સ્ત્રીથી ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ અને વાયુભૂતિ એ નામનાં ત્રણ પુત્ર-રત્નો ઉત્પન્ન થયાં હતાં. એ બ્રાહ્મણનું ગૌતમ ગોત્ર હોવાને લીધે ઇન્દ્રભૂતિનો એ નામથી વ્યવહાર કરવામાં આવે છે; અર્થાત્ તેને ગૌતમ(ગોતમ)સ્વામી તરીકે ઓળખાવવામાં આવે છે. આ ગૌતમ સ્વામી અર્થાત્ ઇન્દ્રભૂતિ ચૌદ[1] વિદ્યાના પારગામી બન્યા હતા, તેમણે ચારે[2] વેદોનું સારી રીતે અધ્યયન કર્યું હતું અને તેઓ પોતાને ' સર્વજ્ઞ ' તરીકે ઓળખાવતા હતા.

એક વખત પાવાપુરીની સમીપમાં મહસેન વનમાં રહેતા સોમિલ નામના વિપ્રને ત્યાં અગ્નિભૂતિ પ્રમુખ દશ[3] બ્રાહ્મણો સહિત ઇન્દ્રભૂતિ યજ્ઞને માટે ગયા. ત્યાં તેઓ યજ્ઞ કરતા હતા, એવામાં તેમણે આકાશમાં ઉદ્યોત જોયો અને તદનંતર દેવોને મર્ત્ય-લોક ઉપર ઉતરી આવતા જોયા. આથી તેમણે એમ માન્યું કે આ મારા યજ્ઞનો પ્રભાવ છે અને દેવો મને અભિનંદન આપવાને આવે છે. પરંતુ જ્યારે તે દેવો ત્યાં નહિ આવતાં પાવાપુરીમાં દેવોએ રચેલા વીર પ્રભુના સમવસરણ તરફ ગયા, ત્યારે તેમને આશ્ચર્યનો પાર ન રહ્યો (આથી સાબીત થાય છે કે તેઓ સર્વજ્ઞ હતા નહિ, કેમકે આશ્ચર્ય એ અજ્ઞાનજનક ચેષ્ટા છે). વિશેષમાં લોકોને મુખેથી અત્ર સમીપમાં વીર ભગવાન્ સમવસર્યા છે અને તેઓ સર્વજ્ઞ છે એમ સાંભળતાં તો તેમને અતિશય સામર્ષ ગર્વ ઉત્પન્ન થયો. તેઓ વિચારવા લાગ્યા કે ખરેખર અત્ર કોઇ ધુતારો આવ્યો લાગે છે અને તેને ઇન્દ્રજાલ પાથરી હોય એમ સંભવે છે. આમ વિચારી પ્રભુનું માન મોડવાને તેઓ તૈયાર થયા અને તેમણે સમવસરણ તરફ પ્રયાણ કર્યું. પરંતુ સમવસરણની સમીપ આવતાં, તેમજ દેવકૃત ઋદ્ધિનું અવલોકન કરતાં અને વિશેષતઃ વીર પ્રભુના મુખારવિંદ તરફ નજર પડતાં તો તેઓ ઠંડાગાર થઇ ગયા. એટલામાં અધુરામાં પૂરે વીર ભગવાને તેમને તેમના નામથી બોલાવ્યા. અને વળી પ્રભુએ તેમના મનોગત સંદેહનું નિરાકરણ પણ કર્યું.[4] આથી કરીને ઇન્દ્રભૂતિનો સમસ્ત ગર્વ ગળી ગયો અને તેમણે પ્રભુના ચરણ-કમલમાં પ્રણામ કરી પોતાને તેમના સેવક તરીકે સ્વીકારવા વિનંતિ કરી. આ વિનંતિને સ્વીકારીને પ્રભુએ તેમને દીક્ષા આપી એટલુંજ નહિ, પરંતુ પ્રથમ ગણધર બનાવ્યા. અને એકલેથી પણ અને પોતાનું અનુપમ ઉપકારિત્વ સિદ્ધ થતું ન હોય, તેમ

૧ કહ્યું પણ છે કે— “ષડઙ્ગી વેદાશ્ચત્વારો, મીમાંસાન્વીક્ષિકી તથા ।
ધર્મશાસ્ત્રં પુરાણં ચ, વિદ્યા એતાશ્ચતુર્દશ ॥”
અર્થાત્ ૬ અંગ, ૪ વેદ, મીમાંસા, તર્ક, ધર્મશાસ્ત્ર અને પુરાણ એ ચૌદ વિદ્યાઓ છે.

૨ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ એ ચાર વેદો છે.

૩ અગ્નિભૂતિ, વાયુભૂતિ, વ્યક્ત, સુધર્મા, મંડિક, મૌર્યપુત્ર, અકમ્પિત, અચલભ્રાતા, મેતાર્ય અને પ્રભાસ એ દશેનું [illegible] સમજવું.

૪ આ [illegible] 'ગણધરવાદ' નામથી ઓળખાતા પ્રકરણ ઉપરથી જોઇ લેવું. [illegible] અવલોકનમાં પણ આલેખવામાં આવી છે.

પોતે એક પૌરૂષી[1] પર્યંત દેશના આપ્યા બાદ તરતજ તરતના જૈનેતર દીક્ષિત ઇન્દ્રભૂતિને એજ સમવસરણમાં પાદ-પીઠ ઉપર બેસીને વ્યાખ્યાન આપવાનો પણ અધિકાર આપે. આ તેમની સજ્જનતા સૂચવે છે. આમાં પણ હજી જાણે કંઇ ન્યૂનતા રહી નહિ ગઇ હોય કે શું કે જેથી કરીને ગૌતમસ્વામીને પોતાના નિર્વાણ-સમયે પોતાનાથી દૂર કાઢ્યા. પોતાનામાં ઇન્દ્રભૂતિને 'મારા જ ીર' એવી જે મમતા હતી તે દૂર કરવાને અને તેમ થતાં તેમને સર્વજ્ઞ-પદથી અલંકૃત કરવાને માટે મણે આમ કર્યું. આમ બાબત હોવાને લીધે, પોતાના સેવકને પોતાની તુલ્ય બનાવવાની—નહિ - પોતે સ્વામી તરીકે રહેવાની અને સેવકને સેવક રાખી મૂકવાની—એવી અનુપમ ભાવનાની વીર ભગવાન્ કરતાં વધારે આબેહુબ મૂર્તિ અન્યત્ર મળે ખરી કે ! ખરેખર મહાપુરૂષનો ઉપકાર પણ મહાન્‌જ હોય છે.

સર્વજ્ઞ-પદથી ખરેખરા શોભતા એવા ઇન્દ્રભૂતિ વીર-નિર્વાણ બાદ ૧૨ વર્ષે મોક્ષે સિધાવ્યા. આ દ્વિતીય મંગલરૂપ ઇન્દ્રભૂતિને મારા વારંવાર પ્રણામ હોજો એટલુંજ કહી અત્ર વિરમવામાં આવે તે પૂર્વે નિમ્નલિખિત 'ગૌતમાષ્ટક' તરફ દૃષ્ટિપાત કરવો અનાવશ્યક નહિ ગણાય.

श्रीदेवानन्दसूरिकृतं गौतमाष्टकम्

" श्रीइन्द्रभूतिं वसुभूतिपुत्रं
पृथ्वीभवं गौतमगोत्ररत्नम् ।
स्तुवन्ति देवासुरमानवेन्द्राः
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ १ ॥—उपजातिः

श्रीवर्द्धमानात् त्रिपदीमवाप्य
मुहूर्तमात्रेण कृतानि येन ।
अङ्गानि पूर्वाणि चतुर्दशापि
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ २ ॥—उप०

श्रीवीरनाथेन पुरा प्रणीतं
मन्त्रं महानन्दसुखाय यस्य ।
ध्यायन्त्यमी सूरिवराः समग्राः
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ ३ ॥—उप०

---

૧ 'પૌરૂષી' એટલે પ્રહર અર્થાત્ ત્રણ કલાક.

૨ કેટલાક દર્શનકારોએ ઈશ્વરને નિત્ય-મુક્ત માન્યો છે, તેમજ તેના સમાન તો તેના સેવકો નજ થઇ શકે તું જે ઈશ્વરનું સ્વરૂપ આલેખ્યું છે, તે વિચારણીય છે.

૩ બધાં મળીને મંગલો ચાર છે—(૧) વીર ભગવાન્, (૨) ગૌતમ સ્વામી, (૩) સ્થૂલિભદ્ર આદિ રાજ અને (૪) જૈન ધર્મ યાને સ્યાદ્વાદ દર્શન. કહ્યું પણ છે કે—

"मंगलं भगवान् 'वीरो', मंगलं 'गौतम'प्रभुः ।
मंगलं 'स्थूलिभद्रा'द्या, जैनधर्मोऽस्तु मंगलम् ॥"

૪ ગૌતમસ્વામીને લગતી હકીકત શ્રીજિનપ્રભસૂરિકૃત ગૌતમ-સ્તોત્રમાંથી તેમજ આવશ્યક, વશ્યક, ઉત્તરાધ્યયન, ભગવતી ઇત્યાદિ આગમોમાંથી પણ મળી શકે છે.

यस्याभिधानं मुनयोऽपि सर्वे
गृह्णन्ति भिक्षाभ्रमणस्य काले ।
मिष्टान्न-पाना-ऽम्बरपूर्णकामाः
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ ४ ॥—उप०

अष्टापदाद्रौ गगने स्वशक्त्या
ययौ जिनानां परवन्दनाय ।
निशम्य तीर्थातिशयं सुरेभ्यः
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ ५ ॥—उप०

त्रिपञ्चसङ्ख्याशततापसानां
तपःकृशानामपुनर्भवाय ।
अक्षीणलब्ध्या परमान्नदाता
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ ६ ॥—उप०

सदक्षिणं भोजनमेव देयं
साधर्मिकं(के) सङ्घसपर्ययेव ।
कैवल्यवस्त्रं प्रददौ मुनीनां
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ ७ ॥—उप०

शिवं गते भर्तरि वीरनाथे
युगप्रधानत्वमिहैव मत्वा ।
पट्टाभिषेको विदधे सुरेन्द्रैः
स गौतमो यच्छतु वाञ्छितं मे ॥ ८ ॥—उप०

श्रीगौतमस्याष्टकमादरेण
प्रबोधकाले मुनिपुङ्गवा ये ।
पठन्ति ते सूरिपदं च देवा-
नन्दं लभन्ते नितरां क्रमेण ॥ ९ ॥—उप०

અર્થાત્—"વસુભૂતિના નન્દન, (તેની પત્ની) પૃથ્વીના સુત, અને ગૌતમ ગોત્રને વિ

1 'પૃથ્વીના સુતનો બીજો અર્થ 'મંગલ' થાય છે, એ વાત ધ્યાનમાં લઈને શ્રી દેવવિમલગણિએ હીરસૌભાગ્યમાં ચતુર્થ સર્ગમાં સાતમા અને આઠમા પદ્યો દ્વારા નીચે મુજબ ઉદ્‌ગાર કાઢ્યા છેઃ—

"बभूव मुख्यो वसुभूतिसूनु-
स्तेषां गणीनामिह गौतमाह्वः ।
यो वक्रभावं न बभार पृथ्वी-
सुतोऽपि नो विष्णुपदावलम्बी ॥"—ઉપજાતિ

અર્થાત્ જેઓ પૃથ્વી-સુત હોવા છતાં પણ વક્રતા ધારણ કરી નહિ તેમજ નારાયણના ચરણનો આશ્રય લીધો નહિ, તે ગૌતમ નામના વસુભૂતિના પુત્ર તે ગણધરોમાં મુખ્ય બન્યા (મંગલ એ પૃથ્વી-સુત છે અને એ વક્રી થતો દૃષ્ટિગોચર થાય છે તેમજ તે ગ્રહ હોવાથી આકાશનો આશ્રય લે છે એ દેખીતી વાત છે).

भगवतो वचनमाधुर्यमाह—

गोक्षीरसम्सितसिताधिकमृ(मि)ष्टमिष्ट—
माकर्ण्य ते वच इहेप्सति नो परस्य ।
पीयूषकं शशिमयूखविभं विहाय
क्षारं जलं जलनिधे रसितुं क इच्छेत् ? ॥ ११ ॥

टीका

हे जिन! ते-तव वचो-वचनमाकर्ण्य-श्रुत्वा परस्य-अन्यदेवस्य वचो जनो नो ईप्सति-नाभिमिच्छति । किंविशिष्टं वचः ? गोक्षीरं-दुग्धं सती चासौ सितसिता-उज्ज्वला शर्करा ताभ्यां ताभ्यामधिकमृ(मि)ष्टं विशेषेण मृ(मि)ष्टं-मधुरतरम् । पुनः (किंभूतं वचः ? इष्टं-वाञ्छितं) । उक्तमर्थं द्रढयति—शशिमयूखविभं-चन्द्रकिरणतुल्यं निर्मलं पीयूषकं-अमृतं विहाय-त्यक्त्वा जलनिधेः-लवणसमुद्रस्य क्षारं जलं रसितुं-स्वादितुं क इच्छेत्-को वाञ्छेत् ? न कोऽपीत्यर्थः । पीयूषमेव पीयूषकं स्वार्थे कप्रत्ययः । यद्वा पीयूषतुल्यं कं-जलं अमृतजलं पीत्वा क्षारं जलं रसितुं, रस आस्वादने (इति धातोः) तुम्प्रत्यये इडागमे च रसितुमिति सुपाठः । अशितुमिति पाठोऽज्ञानमूलकः, भोजनार्थाभावात् ॥ ११ ॥

अन्वयः

ते गो-क्षीर-सम्-सित-सिता-अधिक-मृ(मि)ष्टं, इष्टं वचः आकर्ण्य परस्य (वचः) इह (जनः) नो ईप्सति। (हि) शशि-मयूख-विभं पीयूषकं [पीयूष-कं वा] विहाय जल-निधेः क्षारं जलं रसितुं कः इच्छेत् ?॥

शब्दार्थ

[illegible]

ते (मू० युष्मद्)-तारा.
वचः (मू० वचस्)-वचनने.
इह-आ दुनियामां.
ईप्सति (धा० आप्)-मेळववा इच्छे छे.
नो-नहि.
परस्य (मू० पर)-अन्यना.
पीयूषकं (मू० पीयूषक)-अमृत.
पीयूष-अमृत.
[illegible]
पीयूषकं-अमृतसमान जल.
शशिन्-[illegible], चन्द्र.
मयूख-[illegible]
विभ-[illegible]
शशिमयूखविभ-[illegible]

विदाय (धा० दा)=त्यजी दईने, મૂકીને.
क्षारं (मू० क्षार)=ખારા.
जलं (मू० जल)=પાણીને.
जल=પાણી.
निधि=સમુદ્ર.

जलनिधेः (मू० जलनिधि)=સાગરનું.
रसितुं (धा०, रस्)=સ્વાદ લેવાને.
कः (मू० किम्)=કોણ.
इच्छेत् (धा० इष्)=ઇચ્છા કરે.

શ્લોકાર્થ

પ્રભુની વાણીની મધુરતા—

"(હે જગન્નાથ !) ગાયના દૂધથી તેમજ ઉત્તમ અને ઉજ્જ્વલ એવી શર્કરાથી પણ વધારે નિર્મલ [અથવા મધુર] તથા પ્રિય એવું તારું વચન શ્રવણ કર્યા બાદ અન્યના વચનનું શ્રવણ કરવા (કોઇ પણ મનુષ્ય) અત્ર ઇચ્છતો નથી. (કેમકે) ચન્દ્રનાં કિરણોના જેવા (નિર્મ અમૃતને [અથવા અમૃત સમાન જલને] મૂકીને (લવણ) સમુદ્રના ખારા જલનો સ્વાદ લેવ કોણ ઇચ્છે ?"—૧૧

સ્પષ્ટીકરણ

પાઠાન્તર-વિચાર—

'અર્થાન્તરન્યાસ'થી અલંકૃત એવા આ શ્લોકની વૃત્તિમાં 'जलनिधेरशितुं' (जलनिधेः+अशितुं) એ પાઠાન્તરના .સંબંધમાં ખુલાસો કરવામાં આવ્યો છે અને તેમાં 'अशितुं' એ પાઠ અશુદ્ધ છે એમ કહેવામાં આવ્યું છે.

આ વાતના સમર્થનમાં એ ઉમેરવાનું કે સમયસુન્દરગણિકૃત ઋષભ-ભક્તામરમાં, રત્નસિંહકૃત નેમિ-ભક્તામર (યાને પ્રાણપ્રિય કાવ્ય)માં તેમજ કાવ્ય-માલાના સપ્તમ ગુચ્છકમાં છપાયલ ભક્તામર સ્તોત્રમાં પણ 'रसितुं' પાઠ છે. પરંતુ એ નિવેદન કરવું અસ્થાને નહિ ગણાય કે ભાવપ્રભસૂરિવિરચિત નેમિ-ભક્તામરમાં, કીર્તિવિમલકૃત શાન્તિ-ભક્તામરમાં તેમજ ધર્મસિંહસૂરિ રચિત સરસ્વતી-ભક્તામરમાં પણ 'अशितुं' એવો પાઠ છે. વળી 'सुधा-शिनो देवाः,' 'वाताशिनो नागाः' એવાં વાક્યો પણ જોવામાં આવે છે. વાસ્તે આ વાત વિચારણીય છે.

* * * * *

भगवतो रूपाधिक्यमाह—

अङ्गुष्ठमेकमणुभिर्मणिजैः सुरेन्द्रा
निर्माय चेत् तव पदस्य पुरो धरेयुः ।
पूर्णोऽग्र उत्सुकमिवेश ! स दृश्यते वै
यत् ते समानमपरं न हि रूपमस्ति ॥ १२ ॥

टीका

हे जिन ! सुरेन्द्राः–देवेन्द्रा अणुभिः–परमाणुभिः एकमङ्गुष्ठं निर्माय–नूतनं निष्पाद्य चेद्यदि स्य–चरणस्य पुरः–अग्रे धरेयुः–तव चरणस्याङ्गुष्ठेन तुल्यताकरणाय स्थापयेयुः । किंविशिष्टैर-

માયાવી પુરૂષ અન્યને છેતરી શકે એમાં નવાઇ જેવું નથી, પરંતુ 'ખાડો ખોદે તે પડે' એ કહેવત મુજબ માયાવી પોતાના આત્માનેજ છેતરે છે. આ વાતની નીચેનો શ્લોક સાક્ષી પૂરે છે.

" कौटिल्यपटवः पापा, मायया बकवृत्तयः ।
भुवनं वञ्चयमाना, वञ्चयन्ते स्वमेव हि ॥ "

—યોગશાસ્ત્ર, પ્ર૦ ૪, શ્લો૦ ૧૧.

અર્થાત્—કુટિલતામાં કુશળ અને માયા વડે બકવૃત્તિને ધારણ કરનારા એવા પાપીઓ જગતને ઠગતાં પોતેજ ઠગાય છે.

માયારૂપી મહારાક્ષસીના પંજામાં અનેક જનો સપડાઇ જાય છે. જુગારીઓ તેમજ વેશ્યાઓ પ્રપંચ-જાળ પાથરવામાં કચ્ચાસ ન રાખે એમાં કંઇ આશ્ચર્ય નથી. પરંતુ કેટલાક વ્યાપારીઓ અને રાજાઓ પણ કુટિલતાનો ઉપયોગ કરવામાં પાછી પાની કરતા નથી. અરે આ તો ગૃહસ્થોની વાત કરી, પરંતુ કેટલાક સંન્યાસીઓ અને નામધારી જોગીઓ પણ માયાદેવીના ભક્ત બને છે. આથી કરીને તો કહેવામાં આવે છે કે—

" મુખમેં રામ, બગલમેં છુરી,
ભગત ભયે પણ દાનત બુરી. "

પરંતુ યાદ રાખવું જોઇએ કે 'ઠગો કોઇનો સગો નથી'. તેનો અલ્પ સહવાસ પણ અનર્થનું કારણ થઇ પડે છે. કહ્યું પણ છે કે—

" दम्भलेशोऽपि मल्ल्यादेः, स्त्रीत्वानर्थनिबन्धनम् ।
अतस्तत्परिहाराय, यतितव्यं महात्मना ॥ "

અર્થાત્—મલ્લિનાથ જેવા તીર્થંકરાદિક મહાત્માઓને પણ (પૂર્વ જન્મમાં તપસ્યા માટે કરેલો) દંભનો અંશ પણ સ્ત્રીત્વરૂપ અનર્થનું કારણ થઇ પડ્યો, તો તેથી કરીને મહાત્માએ તેનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો જોઇએ (એટલે કે માયારૂપી મહારાક્ષસીના ફંદમાં ફસાયેલાને મુક્ત કરનારી એવી [illegible]દેવીની સેવા સ્વીકારવી જોઇએ).

વળી—

આ વિશ્વમાં કોઇનું પણ એકછત્ર સામ્રાજ્ય હોય, તો તે લોભ રાજાધિરાજનું છે, કેમકે તેનું બળ તો એકેન્દ્રિયાદિ ઉપર પણ ચાલે છે. એના સમર્થનમાં કહેવાનું કે—

" अहो लोभस्य साम्राज्य-मेकच्छत्रं महीतले ।
तरवोऽपि निधिं प्राप्य, पादैः प्रच्छादयन्ति यत् ॥ "

અર્થાત્—અહો ! પૃથ્વીતલમાં લોભનું એકછત્ર સામ્રાજ્ય છે, કેમકે નિધાનને પ્રાપ્ત કર્યાં બાદ વૃક્ષો પણ તેને પોતાનાં મૂળિયાં વડે ઢાંકી રાખે છે.

* [illegible]

અરે, દ્રવ્યના લોભથી પ્રાણીઓ પોતાનાં પૂર્વ નિધાનોનાં સ્થાનોમાં સર્પ, ગરોળી, ઉંદર ઇત
અધમ પંચેન્દ્રિય જીવો તરીકે ઉત્પન્ન થાય છે.[1] વળી આ લોભરૂપી સેતાન તો ભૂત, પિશાચ ઇત્ય
દેવોને પણ સતાવે છે, કેમકે તેઓ લોભને વશ થઇ નિધાન-ભૂમિ ઉપર ફર્યા કરે છે.[2] વળી ઉ
જાતિના દેવોની પણ લોભ દુર્દશા કરે છે. કહ્યું પણ છે કે—

"भूषणोद्यानवाप्यादौ, मूर्च्छितास्त्रिदशा अपि ।
च्युत्वा तत्रैव जायन्ते, पृथ्वीकायादियोनिषु ॥"

અર્થાત્—ઘરેણાં, બાગ, વાવ ઇત્યાદિમાં મોહમુગ્ધ બનેલા દેવો પણ ચ્યવીને[3] તેજ પૃથ્વીકાયાદિક[4] યોનિઓમાં ઉત્પન્ન થાય છે.

લોભના પરાક્રમના સંબંધમાં જેટલું કથન કરવામાં આવે તેટલું થોડું છે, કેમકે કહ્યું પણ છે કે—

"सब अवगुणको गुण लोभ भयो
तब और अवगुण भयो न भयो"

અર્થાત્ જ્યારે સમસ્ત અવગુણોના ગુણરૂપ લોભ પ્રાપ્ત થયો, તો પછી બીજા અવગુણો હોય કે ન હોય તે સરખુંજ છે.

હવે આપણે પ્રથમ તો તેના પંજામાં સપડાયેલા સાધારણ મનુષ્ય સંબંધી વિચાર કરીએ. આ સંબંધમાં શ્રીસોમપ્રભસૂરિએ કહ્યું છે કે—

"यद् दुर्गामटवीमटन्ति विकटं क्रामन्ति देशान्तरं
गाहन्ते गहनं समुद्रमतनुक्लेशां कृषिं कुर्वते ।
सेवन्ते कृपणं पतिं गजघटासंघट्टदुःसंचरं
सर्पन्ति प्रधनं धनान्धितधियस्तल्लोभविस्फूर्जितम् ॥"
—સિન્દૂર-પ્રકર શ્લો॰ ૫૭.

અર્થાત્—ધન મેળવવામાં આંધળા બનેલા એવા મનુષ્યો દુર્ગમ્ય અરણ્યમાં રખડે છે, વિકટ દેશાન્તરમાં ભટકે છે, ઊંડા સમુદ્રમાં પ્રવેશ કરે છે, અત્યન્ત ક્લેશકારી ખેતી કરે છે, (મમ્મણ

1 સરખાવો—

"मुक्तारत्नलोभाः स्यु–र्मुग्धाः पंचेन्द्रिया अपि ।
धनलोभेन जायन्ते, निधाने स्वर्णभूमिषु ॥"

2 સરખાવો—

"पिशाचमुद्गलप्रेत–भूतयक्षादयो धनम् ।
स्वकीयं परकीयं वा–ऽप्यधितिष्ठन्ति लोभतः ॥"

3 દેવોના મરણને 'ચ્યવન' કહેવામાં આવે છે.

4 'પૃથ્વીકાયાદિ'થી અત્ર પૃથ્વીકાય, જલ-કાય અને વનસ્પતિ-કાય સમજવા.

5 સરખાવો—

"द्विषेव सर्वपापानां, मिथ्यात्वमिव कर्मणाम् ।
राजयक्ष्मेव रोगाणां, लोभः सर्वांघसां गुरुः ॥"

(૭) સર્પો—આ ઉપાય તે બીજો કોઇ નહિ, પરંતુ તેણે યમરાજના દંડ જેવા ભયંકર અને મોટી ફેણવાળા સર્પો (સાપો) વિકુર્વ્યા. જેમ વૃક્ષને લતા વીંટી લે છે, તેમ આ સર્પોએ નખથી તે મસ્તક સુધી પ્રભુના શરીરને વીંટી લીધું અને તેના શરીરમાં પોતાનાથી બને તેટલી વેદના ઉત્પન્ન કરવામાં કચ્ચાસ ન રાખી. કિન્તુ આથી પણ સંગમનું કાર્ય સર્યું નહિ, એટલે તેણે 'હાર્યો જુગારી બમણું રમે' તેમ આઠમા ઉપસર્ગનો પ્રારંભ કર્યો.

(૮) ઉંદરો—આઠમા ઉપસર્ગ તરીકે તેણે વજ્ર જેવા દાંતવાળા ઉંદરો વિકુર્વ્યા. તેઓએ પ્રભુને કરડવામાં પોતાનું સમસ્ત બળ વાપર્યું. પરંતુ પ્રભુ તો નિશ્ચલ રહ્યા એટલે ક્રોધથી ભૂત જેવો બનેલો એવો **સંગમ** વધારે વધારે ઉપદ્રવ કરવા તૈયાર થયો.

(૯) કુંજર—જેનાં ચરણના ધબકારાથી આખી પૃથ્વી ધ્રુજી ઊઠે એવો અને જેની સૂંઢ આકાશને પણ અડકી શકે તેવો એક મદોન્મત્ત કુંજર (હાથી) વિકુર્વ્યો. આ કુંજર એકદમ દોડતો પ્રભુની પાસે આવ્યો અને તેણે તેમને પોતાની સૂંઢ વડે અદ્ધર ઉપાડીને આકાશમાં ઉછાળ્યા. આથી પણ જાણે તે ધરાયો ન હોય તેમ તે પોતાના દંતશૂળ ઊંચા રાખીને ઊભો રહ્યો. આમ કરવામાં તેની એ ઇચ્છા હતી કે પ્રભુ નીચે પડે ત્યારે તેને દંતશૂળ વડે ઝીલવા કે જેથી તેની છાતી ચીરાઇ જાય અને તેના દેહનો અંત આવે. આ પ્રમાણે કરવા છતાં પણ પ્રભુ તો પોતાના ધ્યાનમાં મગ્નજ રહ્યા એટલે **સંગમે** વળી કોઇ અન્યજ ઉપદ્રવ કરવા માંડ્યો.

(૧૦) હાથિણી—આ વખતે તેણે હાથિણી વિકુર્વી. આ હાથિણી પ્રભુને દાંત વડે ભેદવા લાગી અને વિષની જેમ પોતાના મદ-જલનું તે તે ભાગ ઉપર સિંચન કરવા લાગી. પરંતુ તેથી પણ પ્રભુ તો ક્ષોભ નહિજ પામ્યા. એટલે **સંગમ** અન્ય ઉપસર્ગ કરવા કટિ-બદ્ધ થયો.

(૧૧) પિશાચ—પ્રજ્વલિત અગ્નિકુંડને પણ લજ્જાસ્પદ કરનારા એવા અનેક જ્વાલાઓથી વ્યાપ્ત મુખવાળો, યમરાજના ગૃહ-સ્તંભ જેવી ભુજાવાળો, તાડ વૃક્ષ જેવી જંઘાવાળો, ચર્મ-વસ્ત્રને ધારણ કરનારો, અટ્ટાટ્ટહાસ્ય કરતો અને 'કિલ' 'કિલ' શબ્દ કરી કુત્કારા કરતો એવો એક પિશાચ તેણે વિકુર્વ્યો. આ પિશાચ કાતી લઇને પ્રભુની સમીપ દોડી આવ્યો. પરંતુ તે પણ આખરે હારી ગયો, એટલે **સંગમે** એક ભયંકર વ્યાઘ્ર (વાઘ) વિકુર્વ્યો.

(૧૨) વ્યાઘ્ર—પુચ્છ(પૂંછડા)ની છટાના આચ્છોટનથી જાણે પૃથ્વીને ફાડી નાખતો હોય તેવો તે વ્યાઘ્ર વજ્ર જેવી પોતાની દાઢોથી અને ત્રિશૂળના જેવા નખોથી પ્રભુને દુઃખ દેવા લાગ્યો. પરંતુ આખરે તે પણ નિસ્તેજ થઇ ગયો એટલે વળી કોઇક નવીન ઉપસર્ગ કરવા **સંગમ** તૈયાર થયો.

(૧૩) સિદ્ધાર્થ અને ત્રિશલા—સંગમ મહાવીર પ્રભુ પાસે તેમના પિતા સિદ્ધાર્થ રાજાનું રૂપ લઇ આવ્યો અને કહેવા લાગ્યો કે મારી વૃદ્ધાવસ્થામાં તારો વડીલ બંધુ નંદિવર્ધન મારી ઉપેક્ષા કરે છે તેથી તું આ દીક્ષા-વ્રત મૂકી દઇ મારી સેવા કર. આ પ્રમાણે તેણે ઘણા કાલાવાલા કર્યા, પરંતુ તે મગશિળીઆ પત્થર ઉપર થતી જલની વૃષ્ટિની જેમ નિષ્ફળ ગયા. આથી **સંગમ** પ્રભુની માતા ત્રિશલા દેવીનું રૂપ ધારણ કરી વારંવાર વિલાપ કરવા લાગ્યો, પરંતુ

અરણ્યમાં રુદન કરે તો તેની કોણ દરકાર કરે તેમ તે આ કાર્યમાં પણ ફાવ્યો નહિ. અતુજ કોપાયમાન થયો અને તેણે મનુષ્યોની એક છાવણી વિકુર્વી.

(૧૪) રસોઇઓ—આ છાવણીમાં એક રસોઇઓ ભાત રાંધવા તૈયાર થયો. તેને નહિ મળવાથી તેણે પ્રભુનાં ચરણોને ચૂલો કલ્પીને તેના ઉપર ભાતનું ભાજન ચડાવ્યું અને તે ચરણોની વચ્ચે અગ્નિ પ્રજ્વલિત કર્યો. પ્રભુએ આવું અઘોર દુઃખ પણ ધૈર્યપૂર્વક સહન અને તેઓ પોતાના ધ્યાનમાં એકતાન રહ્યા. આથી સંગમ ઉલટો ચીડાયો અને તેણે ચંડાળ રૂપ વિકુર્વ્યું.

(૧૫) ચંડાળ—આ ચંડાળે પ્રભુના કંઠમાં, કાનમાં અને ભુજામાં ક્ષુદ્ર પક્ષીઓના પાંજરાં લટકાવ્યાં. આ પક્ષીઓએ ચાંચ અને નખના પ્રહારથી પ્રભુની કાયાને ચાળણીની જેમ અનેક છિદ્રવાળી બનાવી દીધી. પરંતુ તેથી આ યોગીશ્વરને શું! તેઓ તો પોતાના ધ્યાનમાં નિશ્ચળજ રહ્યા. આથી સંગમે નવી યુક્તિ શોધી કાઢી.

(૧૬) પ્રચંડ પવન—સંગમે પ્રૌઢ વૃક્ષોને પણ તૃણની માફક આકાશમાં ઉછાળતો, ચારે દિશાઓમાં પથરા અને કાંકરાઓનો વરસાદ વરસાવતો અને ચોતરફ ધૂળ ઉડાડતો એવો પવન વિકુર્વ્યો. આ પવન પ્રભુને ઊંચકી ઊંચકીને પટકવા લાગ્યો. પરંતુ ધ્યાનમાં આરૂઢ બનેલા આ યોગીશ્વરને તેની ક્યાં પરવા હતી. આથી સંગમ નૂતન ઉપદ્રવ કરવા લાગ્યો.

(૧૭) વંટોળીઓ—પર્વતોને પણ ભમાડવાને પરિપૂર્ણ પરાક્રમવાળો વંટોળીઓ વિકુર્વીને સંગમ પ્રભુને કુંભારના ચક્રની જેમ ભમાડવા લાગ્યો. પરંતુ પ્રભુનું ચિત્ત ધ્યાનથી ચલિત થયું નહિ. એટલે તેણે નવીન ઉપાય શોધી કાઢ્યો.

(૧૮) કાલ-ચક્ર—સંગમે હજાર ભાર લોઢાથી ઘડેલું, પૃથ્વીનો સંપુટ કરવામાં સહાયક અને તેટલા પ્રમાણવાળું, ઉછળતી જ્વાલાઓથી દશે દિશાઓને વિકરાળ બનાવતું અને કુલ-પર્વતોના પણ ચૂરેચૂરા કરવામાં સમર્થ એવું એક કાલ-ચક્ર વિકુર્વ્યું. ત્યાર પછી રાવણે જેમ કૈલાસ પર્વત ઉપાડ્યો હતો તેમ તેને ઉપાડીને પ્રભુનો પ્રાણ લેવાના ઇરાદાથી તેણે તે તેના ઉપર રચ્યું. આથી પ્ર[illegible]નુ પર્યંત જમીનમાં દટાઇ ગયા, પરંતુ તેમણે પોતાનું ધ્યાન તો ચાલુજ રાખ્યું. આથી સંગમે વિચાર્યું કે અનુકૂળ ઉપસર્ગો કર્યા વિના પ્રભુને ક્ષોભ પમાડવા તે અશક્ય છે.

(૧૯) પ્રભાત—તે દુષ્ટ દેવે અકાલે પ્રભાતની રચના કરી. પરંતુ આ પ્રભુ અજ્ઞાત નહિ હોવાને લીધે તેઓ લગારે ચલાયમાન થયા નહિ. આથી તે દેવે એક નવીન યુક્તિ શોધી કાઢી. આ યુક્તિ-અનુસાર સંગમે એક વિમાન વિકુર્વ્યું અને તેમાં તે દેવનું રૂપ લઇને પ્રભુ પાસે આવ્યો. જાણે પ્રભુના ધૈર્યથી, પરાક્રમથી, તપથી અને તેના ટેકથી પોતે પ્રસન્ન થઇ વરદાન નહિ આપતો હોય તેમ તેણે આચરણ કર્યું. મધુર વચન વડે અનેક વસ્તુઓ અર્પણ કરવાને તે તૈયાર છે એમ કહી તેણે પ્રભુને લોભાવવા પ્રયત્ન કર્યો. પરંતુ તેમાં પણ તેનો પારો સવળો પડ્યો નહિ. આથી તેણે નવીન યુક્તિ અજમાવવા વિચાર કર્યો.

(मू॰ हारि)=મનોહર.

हित्वा (धा॰ [illegible])=ત્યજી દઈને.
नेतः ! (मू॰ नेतृ)=હે નાયક !
नराः (मू॰ नर)=મનુષ્યો.
भुवि (मू॰ भू)=પૃથ્વીને વિષે.
भवन्ति (धा॰ भू)=થાય છે, હોય છે.
गत (धा॰ गम्) ગયેલ.
अङ्कुश=અંકુશ, મર્યાદા.
गताङ्कुशाः=ગયેલો [illegible] અંકુશ જેમનો એવા.
ये (मू॰ यद्) જેઓ.
कः (मू॰ किम्) કોણ.
तान् (मू॰ तद्)=તેમને.
निवारयति (धा॰ वार्)=નિવારે છે.
सञ्चरतः (मू॰ सञ्चरत्)=જતા.
यथेष्टं=મરજી મુજબ.

શ્લોકાર્થ

"હે નાયક ! જો બહેરાની માફક તું મારું વચન સાંભળતો નથી, તો (પછી) આ શબ્દાદિક સુખને છોડીને જા. જે મનુષ્યો જગત્માં નિરંકુશ હોય છે, તેવા ઇચ્છા મુજબ ફરતા કોણ અટકાવે ?"—૧૪

* * * * *

ध्यानं विधेहि कुरु रैवतके तपांसि
विद्धीति मां हरिसुतोऽस्थिरमाशु कर्ता ।
यज्जन्ममात्रलघुगात्रजिनांह्रितो नो
किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ? ॥ १५ ॥

टीका

हे नेमे ! त्वं रैवतके गिरौ ध्यानं विधेहि–कुरु । पुनः त्वं तपांसि कुरु । हे नेमे ! हरि-सुतः–कृष्णपुत्रः–कामः आशु–शीघ्रं मां–नेमिं अस्थिरं भवाद् अयं कर्ता–करिष्यति इति त्वं विद्धि–जानीहि । यद्–यस्मात् कारणात् कदाचित्–कस्मिंश्चित् काले मन्दराद्रिशिखरं किं नो चलितं ? अपितु चलितमेव । कस्मात् ? 'जन्मेति' जन्ममात्रश्चासौ लघुगात्रश्चासौ जिनो–वीरस्य तस्यां-हितः–पादकमलात् । अत्र महावीरचरणत इति दृष्टान्तमात्रविवक्षितत्वात् भाविनि दृष्टान्ते भूतो-पचारः । अथवा "पुंव्यतिरथवरनिर्दिष्टे" इति वचनात् प्रसिद्धत्वाद् भवत्येव । एवं "धम्मसारहीणं" इति पदे भाविनि मेघकुमारदृष्टान्ते भूतारोपणा दृश्यते ॥ १५ ॥

१ पूर्वतीर्थंकरनिर्दिष्टः । २ धर्मसारथिम्नाः ।

अन्वयः

(हे नेमे !) ध्यानं विधेहि, रैवतके तपांसि कुरु । (परन्तु) ' हरि-सुतः आशु मां अ-स्थिरं कर्ता ' इति विद्धि, यद् जन्म[न्]-मात्र-लघु-गात्र-जिन-अंह्रितः किं मन्दर-अद्रि-शिखरं कदाचित् नो चलितम् ? ।

શબ્દાર્થ

ध्यानं (मू० ध्यान)=ધ્યાન.
विधेहि (धा० धा)=તું કર.
कुरु (धा० [illegible])=તું કર.
रैवतके=રૈવત (પર્વત) ઉપર.
तपांसि (मू० तपस्)=તપશ્ચર્યાઓ.
विद्धि (धा० विद्)=તું જાણ.
इति=એમ.
मां (मू० अस्मद्)=મને.
हरि=કૃષ્ણ.
सुत=પુત્ર.
हरिसुतः=કૃષ્ણનો પુત્ર, પ્રદ્યુમ્ન, કામદેવ.
स्थिर=સ્થિર.
अस्थिरं=અસ્થિર.
आशु=સત્વર.
कर्ता (धा० कृ)=કરશે.
यद्=જેથી કરીને.
जन्मन्=જન્મ.
जन्म=જન્મ.
मात्र=ફક્ત.
लघु=નાનું.
गात्र=શરીર.
जिन=તીર્થંકર.
अंह्रि=ચરણ.
जन्ममात्रलघुगात्रजिनांह्रितः=તરતજ જન્મેલા એવા લઘુ દેહવાળા એવા જિનના ચરણથી.
नो=નહિ.
किं=શું.
मन्दर=મેરૂ.
अद्रि=પર્વત.
शिखर=શિખર.
मन्दराद्रिशिखरं=મેરૂ પર્વતનું શિખર.
चलितं (मू० चलित)=હાલેલું.
कदाचित्=કદાપિ, કોઇક વેળા.

શ્લોકાર્થ

" હે નેમિ(નાથ) ! (ભલે) તું ધ્યાન ધર (અર્થાત્ યોગી બન) અને રૈવંત પર્વતના ઉપર તપશ્ચર્યાઓ (પણ) કર. પરંતુ કામદેવ મને સત્વર અસ્થિર કરશે એમ જાણ (અર્થાત્ યાદ રાખજે કે તારા ધ્યાનમાંથી તને કામદેવ જરૂરજ ચલિત કરશે), કેમકે તરતનાજ જન્મેલા (અને એથી કરીને) લઘુ દેહવાળા એવા (વીર) જિનેશ્વરના ચરણથી મેરૂ પર્વતનું શિખર શું કદાપિ ચલાયમાન થયું નથી કે ?"—૧૫

સ્પષ્ટીકરણ

શ્લોકાર્થનું સમાધાન—

આ શ્લોકમાં એમ લખ્યું છે કે રાજીમતીના જીવન દરમ્યાન નહિ જન્મ ધારણ કરેલા એવા વીર પ્રભુએ મેરૂ પર્વત કમ્પાયમાન કર્યો, તો આ વાત સતી રાજીમતીએ કેવી રીતે જાણી એવો પ્રશ્ન ઉદ્ભવે છે. આનો ઉત્તર બે રીતે આપી શકાય છે. એક તો જેમ મેઘકુમારના ભાવિ દૃષ્ટાન્તમાં ' धम्मसारहीणं ' એ પદથી ભાવિમાં ભૂતનો ઉપચાર કર્યો છે તેમ અહિં પણ સમજવું.

૧ કવિવર માઘે પોતે રચેલા શિશુપાલવધ નામના મહાકાવ્યમાં આ રૈવતક પર્વતનું સુંદર વર્ણન કર્યું અને તેમ કરતાં તેણે આખો ચોથો સર્ગ રચ્યો છે.

૨ ભાવિમાં ભૂતનો ઉપચાર કરવો એટલે ભાવિનો ભૂત તરીકે આરોપ કરવો એ નૈગમ નયનો એક પ્રકાર છે. આ સંબંધમાં જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ૦ ૨૦).

બીજો ઉત્તર એ છે કે पुन्नतित्पयरनिद्दिट्ठे અર્થાત્ પૂર્વ તીર્થંકરે નિર્દેશ કર્યો હોય કે વીર પ્રભુ મેરૂ પર્વત કંપાવશે એ વાત જન-સમાજમાં સુપ્રસિદ્ધ હોય અને એથી કરીને રાજીમતી તે વાત જાણતી હતી એમ કહી શકાય.

* * * * *

तत्रोषितं निधुवनाय समागतास्त्वां
देव्यः समं सहचरैः सुतनुं समीक्ष्य ।
वक्ष्यन्ति मोहिततरा इति कामरूपो
दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥ १६ ॥

टीका

हे नेमे ! देव्यो-देवनार्य इति वक्ष्यन्ति-कथयिष्यन्ति । किं कृत्वा ? त्वां समीक्ष्य-विलोक्य । कथंभूतं त्वां ? तत्र रैवतके उषितं-स्थितम् । पुनः कथंभूतं त्वां ? सुतनुं-शोभनदेहम् । कथंभूता देव्यः ? सहचरैः-निजमित्रैः समं-सार्धं समागता-आयाताः । कस्मै ? निधुवनाय-सम्भोगाय । पुनः कथंभूता देव्यः ? मोहिततरा-अतिशयमोहं प्राप्ताः । इति वक्ष्यन्ति, इतीति किं ? हे नाथ ! त्वमपरः-अपूर्वो दीपोऽसि । कथंभूतस्त्वं ? 'जगत्प्रकाशः' जगति-विष्टपे प्रकाशो यस्येति । तैलमयदीपस्तु गृहमात्रमेव प्रकाशयति, अतोऽपर इति । कथंभूतस्त्वं ? कामरूपः-कन्दर्पसमानः । अथवा परः-सिद्धत्वादिच्छास्वरूपः ॥ १६ ॥

अन्वयः

सहचरैः सह निधुवनाय समागताः, मोहित-तराः देव्यः तत्र उषितं सु-तनुं त्वां समीक्ष्य '(हे) नाथ ! कामरूपः त्वं जगत्-प्रकाशः अपरः दीपः असि ' इति वक्ष्यन्ति ।

શબ્દાર્થ

तत्र=ત્યાં.
उषितं (मू० उषित)=રહેલા.
निधुवनाय (मू० निधुवन)=સંભોગને માટે.
समागताः (मू० समागता)=આવેલી.
त्वां (मू० युष्मद्)=તને.
देव्यः (मू० देवी)=દેવીઓ.
समं=સહિત.
सहचरैः (मू० सहचर)=મિત્રો.
सु=શ્રેષ્ઠતાવાચક અવ્યય.
तनु=શરીર.
सुतनुं=સુંદર છે શરીર જેનું એવાને.
समीक्ष्य (धा० ईक्ष्)=નીરખીને.
वक्ष्यन्ति (धा० वच्)=કહેશે.
मोहिततराः (मू० मोहित-तरा)=અતિશય મોહ પામેલી.

इति=એમ.
काम=(१) કંદર્પ, કામદેવ; (२) ઇચ્છા.
रूप=રૂપ.
कामरूपः=(१) કંદર્પના સમાન રૂપ છે જેનું એવા; (२) ઇચ્છા મુજબ રૂપ ધારણ કરનારા.
दीपः (मू० दीप)=દીપક, દીવો.
अपरः (मू० अपर)=અપૂર્વ.
त्वं (मू० युष्मद्)=તું.
असि (धा० अस्)=છે.
नाथ ! (मू० नाथ)=હે નાથ !
जगत्=દુનિયા.
प्रकाश=પ્રકાશ, તેજ.
जगत्प्रकाशः=જગતને વિષે પ્રકાશ છે જેનો એવો.

१ अयमर्थः समीचीनो यतो मेघदूते (उ० १, श्लो० ६) अपि 'जानामि त्वां प्रकृतिपुरुषं कामरूपं मघोनः' इत्युल्लेखः ।

अन्वयः

(हे नेमे !) ध्यानं विधेहि, रैवतके तपांसि कुरु । (परन्तु) ' हरि-सुतः आशु मां अ-स्थिरं कर्ता ' इति विद्धि, यद् जन्म[न्]-मात्र-लघु-गात्र-जिन-अंह्रितः किं मन्दर-अद्रि-शिखरं कदाचित् नो चलितम् ? ।

શબ્દાર્થ

ध्यानं (मू॰ ध्यान)=ધ્યાન.
विधेहि (धा॰ धा)=તું કર.
कुरु (धा॰ कृ)=તું કર.
रैवतके=રૈવત (પર્વત) ઉપર.
तपांसि (मू॰ तपस्)=તપશ્ચર્યાઓ.
विद्धि (धा॰ विद्)=તું જાણ.
इति=એમ.
मां (मू॰ अस्मद्)=મને.
हरि=કૃષ્ણ.
सुत=પુત્ર.
हरिसुतः=કૃષ્ણનો પુત્ર, પ્રદ્યુમ્ન, કામદેવ.
स्थिर=સ્થિર.
अस्थिरं=અસ્થિર.
आशु=સત્વર.
कर्ता (धा॰ कृ)=કરશે.
यद्=જેથી કરીને.
जन्मन्=જન્મ.
जन्म=જન્મ.
मात्र=કેવળ.
लघु=નાનું.
गात्र=શરીર.
जिन=તીર્થંકર.
अंह्रि=ચરણ.
जन्ममात्रलघुगात्रजिनांह्रितः=તરતજ જન્મેલા એવા લઘુ દેહવાળા એવા જિનના ચરણથી.
नो=નહિ.
किं=શું.
मन्दर=મેરૂ.
अद्रि=પર્વત.
शिखर=શિખર.
मन्दराद्रिशिखरं=મેરૂ પર્વતનું શિખર.
चलितं (मू॰ चलित)=હાલેલું.
कदाचित्=કદાપિ, કોઇક વેળા.

શ્લોકાર્થ

" હે નેમિ(નાથ) ! (ભલે) તું ધ્યાન ધર (અર્થાત્ યોગી બન) અને રૈવંત પર્વતના ઉપર તપશ્ચર્યાઓ (પણ) કર. પરંતુ કામદેવ મને સત્વર અસ્થિર કરશે એમ જાણ (અર્થાત્ યાદ રાખજે કે તારા ધ્યાનમાંથી તને કામદેવ જરૂરજ ચલિત કરશે), કેમકે તરતનાજ જન્મેલા (અને એથી કરીને) લઘુ દેહવાળા એવા (વીર) જિનેશ્વરના ચરણથી મેરૂ પર્વતનું શિખર શું કદાપિ ચલાયમાન થયું નથી કે !"—૧૫

સ્પષ્ટીકરણ

શ્લોકાર્થનું સમાધાન—

આ શ્લોકમાં એમ લખ્યું છે કે રાજીમતીના જીવન દરમ્યાન નહિ જન્મ ધારણ કરેલા એવા વીર પ્રભુએ મેરૂ પર્વત કમ્પાયમાન કર્યો, તો આ વાત સતી રાજીમતીએ કેવી રીતે જાણી એવો પ્રશ્ન ઉદ્ભવે છે. આનો ઉત્તર બે રીતે આપી શકાય છે. એક તો જેમ મેઘકુમારના ભાવિ દૃષ્ટાન્તમાં ' धम्मसारहीणं ' એ પદથી ભાવિમાં ભૂતનો ઉપચાર કર્યો છે તેમ અહિં પણ સમજવું.

૧ કવિવર માઘે પોતે રચેલા શિશુપાલવધ નામના મહાકાવ્યમાં આ રૈવતક પર્વતનું સુન્દર વર્ણન કર્યું અને તેમ કરતાં તેણે આખો ચોથો સર્ગ રચ્યો છે.

૨ ભાવિમાં ભૂતનો ઉપચાર કરવો એટલે ભાવિનો ભૂત તરીકે આરોપ કરવો એ નૈગમ નયનો એક પ્રકાર છે. આ સંબંધમાં જુઓ સ્તુતિ-ચતુર્વિંશતિકા (પૃ॰ ૨૦).

બીજો ઉત્તર એ છે કે पुनर्तित्पयतनिर्दिष्टे અર્થાત્ પૂર્વ તીર્થંકરે નિર્દેશ કર્યો હોય કે વીર પ્રભુ મે... પર્વત કંપાવશે એ વાત જન-સમાજમાં સુપ્રસિદ્ધ હોય અને એથી કરીને રાજીમતી તે વાત જાણતી હતી એમ કહી શકાય.

* * * * *

तत्रोषितं त्रिभुवनाय समागतास्त्वां
देव्यः समं सहचरैः सुतनुं समीक्ष्य ।
वक्ष्यन्ति मोहिततरा इति कामरूपो
दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥ १६ ॥

टीका

हे नेमे ! देव्यो-देवनार्य इति वक्ष्यन्ति-कथयिष्यन्ति । किं कृत्वा ? त्वां समीक्ष्य-विलोक्य । कथंभूतं त्वां ? तत्र रैवतके उषितं-स्थितम् । पुनः कथंभूतं त्वां ? सुतनुं-शोभनदेहम् । कथंभूता देव्यः ? सहचरैः-निजमित्रैः समं-सार्धं समागता-आयाताः । कस्मै ? त्रिभुवनाय-सम्भोगाय । पुनः कथंभूता देव्यः ? मोहिततरा-अतिशयमोहं प्राप्ताः । इति वक्ष्यन्ति, इतीति किं ? हे नाथ ! त्वमपरः-अपूर्वो दीपोऽसि । कथंभूतस्त्वं ? 'जगत्प्रकाशः' जगति-विष्टपे प्रकाशो यस्येति । केवलमपदीपस्तु गृहमात्रमेव प्रकाशयति, अतोऽपर इति । कथंभूतस्त्वं ? कामरूपः-कन्दर्पसमानः । अथवा रूपः-सिद्धत्वादिच्छास्वरूपः ॥ १६ ॥

अन्वयः

सहचरैः सह त्रिभुवनाय समागताः, मोहित-तराः देव्यः तत्र उषितं सु-तनुं त्वां समीक्ष्य '(हे) नाथ ! कामरूपः त्वं जगत्-प्रकाशः अपरः दीपः असि ' इति वक्ष्यन्ति ।

શબ્દાર્થ

तत्र=ત્યાં.
उषितं (मू० उषित)=રહેલા.
त्रिभुवनाय (मू० त्रिभुवन)=સંભોગને માટે.
समागताः (मू० समागता)=આવેલી.
त्वां (मू० युष्मद्)=તને.
देव्यः (मू० देवी)=દેવીઓ.
समं=સહિત.
सहचरैः (मू० सहचर)=મિત્રો.
सु=શ્રેષ્ઠતાવાચક અવ્યય.
तनु=શરીર.
सुतनुं=સુંદર છે શરીર જેનું એવાને.
समीक्ष्य (धा० ईक्ष्)=જોઇને.
वक्ष्यन्ति (धा० वच्)=કહેશે.
मोहिततराः (मू० मोहित-तर)=અતિશય મોહ પામેલી.

इति=એમ.
काम=(१) કંદર્પ, કામદેવ; (२) ઇચ્છા.
रूप=રૂપ.
कामरूपः=(१) કંદર્પના સમાન રૂપ છે જેનું એવા; (२) ઇચ્છા મુજબ રૂપ ધારણ કરનારા.
दीपः (मू० दीप)=દીપક, દીવો.
अपरः (मू० अपर)=અપૂર્વ.
त्वं (मू० युष्मद्)=તું.
असि (धा० अस्)=છે.
नाथ ! (मू० नाथ)=હે નાથ !
जगत्=દુનિયા.
प्रकाश=પ્રકાશ, તેજ.
जगत्प्रकाशः=જગતને પ્રકાશ છે જેને

1 समर्थः समीचीनो यतो मेघदूते (उ० १, श्लो० ६) अपि 'जानामि त्वां ... कामरूपं'

दीप्यमानकिरणसमूहम् । अत्र शिवैव प्राची यमेव सूर्य इति रूपकालङ्कारः प्रोक्तः, अथ च-शब्दोऽत्र भिन्नक्रमत्वात् शिवा-निरुपद्रवा प्राची एव दिक् यमर्क जनयतीति द्वितीयः सूर्यपक्षार्थः। शेषं तथैव । यत्तदोर्नित्यसंबन्धः । हे ईश ! हि-यस्मात् कारणात् सोऽपि भवान्-नेमिः एवंविधो भवति । तदाह-कथंभूतः स भवान् ? ' कृतान्तजनकः ' कृतान्तं-वियोगलक्षणं यमं जनयति-उत्पादयतीति कृतान्तजनकः, मम पीडाकारणं भवति । यमो हि सर्वेषां पीडाकृदस्तीति । पुनः कथंभूतः स भवान् ? अबाधः-उच्छृङ्खलः, निरङ्कुश इत्यर्थः । " अबाधोच्छृङ्खलोद्दामा० " इति हैमः (का० ६, श्लो० १०२) । पुनः कथंभूतः स भवान् ? असह्यः-असहनीयः, कठोरप्रकृतित्वात् । अतः साताय सर्वजगतामिति पूर्वान्वयापेक्षया प्रसूतः पश्चाद् दुष्टो जात इति विरोधः । अविरोधार्थः । परिहारस्तु-कथंभूतः स भवान् ? कृतान्तं-सिद्धान्तं अथवा क्षेमकार्यं जनयतीति कृतान्तजनकः । " कृतान्तो क्षेमकर्मणि । सिद्धान्तयमदैवेषु " इति हैमानेकार्थः । पुनः कथंभूतः स भवान् ? न विद्यते बाधा-पीडा यस्य सोऽबाध इति । पुनः कथंभूतः स भवान् ? असह्य-उपसर्गरहितोऽस्य इति । अथ द्वितीयपक्षे सोऽपि सूर्यः कृतान्तजन्मकारकः । पुनः कथंभूतः स सूर्यः ? अबाधः-अन्यमर्त्यतेजोभिरनभिभवः । पुनः कथंभूतः सोऽपि सूर्यः ? असह्यो-दुर्निरीक्ष्यः । अथ पूर्वविरोधेन कृतान्तजनकादिशब्दलाभात् अस्याः शिवाया जनन्याः पूर्वायाः दिश च दूषणं न विद्यते, तस्याः किं दूषणं ? सं (एव) ईदृशो जात इति काकुः ॥ २२ ॥

अन्वयः

शिवा एव प्राची दिक् यं स्फुरत्-अंशु-आली [illegible] सर्व-जगतां साताय जनयति, हे ईश ! [illegible] भवान् अ-सह्यः, अ-बाधः, कृतान्त-जनकः च भवति, अतः अस्याः न दूषणम् ।

शब्दार्थ

[illegible] (मू० [illegible])=[illegible]
[illegible]
[illegible] (मू० [illegible])=[illegible]
[illegible]
[illegible]
[illegible] (मू० [illegible])=[illegible]
[illegible] (मू० [illegible])=[illegible] न [illegible] नथी.
[illegible]
[illegible] (१) [illegible] (२) [illegible]
[illegible] (१) [illegible] (२) [illegible], (३) [illegible]

जनकः=(१) पिता; (२) उत्पन्न करनार.
कृतान्तजनकः=(१) यमना जनक; (२) [illegible]; (३) [illegible]
भवति (धा० भू)=थाय छे.
ईश ! (मू० ईश)=हे नाथ !
तत् (मू० तद्)=ते.
अपि=पण.
सातार्य (मू० सात)=सुखने माटे.
सर्व=समस्त, आखी.
जगत्=दुनिया, आलम.
सर्वजगतां=आखी आलमना.

---

* [illegible] —

" [illegible] ।
[illegible] ॥ "

—[illegible] ([illegible])

च=અને.
शिवा (मू० शिवा)=શિવા (રાણી).
शिवा (मू० शिव)=કલ્યાણકારી.
यं (मू० यद्)=જેને.
अर्क (मू० अर्क)=સૂર્યને, રવિને.
प्राची=પૂર્વ.
पय=જ.

दिक् (मू० दिश्)=દિશા.
जनयति (धा० जन्)=જન્મ આપે છે.
स्फुरत् (धा० स्फुर्)=સ્ફુરાયમાન, પ્રકાશમાન.
अंशु=કિરણ.
जाल=સમૂહ.
स्फुरदंशुजालं=પ્રકાશમાન છે કિરણોનો સમુદાય જેનો એવા.

શ્લોકાર્થ

" હે નાથ ! (સમુદ્રવિજય નૃપતિની પટરાણી) શિવારૂપી (કલ્યાણકારી) પૂર્વ દિશા સ્ફુરાયમાન કિરણોના સમુદાયવાળા એવા જે આપ (નેમિ-) સૂર્યને આખી આલમના સુખને અર્થે જન્મ આપે છે, તે આપ પણ (કઠોર પ્રકૃતિવાળા હોવાને લીધે) કેમકે, 'ઉચ્યુ-પક્ષ અને (હું વિરહી હોવાને લીધે મારા પ્રતિ)' મરણદાયક છો (અર્થાત્ આપ તો દુઃખના હેતુ થઇ પડ્યા છો), એથી કરીને એનો દોષ નથી."—૨૨

સ્પષ્ટીકરણ

વિરોધનો પરિહાર—

જગત્‌ના સુખને માટે જે આપને શિવા દેવીએ જન્મ આપ્યો, તે આપ તો મને મરણાન્ત કષ્ટદાયક થઇ પડ્યા છો એ વિરોધનો નીચે મુજબ પરિહાર છેઃ—

શિવા રાણીરૂપી પૂર્વ દિશાએ જે નેમિનાથ રૂપી સૂર્યને સમસ્ત બ્રહ્માણ્ડના સુખને અર્થે જન્મ આપ્યો તે આપ તો (ઉપસર્ગોથી) ક્ષોભ પામતા નથી, વળી આપને (કોઇ પ્રકારની) પીડા નથી, તેમજ આપ સિદ્ધાન્તના પ્રરૂપક છો અથવા કલ્યાણકારી કાર્યને કરવાવાળા છો, એથી શિવાનો કંઇ દોષ નથી.

\+ \+ \+ \+

चेतश्चमत्करिकरीपि दरीश्रितानां
तीव्रैर्व्रतैर्विषमरैवतशृङ्गसद्मी ।
आदर्शधाम्नि घृतकेवलचक्रिवत् किं
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः ? ॥ २३ ॥

हे मुनीन्द्र ! त्वं चेतः चमत्करिकरीपि–अतिशयेनाश्चर्ययुक्तं करोषीत्यर्थः । केषां ? दरीश्रितानां–कन्दराश्रितानां जनानाम् । कैः ? तीव्रैः–उत्कटैः व्रतैः–यमनियमरूपैः । कथंभूतस्त्वं ? विषमरैवतशृङ्गसद्मी, असमरैवतगिरिशिखरस्थित इत्यर्थः । हे मुनीन्द्र ! शिवपदस्य पन्था–मार्गो-

१–૩ સર્વના સમભેમાં ' અક્ષર'થી ' જેના નરક નહિ એવું સ્થાન એટલે' અર્થ કરવો. તેઉંજ રીતે ' અ-નાધ ' દનથી ' અન્ય તેજ વડે પરાભવ નહિ પામનારો એવો ' અર્થ કરવો. વિશિષ્ટકોષ્ટકોમાં પ્રત્યેક સંજ્ઞા વર્ણ અપ-રાજનો ભાગ થાય છે.

ऽन्य एतस्कथात् इतरः किं न वर्तते ? अपितु वर्तते एव । कथंभूतः पन्थाः ? शिवो-निरुपद्रवः । किंवत् ? आदर्शधाम्नि-दर्पणगृहे धृतकेवलचक्रिवत्-लब्धकेवलज्ञानभरतचक्रधर इवेति ॥ २३ ॥

अन्वयः

हे मुनि-इन्द्र ! विषम-'रैवत'-शृङ्ग-सङ्गी त्वं तीव्रैः व्रतैः दरी-श्रितानां चेतः चमत्करिकरीषि । आदर्श-धाम्नि धृत-केवल-चक्रिन्-वत् किं शिव-पदस्य अन्यः शिवः पन्थाः न (वर्तते) ? ।

शब्दार्थ

चेतः (मू० चेतस्)=ચિત્તને.
चमत्करिकरीषि (धा० कृ)=અતિશય આશ્ચર્યાંકિત કરે છે, ઘણો અચંબો પમાડે છે.
दरी=ગુફા.
श्रित (धा० श्रि)=આશ્રય કરેલ.
दरीश्रितानां=ગુફાનો આશ્રય કરેલાના.
तीव्रैः (मू० तीव्र)=તીવ્ર.
व्रतैः (मू० व्रत)=વ્રતો વડે.
विषम=વિષમ.
रैवत=રૈવત (પર્વત).
शृङ्ग=શિખર.
सङ्गिन्=સંગ કરનાર.
विषमरैवतशृङ्गसङ्गिन्=વિષમ રૈવતના શિખરનો સંગ કરનાર.
आदर्श=દર્પણ.
आदर्शधाम्नि=દર્પણ-ભુવનમાં.
धृत (धा० धृ)=પ્રાપ્ત કરેલ.
केवल=કેવલ (જ્ઞાન), સર્વજ્ઞતા.
चक्रिन्=ચક્રવર્તી.
वत्=સરખું, બરાબર.
धृतकेवलचक्रिवत्=પ્રાપ્ત કર્યું છે કેવલ (જ્ઞાન) જેણે એવા ચક્રવર્તીની જેમ.
किं=શું.
न=નહિ.
अन्यः (मू० अन्य)=બીજો.
शिवः (मू० शिव)=કલ્યાણકારી.
शिव=મોક્ષ.
पद=સ્થાન.
शिवपदस्य=મોક્ષ-સ્થાનનો.
मुनि=યતિ, સાધુ.
इन्द्र=મુખ્ય.
मुनीन्द्र !=હે યોગીશ્વર, હે મુનિરાજ !
पन्थाः (मू० पथिन्)=માર્ગ.

શ્લોકાર્થ

" હે યોગીશ્વર ! વિષમ રૈવત (પર્વત)ના શિખર ઉપર રહેલો એવો તું તીવ્ર (તપશ્ચર્યા) વ્રતો વડે ગુફામાં વસનારા (જનોના) ચિત્તને અતિશય આશ્ચર્યાંકિત કરે છે. (વળી આ દૃષ્ટાન્ત ઉપરથી સમજાય છે કે) દર્પણ-ભુવનમાં કેવલ (જ્ઞાન) પ્રાપ્ત કરનારા એવા (ભરત) ચક્રવર્તીની જેમ શું મુક્તિ પદનો (કોઇ) અન્ય કલ્યાણકારી માર્ગ નથી વારુ ? "—૨૩

સ્પષ્ટીકરણ

ભરત ચક્રવર્તીને કેવલજ્ઞાન—

એક દિવસ ભરત નરેશ્વરે સ્નાન કરી, બલિ-કર્મ કરી, કેવળ વસ્ત્ર વડે શરીર લૂછી, [illegible] ચંદનનું વિલેપન કરી અને અમૂલ્ય અલંકારો ધારણ કરી [illegible] સહિત અરિસાભુવનમાં [illegible] તેમાં [illegible] પોતાનું મુખ જોવા લાગ્યા. [illegible] ધીરે ધીરે [illegible] ઉપર પડી. [illegible]

[illegible]

વિચારવા લાગ્યા કે શું શરીરના બીજા ભાગો પણ અલંકાર વિના આમ નિસ્તેજ દેખાતા હશે એની પ્રતીતિ કરવા તેઓ અંગ ઉપરથી એક પછી એક આભૂષણ ઉતારવા લાગ્યા.

આનું વર્ણન કરતાં શ્રીહેમચન્દ્રસૂરિ કહે 0 કે પ્રથમ તો તેમણે મસ્તક ઉપરથી માણિ-ક્યનો મુકુટ ઉતાર્યો; એથી તે મસ્તક રત્ન વિનાની મુદ્રિકા જેવું દેખાવા લાગ્યું. ત્યાર બાદ તેમણે કાનમાંનાં કુણ્ડળ કાઢી નાંખ્યાં, એટલે તે કાન સૂર્ય અને ચન્દ્ર વિનાની પૂર્વ અને પશ્ચિમ દિશા જેવા ભાસવા લાગ્યા. ગ્રીવા (ડોક) ઉપરથી ગળચવો દૂર કરવાથી તેમની ગ્રીવા નીર (જળ) વિનાની નદી જેવી જણાવા લાગી. પછીથી તેમણે વક્ષઃસ્થલ (છાતી) ઉપરથી હાર ઉતાર્યો, એથી તો તે તારા વિનાના આકાશની જેમ શૂન્ય દેખાવા લાગ્યું. બાજુબંધ ઉતારતાં તેમના બંને હાથ જાણે અર્ધલતાપાશથી રહિત બે સાલ વૃક્ષ હોય તેમ ભાસવા લાગ્યા. હાથના મૂળમાંથી તેમણે કડાં ઉતાર્યાં, એટલે તે આમલસાર વગરની ઇમારત જેવા જણાવા લાગ્યા. તેમણે ત્યાર પછી બીજી પણ આંગળીઓમાંથી મુદ્રિકા કાઢી નાંખી, એટલે તે આંગળીઓ સર્પ વિનાની ફેણ જેવી દેખાવા લાગી. ત્યાર બાદ તેમણે પાદમાંથી પાદ-કટક દૂર કર્યાં, એથી તે રાજકુંજરના સુવર્ણ કંકણથી રહિત દાંતના જેવા જણાવા લાગ્યા.

આ પ્રમાણે સર્વ આભૂષણોનો તેમણે અનુક્રમે ત્યાગ કર્યો એટલે તેમનું શરીર પત્ર વિનાના વૃક્ષ જેવું શોભારહિત દેખાવા લાગ્યું. આ પ્રમાણેનું પોતાનું શરીર જોઇને તેમણે એવો વિચાર કર્યો કે શરીરની અલંકારોથી કૃત્રિમ શોભા છે. બાકી આ શરીર તો અંદરથી વિષ્ઠાદિક મળથી અને બહારથી મૂત્રાદિકના પ્રવાહથી એમ ઉભય રીતે મલિન છે. આ પ્રમાણે તેમણે શરીર ઉપરની મમતા ઓછી કરવા માંડી એટલુંજ નહિ, પરંતુ શુદ્ધ વિચારમાં આગળ વધતા જતા એવા તે રાજા અપૂર્વકરણના અનુક્રમથી ક્ષપક શ્રેણિ ઉપર આરૂઢ થયા. શુક્લ ધ્યાનમાં તલ્લીન બનેલા એવા સદ્વિચારના પ્રભાવથી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. ધન્ય છે આવા રાજર્ષિને કે જેમણે "મન એવ મનુષ્યાણાં कारणं बन्धमोक्षयोः" એ વાક્યને ચરિતાર્થ કરી બતાવ્યું તેમજ ગૃહસ્થાવાસમાં રહીને પણ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું.

* * * *

पूर्णं प्रतेन भवतु क्रियया गतैः किं ?
कष्टैः कृतं च तपसाऽस्त्वलमन्यकृत्यैः ।
चेत् केवलं शिवसुखाब्जविकाशहेतुं
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥ २४ ॥

टीका

हे नेमे ! प्रतेन पूर्णं–

हे नेतः ! ये-इह सन्तः-[illegible] केवलम् [illegible] अमलं-निर्मलं शिवसुखकमल-
हेतुं-[illegible] [illegible] ज्ञानरूपं-ज्ञानस्वरूपं प्रवदन्ति [illegible] ॥ २४ ॥

अन्वयः

(हे नाथ !) ये सन्तः केवलं [illegible] शिव-सुख-कमल-विकास-हेतुं ज्ञान-स्वरूपं प्रवदन्ति, (तर्हि) गमनैः पूर्णं, क्रियया अलम्, लोचैः किं ? कष्टैः कृतं, तपसा अलम्, अन्य-कार्यैः च अलम्।

शब्दार्थ

पूर्णं=બસ.
गमनैः (मू० गमन)=ગમન વડે.
अलम्=બસ.
क्रियया (मू० क्रिया)=ક્રિયા વડે.
लोचैः (मू० लोच)=લોચવડે.
किम्, શું.
कष्टैः (मू० कष्ट)=કષ્ટો વડે.
कृतं=બસ.
च=અને.
तपसा (मू० तपस्)=તપશ્ચર્યાથી, તપથી.
अलम्=બસ.
[illegible]=થયું.
अन्य=અપર.
कार्य=કામ.
अन्यकार्यैः=અન્ય કાર્યો વડે.

ये-જે.
केवलं (मू० केवल)-નિઃસહાયી, કેવળ.
शिव-(१) કલ્યાણ; (२) મોક્ષ.
सुख-સુખ.
कमल-કમળ.
विकास-ખીલવું તે.
हेतु-કારણ.
शिवसुखकमलविकासहेतुं-મુક્તિના સુખરૂપી કમળના વિકાસના કારણરૂપ.
ज्ञान=જ્ઞાન.
स्वरूप-સ્વરૂપ.
ज्ञानस्वरूपं=જ્ઞાનના સ્વરૂપને.
अमलं (मू० अमल)=નિર્મળ.
प्रवदन्ति (धा० वद्)=કહે છે.
सन्तः (मू० सत्)=સન્તો, પંડિતો.

શ્લોકાર્થ

" (હે નાથ !) જે સન્તો જ્ઞાનના સ્વરૂપને નિઃસહાયી તથા નિર્મલ તેમજ મુક્તિના સુખરૂપી કમલના વિકાસના કારણરૂપ કહે છે, તો પછી ગતથી તેમજ ક્રિયા વડે (પણ) સર્યું; (વિહારાદિક) ગમનોથી શું ? (લોચાદિક) કષ્ટો (પણ) શા કામનાં ? તપશ્ચર્યાથી શી સાર્થકતા ! અને અન્ય (ધર્માભાસરૂપી) કાર્યોથી પણ બસ થયું (અર્થાત્ આ બધી ક્રિયાઓ નકામી છે). "—૨૪

સ્પષ્ટીકરણ

જ્ઞાન અને ક્રિયાનો સહયોગ—

' સર્યું ' શબ્દવાચક વિવિધ શબ્દોથી શોભતા આ પદ્ય દ્વારા રાજીમતી ક્રિયાનો નિષેધ કરે છે, પરંતુ તે વાત યુક્ત નથી; કેમકે જ્ઞાન અને ક્રિયાના સહયોગથીજ મુક્તિ મળે છે. આ વાતની " सम्यग्ज्ञानक्रियाभ्यां मोक्षः " સાક્ષી પૂરે છે. વિશેષમાં એ ધ્યાનમાં રાખવું કે જ્ઞાન એ દેખતું છતાં પાંગળું છે, જ્યારે ક્રિયા એ ગતિ કરનારી હોવા છતાં આંધળી છે; એટલે આ બંનેને અરસપરસનો સહયોગ જોઇએ. વિશેષમાં ઉત્તમ જ્ઞાનની સફળતા પણ ઉત્તમ ચારિત્રમાંજ સમાયેલી છે, એ વાતને શાસ્ત્રકારો પણ ટેકો આપે છે. કેમકે "ज्ञानस्य फलं विरतिः" યાને "सा विद्या या विमुक्तये" એ તેમનો મુદ્રાલેખ છે. આ ઉપરાંત મનુષ્યની કીંમત તેના વિચાર કરતાં આચાર ઉપરથી વિશેષ અં-

હાય છે અને દુનિયામાં છાપ પણ ચારિત્રશાળી વ્યક્તિનીજ પડે છે. આ સંબંધમાં ઘણું વિવેચન થઇ શકે તેમ છે, પરંતુ અત્ર તો " आचारहीनं न पुनन्ति वेदाः " એ વસિષ્ઠ-સ્મૃતિના છઠ્ઠા અધ્યાયના ત્રીજા શ્લોકના ચરણનો ઉલ્લેખ કરી વિરમવું ઉચિત સમજાય છે. આની વિશેષ માહિતી માટે જુઓ વિશેષાવશ્યક (ગાથાંક ૧૧૪૩—૧૧૬૩).

* * * * *

बालश्चिखेलिथ सुरैः कृतनर्मकर्मैर्-
धीरो भवंश्च समितौ भुवनेषु जिष्णुः ।
सत्त्वात् पुनः स च गृहीति[1] किमत्र गण्यो
व्यक्तं त्वमेव भगवन्! पुरुषोत्तमोऽसि ॥ २५ ॥

टीका

हे भगवन्! व्यक्तं-प्रकटं अत्र-लोके त्वं एव पुरुषोत्तमो गण्यः-संख्येय इति किमसि ? ...पितु पुरुषोत्तमो गण्यो नासि । त्वं बालः सन् सुरैः-देवैः सह चिखेलिथ-क्रीडां करोषि ...त्यर्थः । कथंभूतैः सुरैः ? कृतानि नर्मकर्माणि-क्रीडाकर्माणि येषां तैः । कर्मशब्दोऽत्राका...चोऽप्यस्ति । च-पुनः कथंभूतस्त्वं ? धीरो-दृढो भवन् । कस्यां ? समितौ-ईर्यादिपञ्चसमि...ऽथवा साम्ययोगे । यतः—"समितिर्युधि सङ्गमे । साम्ये सभायामीर्यादौ" इति हैम...धः । पुनः कथंभूतस्त्वं ? भुवनेषु-विश्वेषु जिष्णुः-जयनशीलः । कस्मात् ? सत्त्वात्-परा...। अथ कृष्णोऽपि सुरैः सह क्रीडां चकार, समितौ-सङ्ग्रामे सभायां वा धीरो भवन् भु...न् विश्वे जयनशीलः । इति तव कृष्णस्य च साम्यं प्रोक्तम्, अथ कृष्णस्य विशेषमाह—पुन...ेदे । स च कृष्णः गृही-कलत्रवान् इति वर्तते, त्वं तु न इति, तेन पुरुषोत्तमः गण्यो नैव...। पुरुषाणां मध्ये उत्तमः पुरुषोत्तम इति निरुक्तिः । अथवा "स च गृहीति भवांस्तु योगी" ...ठान्तरम् । तत्र पक्षे हे भगवन्! त्वमेव पुरुषोत्तमोऽसि, साम्यधर्मत्वात् । पुनः स च गृही । पुनः भवान् तु योगी-योगधारी । यतः (श्रीवाग्भटविरचिते) अलङ्कारग्रन्थे ..., श्लो॰ ८५,८६)—

'केनचिद् यत्र धर्मेण, द्वयोः संसिद्धसाम्ययोः ।
भवत्येकतराधिक्यं, व्यतिरेकः स उच्यते ॥१॥'-अनु॰

अस्त्वस्तु पौरुषगुणाज्जयसिंहदेव-
पृथ्वीपतेर्मृगपतेश्च समानभावः ।
किन्त्वेकतः प्रतिभटाः समरं विहाय
सद्यो विशन्ति वनमन्यमशङ्कमानाः ॥२॥"-वसन्त॰

इति व्यतिरेकालङ्कार उक्तः । लोकभाषया स्त्रीरहितो योगी कथ्यते इत्यस्या ईर्ष्यावचनमपि ॥२५॥

---

[1] 'ति भवांस्तु योगी' इति पाठान्तरम् । २ 'साम्य' इति क-पाठः ।

अन्वयः

(त्वं) बालः (सन्) कृत-नर्मन्-कर्मैः सुरैः चिखेलिथ, समितौ धीरः भवन् सत्त्वात् च भुवनेषु जिष्णुः सः (पुरुषोत्तमः) च गृही इति (तस्मात्) हे भगवन् ! व्यक्तं त्वं एव अत्र पुरुष-उत्तमः गण्यः (इति) किं असि ? ।

શબ્દાર્થ

बालः (मू० बाल)=બાળક.
चिखेलिथ (धा० खेल्)=ક્રીડા કરી.
सुरैः (मू० सुर)=દેવો સહિત.
कृत (धा० [illegible])=કરેલ.
नर्मन्=ક્રીડા.
कर्म=કૃત્ય.
कृतनर्मकर्मैः=કર્યાં છે ક્રીડાનાં કૃત્યો જેણે એવા.
धीरः (मू० धीर)=દૃઢ.
भवन् (मू० भवत्)=થતો.
च=વળી.
समितौ (मू० समिति)=(૧) ઈર્યાદિક સમિતિમાં; (૨) યુદ્ધમાં; (૩) સભામાં.
भुवनेषु (मू० भुवन)=દુનિયાઓમાં.
जिष्णुः (मू० जिष्णु)=જયનશીલ, જીતવાના સ્વભાવવાળો.
सत्त्वात् (मू० सत्त्व)=પરાક્રમને લીધે.
पुनर्=વળી.
सः (मू० तद्)=તે.
गृही (मू० गृहिन्)=ગૃહસ્થ.
इति=એમ.
किं=શું.
अत्र=આ જગત્‌માં.
गण्यः (मू० गण्य)=ગણવા લાયક.
व्यक्तं=સ્પષ્ટ.
त्वं (मू० युष्मद्)=તું.
एव=જ.
भगवन् ! (मू० भगवत्)=હે ભગવન્ !
पुरुष=મનુષ્ય.
उत्तम=શ્રેષ્ઠ.
पुरुषोत्तमः (मू० पुरुषोत्तम)=(૧) મનુષ્યોમાં શ્રેષ્ઠ; (૨) નારાયણ.
असि (धा० अस्)=છે.

શ્લોકાર્થ

"જેમણે ક્રીડાનાં કૃત્યો કર્યાં છે એવા દેવોની સાથે બાળક હોઇ કરીને તેં જેમ ક્રીડા કરી તેમજ (ઈર્યાદિક પાંચ) સમિતિને વિષે [અથવા યુદ્ધ કે સભામાં] ધીર થયો થકો પરાક્રમ વડે દુનિયાઓમાં તું જયનશીલ છે, તેમ તે નારાયણ પણ છે. (પરંતુ) તે ગૃહસ્થ છે (અને તું તો યોગી છે), એથી કરીને હે ભગવન્ ! તુંજ અત્ર પુરુષોત્તમ ગણી શકાય તેમ છે ખરો કે ! "—૨૫

સ્પષ્ટીકરણ

સમિતિ—

' સમિતિ ' શબ્દનો અર્થ સાવધાનતા, સાવચેતી કે શુદ્ધ પ્રવૃત્તિ થાય છે. ચારિત્રની રક્ષાને માટે સાધુએ સમિતિ પાળવાની જરૂર છે. આ સમિતિના (૧) ઈર્યા-સમિતિ, (૨) ભાષા-સમિતિ, (૩) એષણા-સમિતિ, (૪) આદાન-નિક્ષેપણ-સમિતિ અને (૫) પારિષ્ઠાપનિકા-સમિતિ એમ પાંચ પ્રકારો છે.[2] તેમાં ઈર્યા-સમિતિનો અર્થ એ છે કે જીવ-જંતુનો વધ ન થઇ જાય તેટલા માટે તેમજ પોતે પણ રસ્તામાં ખાડો હોય તો તેમાં પડી ન જાય ઇત્યાદિ ઉભય જીવના

૧ લોકોમાં સ્ત્રી વગરનો મનુષ્ય 'યોગી' કહેવાય છે.

૨ આ પાંચ સમિતિ અને મનોગુપ્તિ, વચન-ગુપ્તિ અને કાય-ગુપ્તિ એ ત્રણ ગુપ્તિના સમુદાયને ' અષ્ટ પ્રવચન-માતા ' કહેવામાં આવે છે.

रक्षणार્થે એક યુગ (ધોસરા) જેટલી અગ્ર દષ્ટિ રાખી ચાલવું. ભાષા-સમિતિથી એ સમજવાનું … બોલતી વખતે સાવચેત રહેવું અર્થાત્ અહિતકારી કે પાપમય વચન બોલવું નહિ. એષણા-સમિતિ… તાત્પર્ય એ છે કે શાસ્ત્રમાં જે વસ્તુઓ ભક્ષ્ય અને પેય ગણવામાં આવી હોય તે ગ્રહણ કરવી અર્થાત્ … પ્રાસુક આહાર પાણી લેવા. આદાન-નિક્ષેપ-સમિતિનો અર્થ એ છે કે વસ્ત્ર તેમજ પાત્ર લેતાં મૂકતાં … ભૂમિનું નિરીક્ષણ અને પ્રમાર્જન કરી તેમ કરવું. પારિષ્ઠાપનિકા-સમિતિનો અર્થ એ છે કે મલ-મૂત્રનો યોગ્ય ભૂમિએ ત્યાગ કરવો.

* * * * *

पूर्वं प्रभो ! प्रबलपूरितपाञ्चजन्यः
के प्रेङ्खिताच्युतभुजो हसितोऽस्य दारैः ।
मौनं श्रितः परिणये विमुखोऽधुनैव
तुभ्यं नमो जनभवोदधिशोषणाय ! ॥२६॥

टीका

हे प्रभो ! पूर्वं–प्रथमं भवान् 'प्रबलपूरितपाञ्चजन्यः' प्रबलेन–शौर्येण पूरितो–ध्मातः पाञ्चजन्यो–वासुदेवशङ्खो येन स इति अभवत् । ततोऽनन्तरं भवान् के–प्रकाशेऽर्थात् प्रकाशयुक्ते महा…धाटके प्रेङ्खिताच्युतभुजो–चालितकृष्णहस्तोऽभवत् । ततोऽनन्तरं कशब्दोऽत्रानुवर्तनीयः तेन के–जले जलाशये इत्यर्थः । अस्य कृष्णस्य दारैः सत्यभामादिस्त्रीभिर्भवान् हसितः–हास्यं नीतः । ततोऽनन्तरं भवान् परिणये–विवाहमेलननिमित्तं मौनं श्रितः–गृहीतमौनोऽभवत् । ततोऽनन्तर-मधुना–साम्प्रतम् एवंप्रकारः कोऽर्थः ? तोरण आगतः पाणिग्रहणमकृत्वा पश्चाद् वलितः, संवत्सरदानं दत्त्वा व्रतं गृहीत्वा [1]रैवतके योगासक्त इत्यर्थः । एवंशब्दः प्रकारार्थः । हे जनभवोदधिशोषणाय ! …जनानां संसारसमुद्रशोषणे आयो–लाभो यस्य सः । अथवा जनो–मल्लक्षणस्तस्य भवः–जन्म स …भवोदधिः–समुद्रस्तस्य शोषणे–स्थलकरणे आयो–लाभो यस्य स तस्य संबोधने इति । वियोगिना…काऽपि घटिका कल्पान्तकालोपमा भवति, अतो भवोदधीत्युक्तं युक्तम् । हे नेमे ! तुभ्यं …ः– नमस्कारोऽस्तु । एतेन त्वं शिक्षायोग्यो न, अहं ॥ शिक्षाकथनेन थकिता इति अत्यन्तनि…त्यलङ्कारोऽयम्, यदुक्तं नैषधे—

"कुरुरय स्वयशोनवडिण्डिमं
जलनिधेः कुलमुज्ज्वलयाधुना ।
अपि गृहाण वधूवधपौरुषं
हरिणलाञ्छन ! मुख कन्दर्पनाम् ॥ १ ॥"

इति ॥ २६ ॥

१ 'रैवतके' इत्यधिकः

अन्वयः

(हे) प्रभो ! पूर्वं (भवान्) प्रबल-पूरित-पाञ्चजन्यः, (ततः) के प्रेङ्खित-'अच्युत'-भुजः, अस्य दारैः हसितः, परिणये मौनं श्रितः, अधुना एवं विमुखः (अभवत्), (तस्मात्) जन-भव-उदधि-शोषण-आय ! तुभ्यं नमः ।

શબ્દાર્થ

पूर्वं=પહેલાં.
प्रभो !(मू० प्रभु)=હે નાથ !
प्रबल=પ્રકૃષ્ટ શૌર્યે.
पूरित (धा० पूर्)=પૂરેલ.
पाञ्चजन्य=પાંચજન્ય (નામનો શંખ).
प्रबलपूरितपाञ्चजन्यः=પ્રકૃષ્ટ પરાક્રમ વડે પૂર્યો છે પાંચજન્ય જેણે એવા.
के (मू० क)=(१)પ્રકાશમાં; (२) જળમાં.
प्रेङ्खित (धा० ङ्ख)=હલાવેલ.
अच्युत=અચ્યુત, કૃષ્ણ.
भुज=હસ્ત, હાથ.
प्रेङ्खिताच्युतभुजः=વાળ્યો છે કૃષ્ણનો હાથ જેણે તે.
हसितः (मू० हसित)=હસી કાઢેલ.
अस्य (मू० इदम्)=આની.
दारैः (मू० दार)=સ્ત્રી વડે.
मौनं (मू० मौन)=મૌનને.
श्रितः (मू० श्रित)=આશ્રય કરેલ.
परिणये (मू० परिणय)=લગ્નને વિષે.
विमुखः (मू० विमुख)=વિમુખ.
अधुना=હમણાં.
एवं=આમ.
तुभ्यं (मू० युष्मद्)=તને.
नमस्=નમસ્કાર.
जन=લોક.
भव=સંસાર.
उदधि=સમુદ્ર.
शोषण=શોષવું તે.
आय=લાભ.
जनभवोदधिशोषणाय !=હે લોકોના સંસાર-સમુદ્રના શોષણનો લાભ છે જે દ્વારા એવા ! (सं०)

શ્લોકાર્થ

" હે નાથ ! પહેલાં તો તેં પ્રકૃષ્ટ પરાક્રમ વડે પાંચજન્ય (નામનો શંખ) પૂર્યો હતો. ત્યાર બાદ તેં પ્રકાશ(યુક્ત અખાડા)માં કૃષ્ણનો હસ્ત વાળ્યો હતો. વળી ત્યાર પછી જળાશયને વિષે એની પત્નીઓએ તને હસી કાઢ્યો હતો. ત્યાર બાદ લગ્નના સંબંધમાં તેં મૌન ધારણ કર્યું હતું અને હમણાં તું આમ વિમુખ થયો છે. તો તેથી લોકોના [અથવા મારા જેવા મનુષ્યના] સંસાર-સમુદ્રનું શોષણનો લાભ છે જે દ્વારા એવા (હે નાથ) ! તને નમસ્કાર હોજો. "—૨૯

સ્પષ્ટીકરણ

કૃષ્ણ-વિચાર—

દરેક વાસુદેવની પેઠે કૃષ્ણને ગરૂડનું વાહન હતું. તેની પાસે પાંચજન્ય શંખ, કૌમોદકી ગદા, નન્દક ખડ્ગ, શાર્ઙ્ગ ધનુષ્ય અને સુદર્શન ચક્ર હતાં. વળી તેને શ્રીવત્સનું લાંછન હતું. તેના હાથમાં સ્યમન્તક મણિ હતો, જ્યારે તેના ભુજની મધ્યમાં કૌસ્તુભ મણિ હતો. તેને સત્યભામા પ્રમુખ પત્નીઓ હતી.

પાઠ-વિચાર—

ભક્તામર-સ્તોત્રના ૨૯મા પદ્યનું ચતુર્થ ચરણ તો ' तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ' એમ છે, જ્યારે અહિંઆ તો 'જિન'ને બદલે ' જન ' શબ્દનો ઉલ્લેખ કર્યો છે તેનું શું કા-

રણુ એવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. શું ભક્તામર-સ્તોત્રની જૂની પ્રતોમાં 'જિન' શબ્દને બદલે 'જન' શબ્દનો ઉલ્લેખ હશે કે જેથી કરીને અહિં પણ એવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે !

* * * * *

त्वं चेच्छिवात्मज इतीश ! शिवाय मे किं ?
नारिष्टनेमिरिति चेदशुभच्छिदेऽपि ।
स्वैर्वा निरुक्तवशतो मयि सानुकूलः
स्वप्नान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥२७॥

टीका

हे नेमे ! चेद्-यदि त्वं शिवात्मज इत्यसि, तदा त्वं मे-मम शिवाय-कल्याणाय किं नासि ? शिवहेतुत्वात् शिवा जननी तत्पुत्रस्त्वं तादृशो नेति । हे नेमे ! चेद्-यदि त्वं अरिष्टनेमिरिति असि, तदाऽपि-पुनः त्वं मे-ममाशुभच्छिदे-कष्टविदारणाय किं नासि ? अरिष्टस्य-अशुभस्य नेमिरिव प्रध्वंसकत्वादरिष्टनेमिरिति निरुक्ततः । वेति पक्षान्तरे । हे नेमे ! स्वैः-स्वकीयैर्जनैः कदाचिदपि-कस्मिंश्चिदपि काले स्वप्नान्तरेऽपि-निद्रावस्थायामपि त्वं मयि विषये सानुकूलः-अनुरागयुक्तो नेक्षितोऽसि-न विलोकितोऽसि । कस्मात् ? निरुक्तवशतः-निरुक्त्यधीनतः । शिवात्मज इति अरिष्टनेमिरिति भवान् नामतोऽस्ति, परमार्थतो नास्ति इत्युक्तम् ॥२७॥

अन्वयः

(हे) ईश ! चेद् त्वं 'शिवा'-आत्मजः इति (असि, तर्हि) मे शिवाय किं न (असि) ? चेद् (त्वं) 'अरिष्टनेमिः', (तर्हि मे) अशुभ-छिदे अपि (किं न ?) । वा स्वप्न-अन्तरे अपि स्वैः (जनैः) निरुक्त-वशतः मयि स-अनुकूलः न कदाचित् अपि ईक्षितः असि ।

શબ્દાર્થ

त्वं (मू० युष्मद्)=તું.
चेद्=જો.
शिवा=શિવા.
आत्मज=પુત્ર, નન્દન.
शिवात्मजः=શિવા (દેવી)નો નન્દન.
इति=એમ.
ईश ! (मू० ईश)=હે નાથ !
शिवाय (मू० शिव)=કલ્યાણાર્થે.
मे (मू० अस्मद्)=મારા.
किं=કેમ.
न=નહિ.
अरिष्ट=અશુભ.
नेमि=ચક્ર.
अरिष्टनेमिः=(१) અરિષ્ટનેમિ; (२) અશુભ પ્રતિ ચક્ર.
अशुभ=અશુભ.
छिद्=છેદવું તે, નાશ કરવો તે.

अशुभच्छिदे=અશુભના નાશને માટે.
अपि=પણ.
स्वैः (मू० स्व)=પોતાના (જનો) વડે.
वा=પક્ષાન્તરસૂચક અવ્યય.
निरुक्त=વ્યુત્પત્તિ.
वश=આધીન.
निरुक्तवशतः=વ્યુત્પત્તિ અનુસાર, નામના અર્થ પ્રમાણે.
मयि (मू० अस्मद्)=મારે વિષે.
सानुकूलः=અનુકૂળ, દીઠ, સાથે.
स्वप्न=સ્વપ્ન.
अन्तर=મધ્ય.
स्वप्नान्तरे=સ્વપ્નમાં.
कदाचित्=કદાપિ.
ईक्षितः (मू० ईक्षित)=જોવાયેલ.
असि (धा० अस्)=તું છે.

શ્લોકાર્થ

" (હે નાથ !) જો તું શિવા (દેવી) નો નન્દન હોય, તો પછી મારા કલ્યાણાર્થે કેમ થતો નથી ? વળી જો તું અરિષ્ટનેમિ હોય, તો પછી મારા અશુભનું છેદન કેમ કરતો નથી ? અથવા નિરૂક્તને લીધે તું અનુકૂલ હોવો જોઇએ તથાપિ તું તારા સ્વ(જનો) વડે પણ સ્વપ્નમાં પણ કદાપિ મારા પ્રતિ સાનુકૂલ જોવાયો નથી."—૨૭

* * * * * *

वेत्थेति नाद्रिवसते ! विशदं ध्रुवं त्वां
सौवं मतं प्रतिविभातमिदं ब्रवीति ।
रागीभवद् विकचकोकनदश्रियाऽरं
बिम्बं रवेरिव पयो धरपार्श्ववर्ति ॥ २८ ॥

टीका

अद्रौ वसतिर्यस्य स तस्य संबोधने हे अद्रिवसते ! त्वमिति न वेत्थ–न वेत्सि । इतीति किं? तदाह–हे नेमे ! ध्रुवं–निश्चितं, प्रतिविभातं विभातं विभातमित्यव्ययीभावः, प्रभाते प्रभाते । धरपार्श्ववर्ति–रैवतकपर्वतसमीपवर्तमानं पयो–जलं कर्तृपदम् । इदं मतं–मनोऽभिप्रायं त्वां ब्रवीति । ब्रूञ् धातुर्द्विकर्मकः । कथंभूतं मतं ? स्वस्येदं सौवं–स्वकीयम् । पुनः कथंभूतं ? विशदं–निर्मलम् । पुनः कथंभूतं मतं ? अरम्–अत्यर्थं विकचकोकनदश्रिया–विकस्वररक्तकमलच्छायया रागीभवत्–संजायमानरक्तवर्णम् । किमिव ? रवेर्बिम्बमिव–सूर्यस्य बिम्बमपि मतं त्वां ब्रवीति । शेषं तथैव योजनीयमिति । एतेन जलं त्वां प्रति कथयति—यथाऽहं जलं रक्तकमलश्रिया सह रागीभवामि तथा त्वमपि राजीमत्या सह रागीभव इति त्वं न वेत्थ इति स्थितम् । "धरः कूर्माधिपे गिरौ कर्पासमूले" इति हैमानेकार्थः ॥२८॥

अन्वयः

(हे) अद्रि–वसते ! रवेः बिम्बं इव विकच–कोकनद–श्रिया (प्रति–विभातं) रागीभवत् धर–पार्श्व–वर्ति पयः इदं विशदं ध्रुवं सौवं अरं मतं त्वां प्रति–विभातं ब्रवीति इति न वेत्थ ।

શબ્દાર્થ

वेत्थ (धा० विद्)=જાણે છે.
इति=એમ.
न=નહિ.
अद्रि=પર્વત.
वसति=નિવાસ.
अद्रिवसते !=પર્વત ઉપર નિવાસ છે જેનો એવા !
(સં૦)
विशदं (मू० विशद)=નિર્મળ.

૧ સરખાવો—
" विशदं [illegible] "
—અભિધાન-ચિન્તામણિ (કા૦ ૨, શ્લો૦ ૧૧૮)

શ્લોકાર્થ

" (હે નાથ !) જો તું શિવા (દેવી) નો નન્દન હોય, તો પછી મારા કલ્યાણાર્થે કેમ થતો નથી ? વળી જો તું અરિષ્ટનેમિ હોય, તો પછી મારા અશુભનું છેદન કેમ કરતો નથી ? અથવા નિરૂક્તને લીધે તું અનુકૂલ હોવો જોઇએ તથાપિ તું તારા સ્વ(જનો) વડે પણ સ્વપ્નમાં પણ કદાપિ મારા પ્રતિ સાનુકૂલ જોવાયો નથી. "—૨૭

* * * * * *

वेत्थेति नाद्रिवसते ! विशदं ध्रुवं त्वां
सौवं मतं प्रतिविभातमिदं ब्रवीति ।
रागीभवद् विकचकोकनदश्रियाऽरं
बिम्बं रवेरिव पयो धरपार्श्ववर्ति ॥ २८ ॥

टीका

अद्रौ वसतिर्यस्य स तस्य संबोधने हे अद्रिवसते ! त्वमिति न वेत्थ—न वेत्सि । इतीति किं? यदाह—हे नेमे ! ध्रुवं—निश्चितं, प्रतिविभातं विभातं विभातमित्यव्ययीभावः, प्रभाते प्रभाते । धरपार्श्ववर्ति—रैवतकपर्वतसमीपवर्तमानं पयो—जलं कर्तृपदम् । इदं मतं—मनोऽभिप्रायं त्वां ब्रवीति । ब्रूञ् धातुर्द्विकर्मकः । कथंभूतं मतं ? स्वस्येदं सौवं—स्वकीयम् । पुनः कथंभूतं ? विशदं—निर्मलम् । पुनः कथंभूतं मतं ? अरम्—अत्यर्थं विकचकोकनदश्रिया—विकस्वररक्तकमलच्छायया रागीभवत्—सञ्जायमानरक्तवर्णम् । किमिव ? रवेर्बिम्बमिव—सूर्यस्य बिम्बमपि मतं त्वां ब्रवीति । शेषं तथैव योजनीयमिति । एतेन जलं त्वां प्रति कथयति—यथाऽहं जले रक्तकमलश्रिया सह रागीभवामि तथा त्वमपि राजीमत्या सह रागीभव इति त्वं न वेत्थ इति स्थितम् । "धरः कूर्माधिपे गिरौ कर्पासमूले" इति हैमानेकार्थः ॥२८॥

अन्वयः

(हे) अद्रि-वसते ! रवेः बिम्बं इव विकच-कोकनद-श्रिया (प्रति-विभातं) रागीभवत् धर-पार्श्व-वर्ति पयः इदं विशदं ध्रुवं सौवं अरं मतं त्वां प्रति-विभातं ब्रवीति इति न वेत्थ ।

શબ્દાર્થ

वेत्थ (धा० विद्)=જાણે છે.
इति=એમ.
न=નહિ.
अद्रि=પર્વત.
वसति=નિવાસ.
अद्रिवसते !=પર્વત ઉપર નિવાસ છે જેનો એવા !
(सं०)
विशदं (मू० विशद)=નિર્મલ.

---

१ સરખાવો—
" विशदं स्वच्छम् "
—અભિધાનચિન્તામણિ (કા० ૨, શ્લો० ૧૧૮)

ध्रुवं (मू० ध्रुव)=નિશ્ચિત.
त्वां (मू० युष्मद्)=તને.
स्वीयं (मू० स्वीय)=સ્વકીય, પોતાનો.
मतं (मू० मत)=મત, અભિપ્રાય.
विभात=પ્રભાત, સવાર.
प्रतिविभातं=પ્રત્યેક પ્રભાતે.
इदं (मू० इदम्)=આ.
प्रवीति (धा० ब्रू)=કહે છે.
राग=રક્તતા.
रागमियत्=રક્તતાનું આચરણ કરતો.
विकच=વિકસ્વર, ખીલેલ.
कोकनद=રક્ત કમલ, પદ્મ.

श्रिया (मू० श्री)=લક્ષ્મી વડે.
विकचकोकनदश्रिया=વિકસ્વર પદ્મોની સાથે.
भरं (मू० भर)=અત્યંત.
बिम्बं (मू० बिम्ब)=બિંબ.
रवेः (मू० रवि)=સૂર્યનું.
इव=જેમ.
पयः (मू० पयस्)=જલ.
धर=પર્વત.
पार्श्व=સમીપ.
वर्तिन्=હોનાર.
धरपार्श्ववर्ति=પર્વતના સમીપ હોનાર.

શ્લોકાર્થ

" જેનો (રૈવત) પર્વતના ઉપર નિવાસ છે એવા (હે નાથ) ! જેમ રવિનું બિમ્બ (સર્વદા) વિકસ્વર પદ્મોની લક્ષ્મી સાથે રક્તતાનું આચરણ કરે છે (અર્થાત્ પદ્મની જેમ ...તે પણ રક્ત બને છે, તેમ તું મારી સાથે રાગી થા) એમ (આ) પર્વતની પાસે વહેતું જલ ...ને નિર્મલ, નિશ્ચિત તેમજ અત્યંત એવો પોતાનો અભિપ્રાય પ્રત્યેક પ્રભાતે કહે છે એ તું જાણતો ...ી. (કેમકે એની તને ખબર હોય, તો તું આમ મારા પ્રતિ વિરક્ત રહે ખરો કે !) "—૨૮

* * * * *

स्वामिन् ! 'समुद्रविजया'वनिपालसूनो !
रत्तादीश्वरोऽत्र यदहार्यगतिं तवेमाम् ।
कान्तिं निवारयति विष्णुपदोदितां क-
स्तुङ्गोदयाद्रिशिरसीव सहस्ररश्मेः ॥ २९ ॥

टीका

हे स्वामिन् ! हे समुद्रविजयावनिपालसूनो !— हे समुद्रविजयभूपपुत्र ! अत्र-रैवतक-नगे भवानीधरः-स्वामी शब्दच्छलान्महादेवः स्यात्-भवतु । यद्-यस्मात् कारणात् को नरः तवेमां कान्तिम्-इच्छां शोभां वा निवारयति ? अपि तु न कोऽपीत्यर्थः । "कान्तिः शोभाकामनयोः" इति हैमानेकार्थः । कथंभूतां कान्तिं ? अहार्या-हर्तुमशक्या गतिः-गमनं यस्याः सा, अथवाऽहार्यवत् पर्वतवद् गतिर्दृढस्वरूपा यस्यां ऽहार्ये-पर्वते रैवतके गतिः-गमनं यस्याः सा, अथवा-तामिति । पुनः कथंभूतां कान्तिं ? विष्णोः-कृष्णस्य पदं अर्थात् क्रीडास्थानं रैवतकस्त ता-उदयं प्राप्ता, अथवा विष्णुपदवत्-आकाशवत् उदिता-उद्गता, शून्या अथवा विष्णुपदे-आकाशे भूमिगतं मनोहरवस्तुसार्थं विरा-
तामिति । महादेवस्यापि

पदोदितां-आकाशोद्गताम् । अथवा विष्णुपदादुदितां-प्रकटितां एवंविधां कान्ति-शोभां गङ्गामित्यर्थः । गङ्गा तु हरिचरणोद्गता हरशिरःस्थितेति लोकोक्तिः इत्युक्तिलेशः । यथा तुङ्गोदयाद्रिशिरसि-उच्चोदयाचलशिखरे सहस्ररश्मेः-सूर्यस्य कान्तिं को निवारयति ? । विष्णुपदे-आकाशे उदिताम् । शेषं यथोचितं योज्यमिति ॥२९॥

अन्वयः

(हे) स्वामिन् ! 'समुद्रविजय'-अवनिपाल-सूनो ! अत्र ईश्वरः स्यात् यद् तव इमां अहार्य-गतिं विष्णु-पद-उदितां कान्तिं तुङ्ग-उदय-अद्रि-शिरसि सहस्र-रश्मेः इव कः निवारयति ?।

શબ્દાર્થ

स्वामिन् ! (मू० स्वामिन्)=હે નાથ !
समुद्रविजय=સમુદ્રવિજય, કૃષ્ણના કાકા.
अवनिपाल=પૃથ્વીપતિ, રાજા.
सूनु=પુત્ર.
समुद्रविजयावनिपालसूनो !=હે સમુદ્રવિજય રાજાના પુત્ર.
स्यात् (धा० अस्)=હો.
ईश्वरः (मू० ईश्वर)=(૧) સ્વામી; (૨) મહાદેવ.
अत्र=અહિંઆ.
यद्=જેથી કરીને.
अहार्य=(૧) ચોરી નહિ શકાય એવું; (૨) પર્વત.
गति=ગતિ, ગમન.
अहार्यगतिं=(૧) હરી નહિ શકાય એવું ગમન છે જેનું તે; (૨) પર્વત પ્રતિ ગમન છે જેનું તે; (૩) પર્વતના સમાન ગતિ છે જેની તે.
तव (मू० युष्मद्)=તારી.
इमां (मू० इदम्)=આ.
कान्तिं (मू० कान्ति)=(૧) શોભાને; (૨) ગંગાને.
निवारयति (धा० वार्)=નિવારણ કરે.
विष्णु=કૃષ્ણ.
पद=(૧) ચરણ; (૨) સ્થાન.
विष्णुपद=(૧) કૃષ્ણનું ચરણ; (૨) કૃષ્ણનું સ્થાન; (૩) આકાશ.
उदित (धा० इ)=ઉદયમાં આવેલ.
विष्णुपदोदितां=(૧) કૃષ્ણના (ક્રીડા-) સ્થાનમાં ઉદયમાં આવેલી; (૨) આકાશની જેમ ઉદયમાં આવેલી; (૩) આકાશમાં ઉદય પામેલી; (૪) વિષ્ણુના ચરણમાંથી નીકળેલી.
कः (मू० किम्)=કોણ.
तुङ्ग=ઉચ્ચ, ઊંચો.
उदय=ઉદય.
अद्रि=ગિરિ, અચલ.
शिरस्=ચોચ, શિખર.
तुङ्गोदयाद्रिशिरसि=ઉચ્ચ ઉદયાચળના શિખર ઉપર.
इव=જેમ.
सहस्र=હજાર.
रश्मि=કિરણ.
सहस्ररश्मेः=હજાર કિરણ છે જેનાં તેની, સૂર્યની.

શ્લોકાર્થ

" હે નાથ ! હે સમુદ્રવિજય (નામના) નૃપતિના નન્દન ! અહિંઆ (અર્થાત્ આ ગિરનાર ગિરિ ઉપર) તું ઈશ્વર (મહાદેવ) હો, કારણ કે કૃષ્ણના (ક્રીડા-) સ્થાન (રૂપી આ પર્વત) ઉપર ઉદયમાં આવેલ [અથવા આકાશની જેમ ઉદયમાં આવેલ (અર્થાત્ નિરર્ગલ), અથવા આકાશમાં (નહિ કે સકલ મનોહર વસ્તુની મનોમોહક એવી ભૂમિને વિષે) ગયેલ] તેમજ (કોઈથી પણ) ન હરી શકાય એવી ગતિ છે જેની એવી [અથવા પર્વત પ્રતિ ગમન છે જેનું એવી અથવા પર્વતના સમાન (હાલવાની) ગતિ છે જેની એવી] તારી શોભાને, ઉચ્ચ

૧ મહાદેવના પક્ષમાં ' હિમાલય ' સમજવો.

ઉદયાચળના શિખરને વિષે (રહેલા) સૂર્યની આકાશને વિષે ઉદયમાં આવેલી તેમ[ની]
એવી કાન્તિની જેમ કોણ નિવારી શકે ?"—૨૯

* * * * *

सारेच्छुदुर्लभमतोऽफलमेव मन्ये
मुख्यं महेश ! महतोऽप्यपरोपकृत् ते ।
सिद्धागमार्थवरमुच्चदशं स्वरूप–
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ॥ ३० ॥

टीका

हे महेश !–हे महाप्रभो ! अहं ते–तव स्वरूपं–ध्यानावस्थागतरूपं अतः–कारणादफलं–नि[ष्फ]-
लमेव मन्ये–जानामि । कथंभूतं स्वरूपं ? मुख्यं –प्रधानमिति । पुनः कथंभूतं स्वरूपं ? सिद्धा–दे-
यास्तेषामागम–आगमनं तस्यार्थो–हेतुस्तेन वरं–श्रेष्ठम् । अथवा सिद्धः –प्रसिद्ध आगमानां–जिन-
प्रणीतशास्त्राणामर्थो–हेतुस्तेन वरमिति, आगमोत्पत्तिकारणत्वात् । "आगमस्त्वागतौ शास्त्रे" इति
हैमानेकार्थः । पुनः कथंभूतं स्वरूपं ? 'उच्चदशं' उच्चा–ऊर्ध्वा गुणस्थानापेक्षया दशाऽवस्था यस्य
तदुच्चदशम् । एवंविधमपि विशेषणद्वारेणाफलकारणमाह—पुनः कथंभूतं स्वरूपं ? अपरोपकृत्–परे-
षामनुपकारकं, तत्स्वरूपस्यानुभवगम्यत्वात् स्थूलमतीनामकिञ्चित्करम् । अथवा विषमस्थानस्थि-
तस्य दर्शनमपि दुर्लभमतो जनानामनुपकारकमिति । पुनः कथंभूतं स्वरूपं ? 'सारेच्छुदुर्लभं'
सारं–श्रेष्ठमिच्छतीति सारेच्छुस्तेन दुर्लभं–दुष्प्रापमिति । कथंभूतस्य ते ? महतो–महानुभाव-
स्यापि । किमिव तटमिव । यथाऽहं सुरगिरेः–मेरुपर्वतस्य शातकौम्भं–सुवर्णमयं तटं अतोऽफलं
मन्ये । कथंभूतं तटं ? मुख्यं–प्रधानम् । पुनः कथंभूतं तटं ? 'सिद्धेति' सिद्धाः–प्रसिद्धा आगमा
अगाः वृक्षाः भद्रशालनन्दनादिस्था अर्था(थ)अन्यवस्तूनि तैर्वरं–श्रेष्ठम् । पुनः कथंभूतं तटं ? उच्चद-
शम्-उच्चदशम् । पुनः कथंभूतं तटं ? उच्चैः–उन्नतम् । एवंविधमपि अफलकारणमाह—पुनः कथं-
भूतं तटं ? अपरोपकृत्–अनुपकारकम् । यतः कथंभूतं तटं ? सारेच्छुदुर्लभं–धनवाञ्छकनरदुष्प्राप-
मिति । कथंभूतस्य सुरगिरेः ? महतः–प्रौढस्येति ॥३०॥

अन्वयः

(हे) महत्-ईश ! (अहं) (महतः) सुर-गिरेः शातकौम्भं, (मुख्यं), (सिद्ध-आगम-अर्थ-
[व]रं, उच्च-दशं) उच्चैः, (अ-पर-उपकृत्, सार-इच्छु-दुर्लभं) तटं इव महतः अपि ते मुख्यं,
[सि]द्ध-आगम-अर्थ-वरं, उच्च-दशं स्वरूपं अ-पर-उपकृत्, सार-इच्छु-दुर्लभं अतः अ-फलं मन्ये ।

શબ્દાર્થ

[सार]=(૧) શ્રેષ્ઠ; (૨) ધન.
[इच्छु]=ઈચ્છનાર.
[दुर्लभ]=દુર્લભ.

सारेच्छुदुर्लभं=શ્રેષ્ઠની (અથવા ધનની) ઈચ્છા
રાખનારને દુર્લભ.
अतस्=એથી કરીને.

१-१ 'पदमिति' इति ख-पाठः ।

अफलं (मू० अफल)=निरर्थक.
एव=જ.
मन्ये (धा० मन्)=હું માનું છું.
मुख्यं (मू० मुख्य)=મુખ્ય, પ્રધાન.
महत्=મોટા.
ईश=નાથ.
महेश!=હે મહાપ્રભુ !
महतः (मू० महत्)=(१) મહાન (પુરૂષ)ની; (२) પ્રૌઢની.
पर=અન્ય.
उपकृत्=ઉપકાર કરનારૂં.
अपरोपकृत्=અન્યને નહિ ઉપકાર કરનારૂં.
ते (मू० युष्मद्)=તારૂં.
सिद्ध=(१) દેવ; (२) પ્રસિદ્ધ.
आगम=(१) આગમન; (२) શાસ્ત્ર; (३) વૃક્ષ.
अर्थ=(१) હેતુ; (२) વસ્તુ.
वर=શ્રેષ્ઠ.
सिद्धागमार्थवरं=(१) દેવોના આગમનના હેતુ લઇને શ્રેષ્ઠ; (२) આગમોનો હેતુ પ્રસિ[ddha] હોવાને લીધે શ્રેષ્ઠ; (३) પ્રસિદ્ધ વૃક્ષો તેમ[જ] વસ્તુઓ વડે ઉત્તમ.
उच्च=ઊંચી.
दशा=અવસ્થા.
उच्चदशं=ઊંચી છે અવસ્થા જેની તે.
स्वरूपं (मू० स्वरूप)=સ્વરૂપ.
उच्चैः=ઉન્નત, ઊંચું.
तटं (मू० तट)=શિખર.
सुर=દેવ.
गिरि=પર્વત.
सुरगिरेः=સુરગિરિના, મેરૂના.
इव=જેમ.
शातकौम्भं (मू० शातकौम्भ)=સુવર્ણમય.

શ્લોકાર્થ

" હે મહાપ્રભુ ! જેમ પ્રૌઢ એવા મેરૂ પર્વતનું પણ મુખ્ય, સુવર્ણમય, પ્રસિદ્ધ (ચન્દના-દિક) વૃક્ષો તેમજ (અન્ય) વસ્તુઓ વડે ઉત્તમ, વળી ઉચ્ચ દશાવાળું એવું તેમજ ઉન્નત એવું શિખર અન્ય જનોને નહિ ઉપકાર કરનારૂં (હોવાથી), તેમજ ધનની ઇચ્છા રાખનારને દુર્લભ (હોવાથી) નિરર્થક છે, તેમ મહાનુભાવ જેવા તારા પણ પ્રધાન, વળી દેવોના આગમનને લઇને શ્રેષ્ઠ [અથવા (જિન-પ્રણીત) આગમોનો હેતુ પ્રસિદ્ધ હોવાને [illegible] મ], તથા વળી (ગુણ-સ્થાનની અપેક્ષાએ) ઉચ્ચ અવસ્થાવાળા એવા સ્વરૂપને (સ[illegible] [illegible]પૂજ્ય હોવાને લીધે અથવા વિષમ સ્થાનમાં તારો વાસ હોવાથી તારા દર્શ[illegible]) અન્ય (જનો) પ્રતિ ઉપકાર નહિ ક[illegible] (હોવાને લીધે) તે[illegible] દુર્લભ હોવાને લીધે હું નિરર્થક મ[illegible] ३०

[illegible]

देवार्चित !

[illegible]

हे देवार्चित !–हे [illegible]
किं अस्तु–भवतु । एवं [illegible]

अशीतकरः-सूर्य एवातपत्रं-छत्रमिति। तृतीयं 'वातोचेति' वातेनोच्चलन्त-ऊर्ध्वोद्गच्छन्तो वितता-विस्तीर्णभावं प्राप्ता निर्झरा एव चामरं इत्येवं त्रिकमिति। कथंभूतं (?) त्रिकं किं कुर्वत् ? त्रिजगतः-त्रिभुवनस्य परमेश्वरत्वं प्रख्यापयत्-कथयत् इति शेषोक्तिः ॥ ३१ ॥

अन्वयः

(हे) देव-अर्चित ! इद तव त्रि-जगतः परमेश्वरत्वं प्रख्यापयत् उच्च-उपल-आसनं, अ-शीत-कर-आतपत्रं, वात-उच्चलत्-वितत-निर्झर-चामरं च त्रिकं एवं एव अस्तु ।

शब्दार्थ

उच्च=उच्च, ઊંચા.
उपल=પથ્થર.
आसन=આસન, બેઠક.
उच्चोपलासनं= ઊંચા પથ્થરરૂપી આસન.
शीत=શીતળ.
कर=કિરણ.
अशीतकर=ઉષ્ણ છે કિરણ જેનાં તે, સૂર્ય.
आतपत्र=તાપથી રક્ષણ કરનાર, છત્ર.
अशीतकरातपत्रं=સૂર્યરૂપી છત્ર.
वात=પવન.
उच्चलत् (धा० चल्)=ઊંચે જતું.
वितत (धा० तन्)=વિસ્તીર્ણ.
निर्झर=ઝરો.
चामर=ચામર.
वातोच्चलद्विततनिर्झरचामरं=પવન વડે ઊંચા જતા તેમજ વિસ્તીર્ણ એવા ઝરારૂપી ચામર.

च=અને.
देव=સુર.
अर्चित (धा० अर्च्)=પૂજાયેલ, પૂજિત.
देवार्चित !=હે સુરો વડે પૂજિત !
त्रिक=ત્રણનો સમુદાય.
इद=અત્ર.
अस्तु (धा० अस्)=હો.
तव (मू० युष्मद्)=તારો.
एवं=એમ.
एव=જ.
प्रख्यापयत् (धा० ख्या)=જાહેર કરતું.
त्रि=ત્રણ.
जगत्=દુનિયા, ભુવન.
त्रिजगतः=ત્રિભુવનના.
परमेश्वरत्वं (मू० परमेश्वरत्व)=પરમેશ્વરપણાને.

શ્લોકાર્થ

" હે સુરો વડે પૂજિત (પ્રભુ)! અત્ર (અર્થાત્ આ પૃથ્વીને વિષે) ત્રિભુવનના પરમેશ્વર-પણાને જાહેર કરનારો એવો તારો (૧) ઉચ્ચ પત્થર રૂપી આસન, (૨) [illegible] છત્ર અને (૩) પવન વડે ઊંચા જતા તેમજ વિસ્તીર્ણ એવા ઝરારૂપી ચામર એ [illegible] હો. "—31

उक्तेष्वमीषु वचनेषु मयाऽमृतानि
जानीध्वमाद्दतरुपाऽप्यनु[illegible] ।
नेत्रादिषु प्रथितसाम्यगुणेन मे हि
पद्मानि तत्र विबुधाः [illegible] ॥ ३२ ॥

टीका

हे नेमे ! यूयं अमीषु वचनेषु अमृतानि-[illegible]
मयोक्तेषु-भाषितेषु [illegible]

अनुरागयोजनेन । हीत्युपप्रदर्शने । विबुधाः-पण्डिता मे-मम तत्र नेत्रादिषु पद्मानि-कमला परिकल्पयन्ति-कथयन्ति । केन ? प्रथितसाम्यगुणेन-विख्याततुल्यगुणेनेति, यथा नेत्रे कम मुखे कमलमित्याद्युपमानं धृतं, तथा वचनेष्वमृतोपमानमिति ॥ ३२ ॥

अन्वयः

(हे 'नेमे !') आदृत-रुपा अपि मया अनुराग-युक्त्या उक्तेषु अमीषु वचनेषु अमृतानि जानीध्वम् हि विबुधाः मे तत्र नेत्र-आदिषु प्रथित-साम्य-गुणेन पद्मानि परिकल्पयन्ति ।

શબ્દાર્થ

उक्तेषु (मू० उक्त)=ઉચ્ચારેલ.
अमीषु (मू० अदस्)=આ.
वचनेषु (मू० वचन)=વચનોને વિષે.
मया (मू० अस्मद्)=મારાથી.
अमृतानि (मू० अमृत)=અમૃતો.
जानीध्वं (धा० ज्ञा) તમે જાણો.
आदृत (धा० दृ)=આદરેલો, ધારણ કરેલો.
रुष्=ક્રોધ, ગુસ્સો.
आदृतरुपा=ધારણ કર્યો છે ક્રોધ જેણે એવી.
अपि=પણ.
अनुराग=પ્રીતિ.
युक्ति=યોગ, સંબંધ.
अनुरागयुक्त्या=પ્રીતિના સંબંધથી.
नेत्र=આંખ.
आदि=પ્રમુખ.
नेत्रादिषु=નેત્રાદિકને વિષે.
प्रथित (धा० प्रथ्)=પ્રખ્યાત.
साम्य=તુલ્ય.
गुण=ગુણ.
प्रथितसाम्यगुणेन=પ્રસિદ્ધ તુલ્ય ગુણે કરીને.
मे (मू० अस्मद्)=મારાં.
हि=કેમકે.
पद्मानि (मू० पद्म)=પદ્મો.
तत्र=ત્યાં.
विबुधाः (मू० विबुध)=પણ્ડિતો.
परिकल्पयन्ति (धा० क्लृप्)=કહે છે.

શ્લોકાર્થ

" (હે નેમિનાથ !) જેણે કોપ ધારણ કર્યો છે એવી (અર્થાત્ મારો અનાદર કરતા હોવાથી તમારા પ્રતિ ગુસ્સે થયેલી એવી) હું હોવા છતાં પણ મારાથી પ્રીતિપૂર્વક ઉચ્ચારાયેલાં આ વચનોને વિષે તમે અમૃતની કલ્પના કરો, કેમકે પણ્ડિતો મારા નેત્ર (મુખ) આદિમાં પ્રસિદ્ધ સાદૃશ્ય ગુણ હોવાને લીધે કમલની કલ્પના કરે છે. "—૩૨

* * * *

मत्स्वाम्यहं च मुखनेत्रजितावमुष्या
नीतोष्णतामिति मदेन मृगेण मन्ये ।
दाहाय मे प्रकृतिरीश ! विधोर्यथाऽस्ति
तादृक् कुतो ग्रहगणस्य विकाशिनोऽपि ? ॥ ३३ ॥

टीका

हे ईश !-हे स्वामिन् ! यथा-येन प्रकारेण विधोः-चन्द्रस्य प्रकृतिः-ज्योत्स्नामयस्वभावः ईदृशं मे-मम दाहाय-मर्म्मीकरणाय अस्ति, तादृक्-तादृशी विकाशिन-उद्योतमानोऽपि

ग्रहगणस्य-उडुगणस्य प्रकृतिः कुतोऽस्ति ? नास्तीत्यर्थः । अहमेवं मन्ये । कथंभूता प्रकृतिः
इति उष्णतां नीता-उष्णत्वं प्रापि(प्रापि)ता । केन ? मृगेण-लाञ्छनमिषहरिणेन । केन
कारणभूतेन ? मदेन-कस्तूरिकया । इतीति किं ? मत्स्वामी-मम स्वामी चन्द्रः च-पुनः अहं
मृगः इमौ द्वौ अमुष्या-राजीमत्या मुखनेत्रजितौ-राजीमतीमुखनेत्राभ्यां पराभूतौ, पीडिताविति
स्पर्धः । इति हेतोः । "मदः कस्तूरिकायां च" इत्यनेकार्थः ॥ ३३ ॥

अन्वयः

(हे) ईश ! यथा मत्-स्वामी अहं च अमुष्याः मुख-नेत्र-जितौ इति मृगेण मदेन उष्णतां नीता विधोः प्रकृतिः मे दाहाय अस्ति, तादृक् (प्रकृतिः) विकाशिनः अपि ग्रह-गणस्य कुतः ? इति मन्ये ।

શબ્દાર્થ

स्वामिन्=સ્વામી, નાથ.
मत्स्वामी=મારો નાથ.
अहं (मू० अस्मद्)=હું.
च=અને.
मुख=વદન.
जित (धा० जि)=જીતાયેલ.
मुखनेत्रजितौ=મુખ અને નેત્ર વડે જીતાયેલ.
अमुष्याः (मू० अदस्)=આની.
नीता (धा० नी)=લઇ જવાયેલી.
उष्णतां (मू० उष्णता)=ગરમી પ્રતિ.
इति=એમ.
मदेन (मू० मद)=કસ્તૂરી દ્વારા.
मृगेण (मू० मृग)=હરણથી.
मन्ये (धा० मन्)=હું માનું છું.

दाहाय (मू० दाह)=સંતાપને અર્થે.
मे (मू० अस्मद्)=મારા.
प्रकृतिः (मू० प्रकृति)=પ્રકૃતિ, સ્વભાવ.
ईश ! (मू० ईश)=હે સ્વામી !
विधोः (मू० विधु)=ચન્દ્રની.
यथा=જેમ.
अस्ति (धा० अस्)=છે.
तादृक् (मू० तादृश्)=તેવી.
कुतः=ક્યાંથી.
ग्रह=ગ્રહ.
गण=સમુદાય.
ग्रहगणस्य=ગ્રહોના સમુદાયની.
विकाशिनः (मू० विकाशिन्)=પ્રકાશમાન.
अपि=પણ.

શ્લોકાર્થ

"હે નાથ ! મારો સ્વામી તેમજ હું આ (રાજીમતી)નાં મુખ અને નેત્રો વડે જીતાયા
થી કરીને (કોપાયમાન થયેલા) હરણ વડે કસ્તૂરી દ્વારા ઉષ્ણતાને પામેલી એવી ચન્દ્રની (શીતળ)
તિ (પણ) જેમ મારા પરિતાપાર્થે છે, તેવી પ્રકૃતિ પ્રકાશમાન એવા ગ્રહોના સમુદાયની પણ
ક્યાંથી-હોઇ શકે એમ હું માનું છું."—૩૩

* * * * * *

अत्रैव पश्य परमां पर ! कैरविण्यां
ज्योत्स्नाप्रिये च वितनोति रतिं शशाङ्कः ।
स्नेहान्वितः परिवृढो विमुखोऽयनं हि
दृष्ट्वाऽभयं भवति नोभवदाश्रितानाम् ॥ ३४ ॥

टीका

हे पर !–उत्कृष्ट ! अथवा पर ! शत्रुरिव प्रतिकूलत्वात् । अत्र–अस्मिन् प्रसिद्ध एव पदार्थे त्वं पश्य–विलोकय । हे नेमे ! शशाङ्कः–चन्द्रः कैरविण्यां–कुमुद्वत्यां च–पुनर्ज्योत्स्नाप्रिये–चकोरविहङ्गमे परमां–उत्कृष्टां रतिं–रागं वितनोति–विस्तारयति । हि–यस्मात् स्नेहान्वितः–प्रीतियुक्तः परिवृढः–स्वामी विमुखः–पराङ्मुखो न भवति । किं कृत्वा ? उभवत् उभयोः–द्वयोः कुमुदिनीचकोरयोरिव आश्रितानां–सेवकानां अभयं–भयरहितं अयनं–मार्गं गृहं वा दृष्ट्वेति । निजस्वामी सेवकानां मार्गं गृहं वा गच्छति सङ्गमार्थं प्रीत्येत्यर्थः । इति राजीमत्या विप्रलम्भाधिकारः (संपूर्णः)[1] ॥ ३४ ॥

अन्वयः

(हे) पर ! अत्र एव पश्य ! शश–अङ्कः कैरविण्यां ज्योत्स्ना–प्रिये च परमां रतिं वितनोति, हि स्नेह–अन्वितः परिवृढः उभ–वत् आश्रितानां अयनं अभयं दृष्ट्वा विमुखः न भवति ।

શબ્દાર્થ

अत्र=અહિંઆ.
एव=જ.
पश्य (धा० दृश्)=તું જો.
परमां (मू० परमा)=ઉત્કૃષ્ટ.
पर ! (मू० पर)=(१) હે શ્રેષ્ઠ; (२) હે શત્રુ !
कैरविण्यां (मू० कैरविणी)=કુમુદિનીને વિષે.
ज्योत्स्ना=ચન્દ્ર-પ્રભા, ચાંદરણી.
प्रिय=પ્રિય, વલ્લભ.
ज्योत्स्नाप्रिये=ચન્દ્ર-પ્રભા [illegible] પ્રિય જેને તેને વિષે, ચકોરને વિષે.
च=અને.
वितनोति (धा० तन्)=વિસ્તારે છે.
रतिं (मू० रति)=પ્રીતિને.
शश=મૃગ.
अङ्क=ચિહ્ન, લાંછન.
शशाङ्कः=મૃગ [illegible] લાંછન જેનું તે, ચન્દ્ર.
स्नेह=પ્રીતિ.
अन्वित (धा० इ)=યુક્ત, સહિત.
स्नेहान्वितः=પ્રીતિથી યુક્ત.
परिवृढः (मू० परिवृढ)=સ્વામી.
विमुखः (मू० विमुख)=વિમુખ, પ્રતિકૂલ.
अयनं (मू० अयन)=ગૃહને.
हि=કેમકે.
दृष्ट्वा (धा० दृश्)=જોઇને.
अभयं (मू० अभय)=નિર્ભય, ભયરહિત.
भवति (धा० भू)=થાય છે.
न=નહિ.
उभ=બે.
वत्=માફક.
उभवत्=બેની માફક.
आश्रितानां (मू० आश्रित)=આશ્રય લીધેલાના.

શ્લોકાર્થ

" હે શ્રેષ્ઠ (સ્વામી) ! [અથવા (મારા જેવા તરફ પ્રતિકૂળ હોવાથી) હે શત્રુ !] તું અહિંઆજ જો. ચન્દ્ર કુમુદિની પ્રતિ તેમજ ચકોર (પક્ષી) પ્રતિ (કેવી) ઉત્કૃષ્ટ પ્રીતિનો વિસ્તાર કરે છે. તેનું કારણ એ છે કે પ્રીતિયુક્ત સ્વામી આ બે (કુમુદિની અને ચકોર)ના જેવા આશ્રિત (જનો)નો માર્ગ [કે તેમનું ગૃહ] નિર્ભય જોઇને તેનાથી વિમુખ થતો નથી (અર્થાત તે સેવકના માર્ગે અથવા ગૃહ તરફ સંગમાર્થે જાય છે). "—૩૪

1 'सम्पूर्णः' इत्यधिको ख-पाठः ।

શૃંગાર-અધિકાર—

શૃંગાર રસ એ નવ રસો પૈકી પ્રથમ છે. આ રસના સંભોગાત્મક શૃંગાર અને વિપ્રલમ્ભાત્મક શૃંગાર એમ બે પ્રકારો પડે છે. આ વાતની વાગ્ભટાલંકારના પંચમ પરિચ્છેદનું નિમ્ન-લિખિત પંચમ પદ્ય સાક્ષી પૂરે છે:—

"अन्यपरस्योर्मिथो रत्यां, वृत्तिः शृङ्गार उच्यते ।
सयोगो विप्रयोगश्चे—त्येष तु द्विविधो मतः ॥"

તેમાં વિપ્રલમ્ભાત્મક શૃંગારના પૂર્વાનુરાગ, માન, પ્રવાસ અને કરુણા આશ્રીને ચાર પ્રકાર પડે છે. તેમાં પૂર્વાનુરાગનું લક્ષણ એ છે કે—

"स्त्रीपुंसयोर्नवालोक-येयोल्लसितरागयोः ।
ज्ञेयः पूर्वानुरागोऽय-मपूर्णस्पृहयोर्दशा ॥"

—વાગ્ભટાલંકાર, પ૦ ૫, શ્લો૦ ૧૮

અર્થાત્ નૂતન દર્શનમાત્રથી જેમનામાં રાગ ઉત્પન્ન થયો છે તેમજ જેમની અભિલાષા અપૂર્ણ છે એવા સ્ત્રી-પુરૂષોની અવસ્થા તે 'પૂર્વાનુરાગ' છે.

માન અને પ્રવાસના સંબંધમાં આ પછીનો નીચે મુજબનો શ્લોક પ્રકાશ પાડે છે:—

"मानोऽन्यवनितासङ्ग-दीर्ष्याविकृतिरुच्यते ।
प्रवासः परदेशस्थे, प्रिये विरहसम्भवः ॥"

અર્થાત્ (પતિએ કરેલા) અન્ય અંગનાના સંગથી (પત્નીમાં) જે ઇર્ષ્યાથી વિકાર ઉત્પન્ન થાય છે તે 'માન' છે; જ્યારે પ્રિય પરદેશમાં હોય, ત્યારે વિરહને લઇને ઉત્પન્ન થતો વિપ્રલમ્ભ-પ્રકાર તે 'પ્રવાસ' છે.

કરૂણાત્મક શૃંગારનું સ્વરૂપ આ પછીના શ્લોકમાં નીચે મુજબ આપ્યું છે:—

"स्यादेकतरपञ्चत्वे, दम्पत्योरनुरक्तयोः ।
शृङ्गारः करुणाख्योऽयं, वृत्तवर्णन एव सः ॥"

અર્થાત્ એક એકના અનુરાગી દમ્પતીમાંથી એકનું મરણ થતાં જે રસ ઉદ્ભવે છે તે કરૂણાત્મક શૃંગાર છે અને આ રસ તો વૃત્ત-વર્ણનમાં-સંપૂર્ણ પ્રબન્ધમાંજ હોઇ શકે છે.

---

1 રસનું લક્ષણ—

"विभावैरनुभावैश्च, सात्त्विकैर्व्यभिचारिभिः ।
आरोप्यमाण उत्कर्षः, स्थायीभावो रसः स्मृतः ॥"

—વાગ્ભટાલંકાર, પ૦ ૫, શ્લો૦ ૧

2 રસ-ભાવો—

"शृङ्गारवीरकरुणा-हास्याद्भुतभयानकाः ।
रौद्रबीभत्सशान्ताश्च, नवैते निश्चिता बुधैः ॥"

—વાગ્ભટાલંકાર, પ૦ ૫, શ્લો૦ ૨

3 આ રસને કેટલાક કરૂણ રસ તરીકેજ ઓળખાવે છે અને તેમના મત પ્રમાણે વિપ્રલમ્ભાત્મકના એક ભેદ નથી, એટલે એના તેઓ પૂર્વાનુરાગ, માન અને પ્રવાસ એમ ત્રણ ભેદોજ સ્વીકારે છે (જુઓ હેમચન્દ્રસૂરિકૃત કાવ્યાનુશાસનનો બીજો અધ્યાય.

આ ઉપરથી જોઇ શકાય છે કે રાજીમતી અને નેમિનાથને લગતો શૃંગાર-રસ સંયોગાત્મક નહિ હોવાથી તે વિપ્રલમ્ભાત્મક છે. તેમાં પણ તે નેમિનાથ પ્રભુ તોરણે આવ્યા, ત્યાં સુધી તો તેને પૂર્વાનુરાગ કહી શકાય. તોરણેથી પાછા ફર્યા ત્યાર પછીથી તો એકદા પ્રવાસાત્મક રસનો પ્રારંભ ગણી શકાય અને જ્યારે તેમણે સિદ્ધિ-સુન્દરીને વરવાને માટે તપ કરવા માંડ્યું ત્યારથી માંડીને તે રાજીમતીએ જ્યાં સુધી દીક્ષા લેવાનો વિચાર ન કર્યો ત્યાં સુધી તેને માનાત્મક શૃંગાર ગણી શકાય.

એ તો દેખીતી વાત છે કે શૃંગારના સ્થાનમાં વૈરાગ્ય ઉત્પન્ન થવાથી આ રસનો નાશ થાય છે અને વૈરાગ્યનો પ્રાદુર્ભાવ થાય છે. તે પ્રમાણે આ પદ્ય સમાપ્ત થતાં વિપ્રલમ્ભાત્મક શૃંગારનો અધિકાર સમાપ્ત થાય છે અને વૈરાગ્યની શરૂઆત થાય છે.

* * * * *

माकन्दवृन्दवनराजिपदे निरेनो–
ऽसह्योऽप्यहो ! सकलकेवलसम्पदाप्तेः ।
सालत्रयं भविभृतं भुवि मोहभूपो
नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ॥ ३५ ॥

टीका

निर्गतमेनः–पापं यस्मात् स निरेनास्तस्य संबोधने हे निरेनः !–हे निष्पाप ! अहो इत्याश्चर्ये असह्योऽपि–असहनीयोऽपि मोहभूपः–सकलकर्मनायको मोहराजः सालत्रयं–वप्रत्रिकं नाक्रामति–न पीडयति । कथंभूतं सालत्रयं ? ते–तव क्रमयुगाचलसंश्रितं–चरणयुगलपर्यताश्रितम् । पुनः कथंभूतं सालत्रयं ? भविभृतं–देवैर्नरैस्तिर्यग्भिः पूर्णम् । कथंभूतस्य ते ? 'सकलेति' सकलं–सम्पूर्णं यद् केवलं–केवलज्ञानं तस्य सम्पद् आप्तिः–प्राप्तिर्यस्य स तस्य सकलकेवलसम्पदाप्तेः । कस्मिन् ? 'माकन्देति' माकन्दा–आम्रास्तेषां वृन्दानि यस्मिंस्तत् एवंविधं यद् वनं तस्य राजिः–श्रेणिस्तस्याः पदे–स्थाने रैवतके । आधारे सप्तमी । श्रीनेमेः केवलज्ञानं रैवतके समुत्पन्नमिति ॥ ३५ ॥

अन्वयः

(हे) निर्-एनः ! अहो अ-सह्यः अपि मोह-भूपः माकन्द-वृन्द-वन-राजि-पदे सकल-केवल-सम्पद्-आप्तेः ते क्रम-युग-अचल-संश्रितं भविन्-भृतं साल-त्रयं भुवि न आक्रामति ।

શબ્દાર્થ

माकन्द=આમ્ર, આંબો.
वृन्द=સમૂહ.
वन=વન, જંગલ.
राजि=શ્રેણિ.
पद=સ્થાન.
माकन्दवृन्दवनराजिपदे=આમ્રના (વૃક્ષ) સમૂહો છે જેમાં એવાં વનોની શ્રેણિના સ્થાનમાં.

१ 'सम्पदवाप्तेः' इति ख-पाठः ।

निर्=અ-ભાવવાચક અવ્યય.
एनस्=પાપ.
निरेनाः!=હે પાપ-રહિત !
सह्य=ખમી શકાય તેવો.
असह्यः=અસહનીય.
अपि=પણ.
अहो=અહો.
सकल=સંપૂર્ણ.
केवल=કેવલ (જ્ઞાન).
सम्पद्=લક્ષ્મી.
आप्ति=પ્રાપ્તિ.
सकलकेवलसम्पदाप्तेः=સંપૂર્ણ કેવલ(જ્ઞાન)રૂપી લક્ષ્મીની પ્રાપ્તિ (થઇ) છે જેને તેના.
साल=વૃક્ષ.
व्रय=વૃક્ષનો સમુદાય.
सालव्रयं=વૃક્ષ ઘટો.

भविन्=ભવ્ય.
भृत (धा० भृ)=પૂર્ણ, ભરપૂર.
भविभृतं=ભવ્યોથી ભરપૂર.
भुवि (मू० भू)=પૃથ્વી ઉપર.
मोह=મોહ.
भूप=રાજા.
मोहभूपः=મોહરાજા.
न=નહિ.
आक्रामति (धा० क्रम्)=આક્રમણ કરે છે.
क्रम=ચરણ.
युग=યુગલ, જોડું.
अचल=પર્વત.
संश्रित (धा० श्रि)=આશ્રય લીધેલ.
क्रमयुगाचलसंश्रितं=ચરણ-યુગલરૂપી પર્વત વડે આશ્રિત.
ते (मू० युष्मद्)=તારા.

સર્વજ્ઞતાનો પ્રભાવ—

શ્લોકાર્થ

" હે પાપરહિત (પ્રાણનાથ) ! આમ્ર (વૃક્ષો)ના સમુદાયોથી યુક્ત વનોની કેલિના સ્થાનમાં (અર્થાત્ ગિરનાર પર્વત ઉપર) જેને સંપૂર્ણ કેવલ(જ્ઞાન)રૂપી લક્ષ્મીની પ્રાપ્તિ (થઇ) છે એવા તારા ચરણ-યુગલરૂપી પર્વતો વડે આશ્રિત તેમજ ભવ્ય (જીવોના આગમન) વડે પૂર્ણ એવા ગઢોનું અસહનીય (પ્રતાપવાળો) એવો મોહરાજ (પણ) આક્રમણ કરતો નથી એ આશ્ચર્ય છે. "—૩૫

अथ नेमिस्तुतिद्वारं प्रकटयन्नाह—

इत्युत्सुका गतिविनिर्जितराजहंसी
'राजीमती' दृढमतिः सुसती यतीशम् ।
इन्द्रैः स्तुतं ह्युपययाविति नोऽसुखाग्निं
त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ॥ ३६ ॥

१ વિચારો—

" [illegible]
[illegible]
[illegible]
[illegible] "
—[illegible]

टीका

हीति निश्चितं राजीमती यतीशं–साधुस्वामिनं नेमिनं इति उपययौ–समीपं जगाम। कथंभूता राजीमती ? इत्युत्सुका–सादरा। इतीति किं तत् ? प्रभुसमीपं मोहभूपपीडारहितमिति हेतोः। पुनः कथंभूता राजीमती ? 'गतिविनिर्जितराजहंसी' स्पष्टम्। पुनः कथंभूता राजीमती ? दृढमतिः–निश्चलबुद्धिः। पुनः कथंभूता राजीमती ? सुसती–शुभसाध्वी। कथंभूतं यतीशं ? इन्द्रैः स्तुतंकीर्तितम्। इतीति किं ? हे नेमे ! त्वन्नामकीर्तनजलं–तव नामस्तवनमेव नीरं कर्तृपदं नः–अस्माकं असुखाग्निं–दुःखानलं अशेषं–समस्तं शमयति–स्फेटयति ॥ ३६ ॥

अन्वयः

इति उत्सुका गति-विनिर्जित-राजहंसी दृढ-मतिः सु-सती 'राजीमती' त्वद्-नामन्-कीर्तन-जलं नः अ-शेषं अ-सुख-अग्निं हि शमयति इति इन्द्रैः स्तुतं यति-ईशं उपययौ।

શબ્દાર્થ

इति=એમ.
उत्सुका (मू० उत्सुक)=આતુર.
गति=ચાલ.
विनिर्जित (धा० जि)=જીતેલ.
